


# યુસુફે ઝહરા

## ઈમામ મહદી (અ.સ.) ની ખિદમતમાં

## મજલીસે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)

## (ભાગ :- ૨૧)





સંકલન અને પ્રકાશક :-

યુસુફે ઝહરા (અ.સ.) પબ્લીકેશન, મહુવા

M.7567382220



Metro Computer 9824504100

બીસ્મિલ્લાહિર રહમાનીર રહીમ.     બીસ્મેહી તઆલા વ બે ઝીક્રે વલીય્યેહી

# યુસુફે ઝહરા ઈમામ મહદી (અ.સ.)ની ખીદમતમાં

# મજાલીસે હઝરત ફાતેમા ઝહરા સ.અ

## (ભાગ-૨૧)

**આ કિતાબ ખાતુને જન્નત જ. ફાતેમા ઝહરા (સ.અ.)ની ખિદમતમાં હદીયો કરીએ છીએ.**

**હદીયો : વકફ**


**: સંકલન અને પ્રાપ્તિસ્થાન :**

**યુસુફે ઝહરા પબ્લીકેશન**

**૧૦૧/૭, કાઝમૈન સોસાયટી, ફાતેમા સોસાયટી રોડ,**

**ગોલ્ડન લીફ પાસે, મહુવા-૩૬૪૨૯૦**

**મો. નં. ૭૫૬૭૩૮૨૨૨૦**

**http:/www.yusufezehra.com**

**બીસ્મિલ્લાહિર રહમાનીર રહીમ.     બીસ્મેહી તઆલા વ બે ઝીક્રે વલીય્યેહી**

અનુક્રમણિકા

મજલીસ 1: ન્યાઝ્ના તબર્રુકના કપમાં કૌસરનું પાણી........................6

મજલીસ 2 એ મજલીસ જેમાં હઝરત ઝહરા (સ.અ.) ખુદ હાજર રહ્યા...........................................................................................9

મજલીસ 3: હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવ્વસુલ થકી મહેમાનોની મેઝબાની..........................................................................13

મજલીસ 4: હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની મદદથી ફાંસીની સજાથી મુક્તિ મળી......................................................................16

મજલીસ 5: હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની મદદ થકી સૈયદ યહ્યાની નજાત.........................................................................20

મજલીસ 6: ઈમામ હુસૈન(અ.સ.)ની મજલીસ પ્રત્યે વફાદારી............ 24

મજલીસ 7: એક ઈજનેરનો અહદ અને હઝરતફાતેમા ઝહરા(સ.અ.) માટે મજલીસ..........................................................................26

મજલીસ 8: શૈખ અલી યઝ્દી અને મક્કામાં મૌતથી બચી જવું...........31

મજલીસ 9: હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની કનીઝોમાં શુમાર થવાની એક માતાની તમન્ના, જનાબે અલી અકબર અ.સ.ના મસાએબ........... 37

મજલીસ 10: હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની ઈનાયતથી મળેલુ ઘર...42

મજલીસ 11: તબર્રુકનો એહ્તેરામ અને સબક ……………………………….44

મજલીસ 12: સિદ્દીક કોણ ? .........................................................45

મજલીસ 13:  મજલીસે અઝા કરવાથી 3 દુઆ કબુલ થઇ ................48
મજલીસ 14: એક ઈસાઈ માતા હઝરત ઝહરા સ.અ.ના વસીલાથી દીકરાની શિફા મેળવે છે... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .......50
મજલીસ 15: બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ થકી એક આલીમની શિફા... ... ... ... ... ... ........................................................52
મજલીસ 16: ગુમરાહ યુવાનની નામે ફાતેમાથી હિદાયત ... ... ... ... .........54
મજલીસ  17: હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ થકી એક જર્મન છોકરીને મળેલ શિફા... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .....58
મજલીસ 18: બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ના વસિલા થકી હિદાયત....61
મજલીસ 19: એ ભાઈ કે જેને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) થકી નજાત મળી.... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .............................................63
મજલીસ ૨૦ સૈયદની ખિદમત અને ખ્વાબમાં પંજેતને પાકની દુઆ અને કરબલાની ઝિયારત નસીબ થઇ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .......68
મજલીસ 21: હઝરત ફાતેમા સ.અ. થી તવસ્સુલ અને ઈમામ મહદી અ.સ. થકી મદદ...........................................................................70
મજલીસ 22: હઝરત ઝહરા સ. અ થી તવસ્સુલ અને સખ્ત દર્દથી શિફા મળી................................................................................72
મજલીસ 23: ફાતેમા ઝહરા(સ.અ.) ની મદદથી શીઆ બની  અને તેને ઔલાદ મળી .......................................................................74
મજલીસ 24: જ.ઝહરા સ.અ.થી તવસ્સુલ અને બરફના તુફાનમાંથી નજાત... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .......77

મજલીસ 25: જ.ઝહરા સ.અ.થી તવસ્સુલ અને બિમાર પિતાને શિફા મળવું... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .......79

મજલીસ 26: એક લેખકની ઈલ્તેજા (વિનંતી) અને શેહ્ઝાદી ફાતેમા અ.સ.ની મદદ ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...82

મજલીસ 27: આલીમે દીનની પત્નીની શિફા માટે હઝરત ફાતેમા સ.અ.એ દુઆ કરી... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ..84

મજલીસ 28: જન્નતુલ બકીઅમાં ગિરફતારી અને જ.ઝહરા સ.અ.ના કરમથી આઝાદી મળી... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ......86

મજલીસ 29: જ ઝહરા સ.અ. ની ઈનાયત અને પ્લેન દુર્ઘટનામાં બચાવ (મૌત ૫ સેકન્ડ દુર હતું..)... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ....89

મજલીસ 30: એક લેખકની દુન્યવી લાલચનું ઈમ્તેહાન, તૌબા અને તૌફીકનું પરત મળવું... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... .....................91

બીસ્મિલ્લાહિર રહમાનીર રહીમ.     બીસ્મેહી તઆલા વ બે ઝીક્રે વલીય્યેહી

## મજલીસ : 1 ન્યાઝ્ના તબર્રુકના કપમાં કૌસરનું પાણી

એક ખતીબ હતા જે જ્યારે મોહર્રમ મહિનો આવતો ત્યારે મિમ્બર પર જતા અને ઈમામ હુસૈન(અ.સ.) માટે મસાએબ પઢતા. લોકોને તેમની તકરીરો પ્રત્યે ખૂબ જ મોહબ્બત હતી અને તેઓ તેમની પાસે બેસીને એહલેબૈત(અ.મુ.સ.)ની મઝલુમીય્યત પર રડતા હતા.

તેમને મજલીસમાં પીરસાતી ચા પીવાની આદત ન હતી. તે સમયે પાણીની વ્યવસ્થા ન હતી એટલે લોકો મુશ્કેલીથી હુસૈનીય્યાહ સુધી પાણી લાવતા. રિવાજ એ હતો કે એક મોટા વાસણમાં પાણી ભરીને તેમાં ચાના કપ ધોતા હતા અને રાતના અંતે તે વાસણમાં પાણી બદલતા હતા. તે સમયે પાણી ઉકાળવા માટે લાકડા બાળવા પડતા હતા અને ક્યારેક તો લાકડા કાપતી વખતે લોકોના હાથમાંથી લોહી નીકળવા લાગતું હતું. ઘણીવાર જ્યારે મજલીસમાં ભીડ થતી, ત્યારે તે જ વ્યક્તિઓ કપ ધોવાની જવાબદારી લેતા હતા.

એક દિવસ તે ખતીબના મનમાં એક વિચાર આવ્યો કે: "તેઓ હાથ ધોવે છે કે નહીં? કદાચ તે વાસણમાં પાણી નજીસ થઈ ગયું હશે. એહતિયાત કરવું વધારે બહેતર છે."

આ વિચારને કારણે તેમણે મજલીસની ચા પીવાનું બંધ કરી દીધું. આયોજકો ગમે તેટલો આગ્રહ કરે, તે સ્વીકારતા નહીં. તે આયોજકોને કહેતા: "આ ચા શંકાસ્પદ છે!" તેમના ઈનકારને લીધે કેટલાક બીજા લોકોએ પણ મજલીસની ચા પીવાનું બંધ કરી દીધું.

અગર તેમનું આ કાર્ય શરૂ રહેતે તો અતિ શંકાસ્પદ લોકો આનાથી સંતુષ્ટ ન થાત અને કાલે કહેત: "શક્ય છે કે મજલીસની ચા કાર્પેટ પર ધોળાઈ ગઈ છે એટલે કાર્પેટ પણ શંકાસ્પદ છે..." આ બધું ચાલુ રહેતે અને તકવાદી લોકો, મજલીસનું મહત્વ ઘટાડી દેતે અને લોકોના હકીકી અકીદાઓ સાથે રમત

રમી શક્યા હોતે.  તે ખતીબને બીબી ફાતેમા ઝહરા(સ.અ.) પ્રત્યે ખૂબ જ મોહબ્બત હતી. તે વારંવાર મીમ્બર પર આપ(સ.અ.) પર થયેલ ઝુલ્મને યાદ કરતા અને ખૂબ રડતા. હવે સમય આવી ગયો હતો કે આપ(સ.અ.) તે ખતીબને બેદાર કરે.

લોકો હુસૈનીય્યાહમાં મજલીસ માટે ભેગા થાય છે. આયોજકો મજલીસમાં આવનાર લોકો માટે નાસ્તો તૈયાર કરે છે. તે ખતીબ હુસૈનીય્યાહમાં દાખલ થાય છે અને નાસ્તાના ટેબલ પર બેસે છે. તે બ્રેડનો એક ટુકડો ઉપાડે છે અને કહે છે:"મારા માટે તે વાસણ લાવો જેમાં તમે ચાના કપ ધોવો છો."

આયોજકો તે વાસણ લાવે છે. તે ખતીબ તે વાસણને પોતાની સામે રાખે છે, બ્રેડના ટુકડા કરે છે, વાસણમાં નાખે છે અને ચમચીથી ખાવાનું શરૂ કરે છે. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગે છે.

તેમના આ કાર્યથી બધા લોકો નવાઈ પામે છે. (તેમણે મજલીસની ચા પીવાની ના પાડી હતી કારણ કે તે એ વાસણના પાણીથી ધોવાયેલી હતી, પરંતુ હવે તે આ જ વાસણનું પાણી પીવે છે અને રડે છે.)

આખરે શું થયું છે ? બધા આ વિશે જાણવા માંગતા હતા. તેમની હાલત હચમચી ગઈ અને તે તેઓના પ્રશ્નોના જવાબ આપી શકતા ન હતા અને ફક્ત સમયાંતરે ધીમેથી કહેતા: "યા ઝહરા સ.અ. ! મને માફ કરો."

તેમની હાલત જોઈને લોકો પણ ભાવુક થઈ જાય છે અને રડવા લાગે છે. ક્ષણો પસાર થાય છે, તે લોકોથી મુખાતબ થઈને કહે છે: "ગઈ રાત્રે, હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)એ આ બાબતે મને ચેતવ્યો."

પછી તે રડી પડે છે અને આગળ કહે છે:"ગઈ રાત્રે મેં ખ્વાબમાં જોયું કે કયામતનો દિવસ આવી ગયો છે. બધા લોકો પરેશાન અને પ્યાસા હતા. જહન્નમની આગ ભડકી રહી હતી. મને ખૌફે ઘેરી લીધો હતો અને પ્યાસે મને બેચૈન કરી દીધો હતો. પછી મેં એક અવાજ સાંભળ્યો: બીબી ફાતેમા ઝહરા(સ.અ.) પોતાના શીઆઓને 'કવસર' નું પાણી પીવડાવી રહ્યા છે.

મેં શીઆઓને હરોળમાં ઉભા જોયા અને હું પણ ત્યાં ગયો. તેઓ બધા હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ના હાથથી 'કૌસર' નું પાણી પી રહ્યા હતા. મેં જોયું કે આપ(સ.અ.) મજલીસના એ જ ચાના કપથી 'કૌસર'નું પાણી આપી રહ્યા હતા. જ્યારે મારો વારો આવ્યો, ત્યારે આપ(સ.અ.)એ મને કહ્યું: 'આ કપ શંકાસ્પદ છે. તમે કૌસરનું પાણી પી શકતા નથી!'

તે ક્ષણે હું બેદાર થયો. હું ખૂબ જ રડ્યો અને મેં મારા આ કાર્ય માટે તૌબા કરી."

(કિતાબ: મેહરે મહેતાબ કરામાતે ફાતેમા સ.અ.,વાકેઆ નં.૧, પેજ નં.૧૧)

મસાએબ : જનાબે ઝહરા(સ.અ.) આખરી સમયમાં અબુલ હસન હઝરત અલી(અ.સ.)ને વસિય્યત કરે છે કે અય અબુલ હસન! હું તો આ દુનિયાથી જઈ રહી છું, તમે મારા બાળકોનો ખ્યાલ રાખજો.

હવે જ્યારે જનાબે ઝહરા(સ.અ.) આ દુનિયાથી રૂખ્સત થઈ ગયા તો હઝરત અલી(અ.સ.) તેમનો જનાઝો તૈયાર કરે છે, ગુસ્લો કફન આપે છે અને રાત્રિના અંધારામાં તેમને દફન કરે છે.

અઝીઝો! હઝરત અલી(અ.સ.), જનાબે ઝહરા(સ.અ.)ને દફન કરી લીધા પછી ક્યારેક જમીન તરફ જોવે છે તો ક્યારેક આસમાન તરફ જોવે છે અને આ જુમ્લાઓ કહે છે, જે કિતાબ બેહારુલ અન્વાર અને નહજુલ બાલાગાહમાં આ જુમ્લાઓ મૌજુદ છે. તે જુમ્લાઓ આ છે: ઝહરા(સ.અ.)ના પછી મને ન તો આ જમીન સારી લાગે છે અને ન તો આસમાન અને હવે મારી બાકીની જીંદગી ગિર્યા કરતા કરતા પસાર થશે.

પછી પયગંબર(સ.અ.વ.) તરફ મુખાતબ થઈને કહે છે: અય અલ્લાહના રસૂલ! આ તમારી અમાનત જનાબે ફાતેમા ઝહરા(સ.અ.), આપ સુધી પહોંચી ગઈ છે. હવે સબ્ર કરવું બહુ જ મુશ્કીલ છે છતાંય હું સબ્ર કરી લઈશ, જ્યારે મેં આપ(સ.અ.વ.)ની જુદાઈથી સબ્ર કરી લીધું તો પછી ઝહરા(સ.અ.)ની જુદાઈ પર પણ હું સબ્ર કરી લઈશ. મને પવિત્ર કુરઆનની એક આયત હૌસલો

આપી રહી છે: "ઈન્ના લીલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન" "આપણે અલ્લાહ માટે જ છીએ અને આપણે અલ્લાહની બારગાહમાં પાછું ફરવાનું છે".

મજલીસ: 2 એ મજલીસ જેમાં જ. ઝહરા (સ.અ.) ખુદ હાજર રહ્યા.

એક ખતીબ કાશાન શહેરમાં રાત્રે તકરીર કરતા હતા, દીનની હકીકતોને બયાન કરતા હતા અને છેલ્લે મસાએબ પઢતા હતા.તેમના મીમ્બર પાસે એક મોટી સંખ્યામાં લોકો મજલીસમાં આવતા અને જ્યારે તેઓ મસાએબ પઢતા, તો લોકો છાતી-પીટવાનું શરૂ કરી દેતા હતા.

એક રાત્રે તે ખૂબજ થાકી ગયા હતા. તેમણે સવારથી લઈને મોડી રાત સુધી ઘણી બધી મજલીસો પઢી હતી, એટલે તેમણે વહેલા ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું. જ્યારે તે હુસૈનીય્યાહ છોડીને શેરી પાર કરતા હોય છે ત્યારે એક શખ્સ તેમને સલામ કરે છે અને કહે છે: "આજે રાત્રે અમારા ઘરે એક મજલીસ છે. તમને ગુઝારિશ છે કે અમારે ત્યાં મજલીસ પડવા માતે તશરીફ લાવજો અને અમારા માટે મસાએબ પઢજો."

તે ખતીબ જવાબ આપે છે કે તે ખૂબજ થાકી ગયા છે, પણ તે શખ્સ ખૂબજ આગ્રહ રાખે છે અને અંતે તે ખતીબ સંમત થઈ જાય છે અને તેની સાથે તેના ઘરે જાય છે.

જ્યારે તે ઘરમાં દાખલ થાય છે ત્યારે તે દરવાજા અને દિવાલો કાળા રંગના પડદા લાગેલા છે. એક ખુરશી મૂકવામાં આવેલ હોય છે અને તેની બાજુમાં એક બેનર લગાવેલું હોય છે કે જેના પર "યા હુસૈન" લખેલું છે, પરંતુ ત્યાં બીજું કોઈ ન હતું. તે ખતીબ ધારે છે કે હમણા પાડોશીઓ આવશે. તે ખુરશી પાસે બેસે છે અને રાહ જોવે છે. યજમાન ચા લાવે છે. જેવી તે ખતીબ ચા પીય લે છે તો યજમાન કહે છે: "મહેરબાની કરીને મસાએબ શરૂ કરો."

તે ખતીબ કહે છે: "હું કોના માટે પઢું ? હજુ સુધી કોઈ આવ્યું નથી."

તે યજમાન જવાબ આપે છે: "આજે રાત્રે, હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) માટે મસાએબ પઢો.!" યજમાન આ વાત સાચા યકીનની સાથે કહે છે.

સામાન્ય રીતે જ્યારે તે ખતીબ  મીમ્બર પર બેસે છે ત્યારે સેંકડો લોકો તેમની તકરીર સાંભળવા માટે ભેગા થાય છે. જો તેની જગ્યાએ કોઈ બીજું હોત, તો કદાચ તે નારાજ થઈ ગયો હોત અને યજમાનને કહ્યું હોત: "આટલા બધા થાક સાથે તમે મને ખાલી દિવાલો સાથે વાત કરવા માટે અહીં લાવ્યા છો?" પણ આ ઈમ્તેહાનની જગ્યા હતી. તેનાથી ખબર પડે છે કે તે ખતીબ પોતાના કામ પ્રત્યે કેટલા ઈમાનદાર હતા. તે સંપૂર્ણ અદબ અને એહતેરામ સાથે ઉભા થાય છે અને ખુરશી પર બેસે છે અને કહે છે: બીસ્મીલ્લાહ.." તે કુરઆનની અમુક આયતો અને કેટલીક હદીસો પઢે છે અને પછી તે મસાએબ શરૂ કરે છે.

સૌ પ્રથમ, તે ઈમામ હુસૈન(અ.સ.)ને સલામ મોકલે છે અને કહે છે: "અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ."

જેવું ખતીબ આ શબ્દો બોલે છે, તો અચાનક તેમને ઘણી ઔરતોના રડવાનો અવાજ સંભળાય છે. જ્યારે કે તેના અને યજમાન સિવાય  રૂમમાં બીજું કોઈ ન હતું, તો પછી આ રડવાનો અવાજ ક્યાંથી આવ્યો?

મસાએબ ખત્મ થાય છે. તે ખતીબ યજમાનને વિદાય આપે છે અને ઘર તરફ રવાના થાય છે પણ રસ્તામાં તે વારંવાર ખુદ પોતાને પૂછે છે: આખરે રડવાનો એ અવાજ કોનો હતો?  તે રાત્રે તેના ખ્વાબમાં  તેમને કહેવામાં આવે છે: "ગઈ રાત્રે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) જન્નતની ઔરતોના સમૂહ સાથે તે મજલીસમાં આવ્યા હતા. આપ(સ.અ.)એ તે મસાએબ સાંભળ્યા હતા અને ગિર્યા કર્યું હતુ.

પછી આપ(સ.અ.)એ તેમને એક કિંમતી તોહફો આપ્યો હતો: આપ(સ.અ.)એ અલ્લાહથી  દુઆ કરી કે તે તેમના દિલ અને ઝબાન એ અસર મૂકશે કે હવે જ્યારે પણ તેઓ મસાએબ પઢશે ત્યારે લોકોના દિલ પર ગમની અદભુત અસર થશે."

તે પોતાના ખ્વાબમાંથી જાગે છે. આ ઈલાહી નેઅમત જે તેમને મળી હતી તેના માટે સજદાએ શુક્ર બજાવી લાવે છે. તે રાત પછી જ્યારે પણ તે મસાએબ પઢે છે, તો મજલીસનું વાતાવરણ દર્દનાક ગમગીન થઈ જતું અને લોકો બેકાબૂ થઈને રડવા લાગતા. ધીમે ધીમે આ વાત આખા શહેરમાં ફેલાઈ જાય છે. લોકોને એ ખ્યાલ આવે છે કે કેટલાક લોકો આંસુ વહાવવા માટે નવા અંદાજ અને તરીકા અપનાવવાની કોશિશ કરે છે પરંતુ તેઓ આમાં નિષ્ફળ જાય છે. જ્યારે કે લોકો તે ખતીબના મિમ્બર તરફ આતુરતાથી દોડી જાય છે કારણ કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)એ પોતે તેમને પોતાના ખાદીમ તરીકે કબૂલ કર્યા હતા.. (મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨, પેજ નં.૧૪)

મસાએબ : ઈમામ હસન(અ.સ.) કોઈ એક ઝાકીરના ખ્વાબમાં આવ્યા. આપે ફરમાવ્યું: અય ઝાકીર! તું મારા અસલ મસાએબ કેમ નથી પઢતો? તે ઝાકીરે કહ્યું: મૌલા! હું તો આપના તમામ મસાએબ પઢું છું. મૌલા મેં મસાએબમાં આ રીતે પઢયું કે, આપના જીગરના ૭૨ ટુકડાઓ થઈ ગયા, આપને સફેદ કફન પહેરાવ્યું હતું પણ જ્યારે આપનો જનાઝો પાછો ઘરે આવ્યો તો કફનનો રંગ લાલ થઈ ગયો

આપે ફરમાવ્યું: અય ઝાકીર! આ મારા મસાએબ છે પણ મારા અસલ મસાએબ નથી. તે ઝાકીરે પૂછ્યું: આપના અસલ મસાએબ ક્યાં છે?

આપે ફરમાવ્યું: "મારા અસલ મસાએબ, મદીનામાં છે, મદીનાની તે ગલીમાં છે. એક આગનો દરવાજો હતો, એક તૂટેલી પાંસળીઓ હતી, હું અને હુસૈન બન્ને હજી નાના હતા, ફરિયાદ કરી રહ્યા હતા કે કોઈ આવે અને અમારી અમ્માને બચાવી લે."

હઝરત અલી(અ.સ.)એ ગુસ્લો કફન આપ્યું, બીબીનો જનાઝો ઘરના સહનમાં રાખ્યો અને ફિઝ્ઝાને કહ્યું જઈને મારા બચ્ચાઓને કહો કે તેઓ અમ્માથી ખુદા હાફીઝ કરી લે. અઝીઝો! આજ તમારા રડવા પર કોઈ પાબંદી

નથી, પરંતુ જનાબે ફિઝ્ઝા કહે છે, બચ્ચાઓએ અબાના દામનને, પોતાની કમીઝોને દાંતોમાં જકડી લીધી કે જેથી કોઈ રડવાનો અવાજ ન સાંભળે.

હઝરત અલી(અ.સ.) કહે છે કે બચ્ચાઓ, છેલ્લીવાર માં થી ખુદા હાફીઝ કરી લો. જનાબે ઝયનબ(સ.અ.) આગળ વધ્યા અને અમ્માના સીનાથી લીપટી ગયા, ઉમ્મે કુલ્સુમ(સ.અ.) બીબીના સરના બોસા લેવા લાગ્યા, હઝરત હસન(અ.સ.) આગળ વધ્યા અને માતાના કદમોને પકડ્યા અને ધીમે ધીમે કહેવા લાગ્યા: "કલ્લેમીની યા ઉમ્મહ": "અય અમ્મા! હસનથી વાતો કરો."

અય અમ્મા! તમે ખામોશ કેમ છો? પરંતુ કોઈ જવાબ ન આવ્યો. હઝરત અલી(અ.સ.)એ કહ્યું: હુસૈન! માતાથી ખુદા હાફીઝ કરી લ્યો. હઝરત હુસૈન(અ.સ.) નાના હતા, તેમણે કહ્યું: બાબા! હું ત્યાં સુધી નહીં જઈશ જ્યાં સુધી અમ્મા મને ન બોલાવે. એક વાર બંધે કફન ખુલ્યા, ઝહરા(સ.અ.)એ કહ્યું: આવી જા, મારા હુસૈન. આવી જા, મારા કરબલા વાળા હુસૈન.

હવે આખરી જુમ્લા ઈમામ હુસૈન(અ.સ.)ની ખિદમતમાં કહેશું: મૌલા! આપ યતીમ થયા તો ઝહરાએ આપને બોલાવ્યા, બધા બચ્ચાઓ માતાના સીનાથી લિપટી ગયા. જીબ્રઈલ નાઝીલ થયા અને કહ્યું: અય અલી(અ.સ.)! અર્શે ખુદા પર કોહરામ મચી ગયો છે, બચ્ચાઓને ઝહરા(સ.અ.)થી જુદા કરો. હઝરત અલી(અ.સ.)એ ખૂબજ પ્યારથી હુસૈનને ગળેથી લગાડ્યા.

આકા હુસૈન(અ.સ.)! આપ યતીમ થયા અને આપની એ કિસ્મત કે હઝરત અલી(અ.સ.)એ આપને ગળે લગાડ્યા પરંતુ હાય સકીના(સ.અ.)ની કિસ્મત! કોઈએ પણ સીનાથી ન લગાવ્યા પરંતુ શિમ્ર(લ.અ.)એ તમાચા માર્યા અને કોઈ ઝાલીમે ચાબુક માર્યા.... (મસાએબ :.મૌલાના આરીફ હુસૈન કાઝમી સાહેબ)

## મજલીસ 3 હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવ્વસુલ થકી મહેમાનોની મેઝબાની

એક શખ્સે ઘણા વર્ષો સુધી કુમ શહેરના મદ્રેસામાં તઅલીમ હાસિલ કરી. હવે સમય આવી ગયો હતો કે તે, તેમના ઈલ્મની ઝકાત અદા કરે કે જેથી તેમના ઈલ્મને લોકો સુધી પહોંચાડે અને તેઓને અહલેબૈત(અ.મુ.સ.)ની તઅલીમાતથી માહિતગાર કરે. તે ઈસ્ફહાન ચાલ્યા ગયા અને એક મસ્જીદના ઈમામ બની ગયા. તે યુવાનો પર ખાસ ધ્યાન આપતા હતા, કારણ કે તે જાણતા હતા કે યુવાનો, કૌમના ભવિષ્યની એક ઉમ્મીદ છે. ધીમે ધીમે વધુને વધુ યુવાનો મસ્જીદમાં આવવા લાગે છે અને મસ્જીદ જીવંત અને સમૃદ્ધ બને છે.

તેમની જીંદગી સાદી અને સામાન્ય હતી અને તે સતત અલ્લાહનો શુક્ર અદા કરતા કે તેણે તેમને કનાઅત (સંતોષ)ની ભાવના અતા કરી.

એક દિવસ, નમાઝે ઝોહર પછી, યુવાનોનું એક ગ્રુપ તેમની પાસે આવે છે અને કહે છે: "હાજ આકા! આજે અમે તમારા ઘરે બપોરના જમવા (લંચ) માટે આવવા માંગીએ છીએ."

તેઓ આ બાબતે ગંભીર હતા પણ તેઓ જાણતા ન હતા કે તે કોઈની મેઝબાની કરવા માટે તૈયાર ન હતા. (તેમની પાસે મહેમાનને આપવા કંઈ ન હતું). તેમના ખિસ્સામાં પૈસા ન હતા અને તેમના ઘરમાં મહેમાનો માટે કંઈ તૈયાર ન હતું.) પણ તેઓ ખૂબજ આગ્રહ રાખે છે અને તેમને તેઓને ના પાડવામાં શરમ આવે છે. એટલે તે કહે છે: "મારું ઘર એ તમારું ઘર છે, મહેરબાની કરીને સાથે આવો!"

તેઓ તેમની પાછળ જાય છે અને તે બધા તેમના ઘરે પહોંચે છે. તે આવેલા ૧૦ યુવાનો એક રૂમમાં બેસાડે છે અને પછી તેમની પત્ની પાસે જાય છે અને કહે છે: "આજે, આપણે ત્યાં બપોરના જમવા (લંચ) માટે મહેમાનો આવ્યા છે." તેણી જવાબ આપે છે: "પણ આપણી પાસે ઘરમાં કંઈ જ નથી!"

તે કિચનમાં તપાસ કરે છે અને તેમને ફક્ત થોડી સૂકી રોટલી અને થોડું દહીં જોવા મળે છે જે ફક્ત તમારા પોતાના જ જમવા માટે પૂરતું હોય છે, ૧૦ મહેમાનો માટે નહીં. તે ઊંડા વિચારમાં પડી જાય છે કે હવે શું કરવું? તેમની પાસે ઘરમાં ન તો જમવાનું છે કે ન તો કંઈ ખરીદવા માટે પૈસા છે...

પછી અચાનક તે ખુદ પોતાની જાતને યાદ દેવરાવે છે: "આજે મારે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરવું જોઈએ અને આપ(સ.અ.)ને મદદ કરવા માટે ઈલ્તેજા(વિનંતી) કરવી જોઈએ."કિબ્લા તરફ રૂખ કરીને તે ૨ રકાત નમાઝ પઢે છે અને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી મદદ માટે વિનંતી કરે છે.

નમાઝ પઢ્યા પછી તે ચા બનાવે છે. જ્યારે તે મહેમાનો માટે ચા લઈ જતા હોય છે ત્યારે તેમને દરવાજો ખટખટાવવાનો અવાજ સંભળાય છે. તે દરવાજો ખોલે છે અને તેના એક દોસ્તને જોવે છે. તે દોસ્ત તેમને સલામ કરે છે. તેના હાથમાં ફળો અને મીઠાઈઓથી ભરેલી ટોપલી હોય છે. જ્યારે તે દોસ્ત તેમની સાથે હાથ મેળવે છે ત્યારે તેમને લાગે છે કે પૈસા તેમની હથેળીમાં છૂપી રીતે મૂકવામાં આવ્યા છે.

આવનાર દોસ્ત કહે છે: "આ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) માટે એક નઝરની ન્યાઝ છે. જ્યારે પણ તમને મૌકો મળે ત્યારે મહેરબાની કરીને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) માટે મરસિયા નૌહા પઢજો." તે દોસ્ત તેમને ટોપલી આપે છે, ખુદા હાફિઝ કરે છે અને ચાલ્યો જાય છે.

તે ટોપલી લઈને અંદર આવે છે અને મહેમાનોને ફળ અને મીઠાઈઓ આપે છે. પછી તેના દોસ્તે આપેલા પૈસાનો ઉપયોગ કરીને તે નજીકના રેસ્ટોરન્ટમાં જાય છે અને તેમના ૧૦ મહેમાનો માટે સ્વાદિષ્ટ જમવાનું લઈ આવે છે અને મેહમાનોને જમાડે છે. (સલવાત)

(મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ. વાકેઆનં.3, પેજ નં.16).

મસાએબ : દુનિયામાં એટલી મુસીબતો કદાચ કોઈ વિચારી પણ નથી શકતું જેટલી મુસીબતો હઝરત ઝહરા(સ.અ.) પર પડી છે. અઝીઝો! આ કોઈ

સામાન્ય મુસીબત નથી, પેહલુ શિકસ્તા થઈ ગયો, પાંસળીઓ પણ ટુટી ગઈ, જનાબે મોહસીન પણ શહીદ થયા. અઝીઝો! આજે ડોક્ટરો કહે છે કે જ્યારે કોઈની પાંસળીઓ ટૂટી જાય છે તો તે સીધો ઊભો નથી રહી શકતો તો હવે તમે સમજ્યા કે ઝહરા(સ.અ.) જ્યારે મદીનામાં નીકળતા હતા તો દીવારનો ટેકો દઈને ચાલતા હતા, લાકડીનો સહારો લઈને ચાલતા હતા.

અઝાદારો! તે બીબી કે જે મદીનામાં હઝરત અલી(અ.સ.)ના મુનિસ અને મદદગાર હતા, તે જ બીબી દુનિયાથી રૂખ્સત થઈ રહ્યા છે. કોઈ હઝરત અલી(અ.સ.)ના દિલથી પૂછે કે મૌલા! આપના દિલ પર શું કયામત ગુજરી હશે?

જ્યારે બચ્ચાઓએ મસ્જીદમાં આવીને હઝરત અલી(અ.સ.)ને ખબર આપી કે બાબા! અમ્મા, આ દુનિયાથી રૂખ્સત થઈ ગયા. આ સાંભળી હઝરત અલી(અ.સ.) પોતાની જગ્યા પરથી ઉઠ્યા અને ચાહતા હતા કે પોતાના ઘરની તરફ જાય પરંતુ અઝાદારો! તારીખમાં અજીબ જુમ્લો જોવા મળે છે કે હઝરત અલી(અ.સ.) મસ્જીદમાં બેસી જાય છે, પછી પાછા ઊભા થાય છે અને પછી ફરી બેસી જાય છે, હઝરત અલી(અ.સ.)થી ચાલી નથી શકાતું. એક જુમ્લો કહે છે: "અલ આન ઈન કસર ઝહરી"- અય ઝહરા! મારી કમર ટૂટી ગઈ.

અઝીઝો! હઝરત અલી(અ.સ.) જ્યારે હઝરત ઝહરા સ.અ.ને દફન કરી રહ્યા હતા, ત્યારે એક જુમ્લો આ પણ ફરમાવી રહ્યા હતા: "કલ્લા યા રસૂલલ્લાહે અન્ સફિય્યતેક સબ્રી"- યા રસુલુલ્લાહ! આપની બેટીની જુદાઈથી હવે અલીને સબ્ર નથી થતો. પછી આ જુમ્લો ફરમાવ્યો: હવે, અલી રાતભર જાગીને રડશે અને આ રીતે રાત પસાર કરશે. રાતના એકાંતમાં ગિર્યા કરશે.

આકા! અગર તમારે ગિર્યા જ કરવું હોય તો બપોરે ગિર્યા કરી લેવું જોઈએ. કદાચ હઝરત અલી(અ.સ.)નો જવાબ આવે, અય નાદાન! મારે ઘરમાં હસન અને હુસૈન અ.સ. બન્નેને સંભાળવાના છે. અગર અલી ત્યારે ગિર્યા કરશે તો પછી કોણ હસન અને હુસૈનને સંભાળશે?

હઝરત અલી(અ.સ.)એ હઝરત ઝહરા(સ.અ.)ના દુનિયાથી રૂખ્સત થવા પછી ઘરમાંથી બહાર નીકળવાનું છોડી દીધું, પોતાને ઘરમાં બંધ કરી દીધા. હવે ચાહવાવાળા જનાબે સલમાન અને જનાબે અબુઝર આવ્યા અને દરવાજો ખટખટાવ્યો. તેઓ એટલા માટે આવ્યા હતા કે મૌલાથી વાતચીત કરે. તેઓએ દરવાજો ખટખટાવ્યો તો મૌલાએ કહ્યું: અય સલમાન! અંદર દાખલ થઈ જાવ, હવે પર્દા વાળી ઝહરા, આ દુનિયાથી રૂખ્સત થઈ ગઈ .

અઝાદારો! આ જ દરવાજાથી દુશ્મન, કોઈ પણ ઈજાઝત વગર દાખલ થયો હતો. હઝરત અલી(અ.સ.) ઘરમાં બેઠા છે, જનાબે સલમાન અને જનાબે અબુઝર ઘરની અંદર દાખલ થયા અને તેઓ અજીબો ગરીબ મંઝર જોવે છે કે હઝરત અલી(અ.સ.) બેઠા છે, એક ઝાનુ પર  હસન બેઠા છે અને બીજા ઝાનુ પર  હુસૈન બેઠા છે અને બન્નેને દિલાસો આપી રહ્યા છે.

બન્ને સહાબીઓ આગળ વધ્યા અને કહ્યું: અય મૌલા! આપે ઘરેથી નીકળવાનું કેમ છોડી દીધું? તો મૌલાએ કહ્યું: અય સલમાન! મારું દિલ પણ ચાહે છે કે હું ઘરની બહાર નીકળું, પરંતુ હું શું કરું, અરે ઘરમાંથી બહાર નીકળવા માટે દરવાજામાંથી પસાર થવું પડે છે અને જ્યારે પણ હું દરવાજામાંથી પસાર થવા ચાહું છું ત્યારે મને ઝહરા યાદ આવી જાય છે, કે જે આ દરવાજાની પાછળ ભીસાયી ગયી હતી, અને અવાજ આપતી હતી, અય ફિઝ્ઝા! મને સહારો આપો, મારો મોહસીન શહીદ થઈ ગયો છે....

(મસાયેબ મૌલાના ઝકી નૂરી સાહેબ ).

## મજલીસ 4  હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની મદદથી ફાંસીની સજાથી મુક્તિ મળી

એક શખ્સે હવ્ઝએ ઈલ્મીયામાં તાલીમ હાસિલ કરી હતી અને હાલ મશહદ શહેરમાં જજ હતા. તેમણે હંમેશા ન્યાયનું રક્ષણ કરવાની કોશિશ કરી અને ક્યારેય કોઈના હકોને કચડી નાખવા ન દીધા.તે મઝલૂમોની મદદ કરતા. આ એક વાયદો હતો જે તેમણે અલ્લાહ સાથે કર્યો હતો.

એક રાત્રે ખ્વાબમાં, તેમણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ને જોયા. આપ(સ.અ.)એ તેમને કહ્યું: "કાલે, જ્યારે તમે કોર્ટમાં જશો, ત્યારે તમારી સમક્ષ એક કેસ રજૂ કરવામાં આવશે. જાણી લ્યો કે તે કેસમાં સામેલ વ્યક્તિ નિર્દોષ છે અને તમારે તેને મૌતથી બચાવવાનો છે.!"

તે બેદાર થયા, કેસ નંબર અને તે વ્યક્તિનું નામ તેમના દિમાગમાં સારી રીતે અંકિત થઈ ગયું હતું. તે આશ્ચર્યચકિત થઈ ગયા, વિચારી રહ્યા હતા કે આ ખ્વાબની પાછળ શું રાઝ છે. સુબ્હનો સમય હતો, તેમણે વુઝુ કર્યું અને નમાઝ માટે ઉભા થયા.

સવારે કોર્ટમાં ગયા. થોડા કલાકો પછી, અંતિમ ચુકાદા માટે તેમની પાસે ઘણી કેસ ફાઈલો લાવવામાં આવી. જેવી તે ફાઈલો તપાસતા હતા, ત્યારે અચાનક તેમને બરોબર તેમના ખ્વાબમાં આવેલ ફાઈલ દેખાય. તેમણે તે ફાઈલને ધ્યાનથી તપાસી:  આ કેસ એક યુવાનનો હતો, જેણે જેલમાંથી મુક્ત થયા પછી બે માણસોને કત્લ કર્યા હતા.

આ કેસની સંપૂર્ણ તપાસ થઈ ચૂકી હતી અને પાછલી અદાલતોએ તેને મૌતની સજા ફટકારી હતી. હવે, ફાંસીનો અંતિમ નિર્ણય લેવાની જવાબદારી તે જજની હતી.

તેમણે હુકમ આપ્યો કે તે યુવાનને જેલમાંથી લાવવામાં આવે. મહેરબાની અને એહતેરામની સાથે બોલતા, તેમણે તેને પૂછ્યું:

"શું તમે ખરેખર બે માણસોને કત્લ કરી નાખ્યા?" તેણે જવાબ આપ્યો: હા.

તેમણે પૂછ્યું: "શું તમે આ કબૂલ કરો છો?"  તેણે જવાબ આપ્યો: હા, પણ અય જજ સાહેબ! મેં તેમને નાહક (અન્યાયથી) માર્યા નથી. મારી પાસે કહેવા માટે એક વાકેઓ છે."

તે યુવાને વાકેઓ વર્ણવાની શરૂઆત કરી: "માનનીય જજ સાહેબ! મને એક વાર કૈદ કરવામાં આવ્યો હતો. મારી સજા પૂરી થયા પછી, મને આઝાદ કરવામાં આવ્યો અને મારી જીંદગીમાં હું પાછો ફર્યો.

એક દિવસ મારા બે દોસ્તો મારી પાસે આવ્યા, અને અમે સાથે ગ્રામ્ય વિસ્તારમાં ફરવા ગયા. રસ્તામાં, અમે એક છોકરીને તેના ગામ તરફ જતા રસ્તા પર એકલી ચાલતી જોઈ. તેણી શહેરમાંથી પાછી ફરીને પોતાના ગામ તરફ જતી હતી. તેની સાથે કોઈ નહોતું. અમે ગાડીમાંથી બહાર નીકળ્યા. અમે યુવાન હતા અને શહવતથી ભરેલા હતા.

અમે તે છોકરીને ઘેરી લીધી. તે રડી રહી હતી અને અમને વિનંતી કરી હતી કે તેણીને નુકસાન ન પહોંચાડો, પણ તેણીના આંસુ  અમારા પર કોઈ અસર કરી શક્યા નહીં.

અંતે, તેણીએ આ શબ્દો કહ્યા: 'હું સૈય્યદા છું, ઔલાદે ફાતેમા(સ.અ.)! છું. મારી માઁ ફાતેમાની ખાતર મારી બેઈઝ્ઝતી ન કરો!' આ શબ્દો મારા દિલને સ્પર્શી ગયા.

આ સાંભળીને હું આગળ વધ્યો અને મારા દોસ્તોને રોક્યા. મેં તેઓને કહ્યું: 'આ છોકરીને તરત જ છોડી દો.'તેઓ ગુસ્સે થઈ ગયા અને કહેવા લાગ્યા: 'શું તું પાગલ થઈ ગયો છે કે આવો મૌકો વેડફી નાખીએ?'

મેં તેઓને કહ્યું: 'આ છોકરી મારી બહેન જેવી છે. જો તમે તેને સ્પર્શ કરવાની હિંમત કરશો, તો તમારે મારો સામનો કરવો પડશે.'પરંતુ મારા દોસ્તોએ મારી મજાક ઉડાવી. મેં કેટલીય વિનંતીઓ કરી, તેઓને ના પાડી પરંતુ તેઓ માન્યા નહિ, અને તે માસૂમ છોકરીની નજીક ગયા કે જે પોતાને છોડી દેવાની ખૂબ જ વિનંતીઓ કરી રહી હતી.  મને બીજો કોઈ વિકલ્પ દેખાતો ન હતો. મેં જે છરી પકડી હતી, તેનાથી મેં મારા દોસ્તો પર હુમલો કર્યો અને બંનેને કત્લ કરી નાખ્યા.

પછી મેં છોકરીને ગાડીમાં બેસાડી અને તેને સુરક્ષિત રીતે તેના ગામ પહોંચાડી દીધી. થોડા સમય પછી મને ગિરફ્તાર કરવામાં આવ્યો અને મને મૌતની સજા ફટકારવામાં આવી."

જ્યારે જજ સાહેબે આ યુવાનનો આ વાકેઓ સાંભળ્યો ત્યારે તેમને તરત જ તેમના આ ખ્વાબનો રાઝ સમજાયો.

તેમણે તે યુવાનને જે ગઈ રાત્રે તેમણે જોયું તે કહ્યું. પછી તેમણે તેમની કલમ ઉપાડી અને તેની ફાંસી અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો હુકમ જારી કર્યો. તેમણે છોકરીને શોધવા માટે જુદા જુદા સ્થળોએ પત્રો લખ્યા. જો તેણી કોર્ટમાં જુબાની આપે કે તે બે માણસોએ તેણી પર હુમલો કરવાની કોશિશ કરી હતી, તો તે યુવાનની સજા રદ થઈ શકે છે.

આ માટે સમય અને પ્રયત્નની જરૂર હતી, પણ તેમણે તેમનાથી બનતી કોશિશો કરી. અંતે તે છોકરી મળી ગઈ અને તેની જુબાનીએ યુવાનની નિર્દોષતા સાબિત કરી. તેની મૌતની સજા રદ કરવામાં આવી અને તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો.

જ્યારે તે યુવાને પોતાની આઝાદીની ખબર સાંભળી તો તે જમીન પર સીજદા પડી ગયો, પોતાનું મોઢું માટી પર રાખ્યું અને અલ્લાહની બારગાહમાં હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)નો શુક્ર અદા કર્યો. તૌબા કરી નેક સાલેહ બની ગયો. ( સલવાત)

(કિતાબ: મેહરે મહેતાબ કરામાતે ફાતેમા સ. અ.: વાકેઆ નં.૪, પેજ નં.૧૯)

હઝરત ઈમામ જઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે અમારી માટે કરબલા કરતા કોઈ મોટો ગમ નથી પરંતુ સકીફામાં જે થયું તે, અને પછી મૌલા અલી અ.સ. અને જનાબે ફાતેમા સ.અ.ના ઘરને સળગાવવામાં આવ્યું તે ગમ અમારી માટે મોટો ગમ છે,

કેમકે તે ઘરમાં ઈમામ હસન અ. ઈમામ હુસૈન અ. જનાબે ઝયનબ સ. અને જનાબે ઉમ્મે કુલ્સુમ સ. જનાબે ફીઝઝા સ. પણ હતા. અને તે લાનતી લોકોએ જયારે જનાબે ફાતેમા ઝહરા સ. ઉપર હુમલો કર્યો ત્યારે જનાબે મોહસિન અ.સ. કે જે જનાબે ફાતેમા ઝહરા સ. ના પેટમાં હતા, તે પણ શહીદ થઈ ગયા અને અમારી ઉપર ઝુલ્મ કરવાની શરૂઆત અહીથી જ કરવામાં આવી હતી.

(હવાલો : અલ હિદાયતુલ કુબરા પેજ-૪૧૭)

## મજલીસ 5 હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની મદદ થકી સૈયદ યહ્યાની નજાત

સૈયદ યહ્યા નામના એક આલીમ હતા, જેમણે ઘણા વર્ષો સુધી મદ્રેસામાં તઅલીમ હાંસિલ કરી હતી. તેમને ખબર મળી કે કિરમાન શહેરમાં, એક ફિત્નો શરૂ થયો છે. અમુક લોકોનું સમુહ, બીજાઓને ગુમરાહ કરવા માટે, ખાસ કરીને યુવાનોને પોતાની તરફ આકર્ષિત કરવા માટે ખોટા વિચારો ફેલાવી રહ્યું છે.

તેઓ એહલેબૈત(અ.મુ.સ.)ની તઅલીમાતની વિરૂધ્ધ યુવાનો અને શીઆઓને ગુમરાહ કરતા હતા.

તેથી તે આલીમે દીન લોકોને આ ગુમરાહીથી બચાવવા માટે મક્કમ ઈરાદા સાથે કિરમાન ગયા. થોડા સમય અને તેના અથાક પ્રયત્નો પછી હકીકત સ્પષ્ટ થઈ ગઈ અને દુશ્મનો બદનામ થયા અને લોકોએ તે સમુહ પર ધ્યાન આપવાનું બંધ કરી દીધું.

તે સમુહના નેતાઓ તેમનાથી નારાજ થઈ ગયા કારણ કે તેમણે તેની પ્રતિષ્ઠાનો નાશ કર્યો હતો અને તેના અનુયાયીઓ દિવસે ને દિવસે ઓછા થતા જતા હતા. અગર તે થોડા દિવસ વધુ રહેતે, તો તેની હાર નિશ્ચિત હતી.તેથી તેઓએ તેમને મારી નાખવાની યોજના બનાવી.

તેઓએ અમુક માણસોને તેમની પાસે મોકલ્યા અને તેમને તે રાત્રે નજીકના એક ગામમાં તકરીર આપવા માટે આમંત્રણ આપ્યું. તેઓના કાવતરાથી અજાણ હતા , તેમણે તેઓનું આમંત્રણ કબૂલ કર્યું એ ફરજ સમજીને કે જ્યાં લોકોની હિદાયત માટે તેમની જરૂરત પડે ત્યાં જઈને તકરીર કરવી.

મગરીબની નમાઝ પછી સૈયદ યહ્યા તેઓ સાથે નીકળ્યા. તેઓ તેમને શહેરની બહાર એક બગીચાની વચ્ચે એક ઘરમાં લઈ ગયા. ત્યાં તેમણે સમુહના નેતાઓને તેમની રાહ જોતા જોયા. તેઓની ગુસ્સાથી ભરેલ આંખો,

તેઓના ઈરાદાને છતી કરતી હતી. સૈયદ યહ્યાને ખ્યાલ આવ્યો કે તે મૌતની ઝાળમાં ફસાઈ ગયા છે, કોઈ તેમની મદદ કરવા માટે નથી અને તેમના બચવાનો કોઈ રસ્તો નથી. તેમના દોસ્તોને તેમના ઠેકાણાની કોઈ ખબર નહોતી.

પહેલા દુશ્મનો રાત્રિભોજન માટે બેઠા અને પછી તેઓની યોજનાને અંજામ આપવા સુધી  તેઓએ તે આલીમે દીન જ. યહ્યાને એક રૂમમાં બંધ કરી દીધા.

તે ક્ષણે  સૈયદ યહ્યાએ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી ઈસ્તેગાસા માટેની "નમાઝે ઈસ્તેગાસા" પઢી. પછી, તે સજદામાં ગયા અને આ મુશ્કેલીમાંથી નજાત આપવા માટે, આંસુઓ સાથે અઝીમ ખાતુન ફાતેમા ઝહરા(સ.અ.)ને પુકાર્યા.

થોડી ક્ષણો પસાર થઈ. અચાનક, તેમને એક ઘોંઘાટ સંભળાયો. તેણે ધ્યાનથી સાંભળ્યું કે તે "અલ્લાહો અકબર!" નો અવાજ હતો. લોકો બગીચાની દિવાલો પર હુમલો કરી રહ્યા હતા, તે સમુહ સામે લડવા માટે દોડી રહ્યા હતા. તે લોકોએ સૈયદ યહ્યાને શોધી કાઢ્યા પછી તે રૂમનો દરવાજો તોડી નાખ્યો અને તેમને આઝાદ કર્યા. તેઓએ અલ્લાહની હમ્દો સના કરી અને તેમની સલામતી માટે શુક્રગુઝારીમાં સલવાત મોકલી.

આસપાસ નજર કરતાં તેમણે બચાવનારમાં શહેરના એક માનનીય આલીમને જોયા. તે આલીમ બહુજ એહતેરામની સાથે આગળ આવ્યા અને તેમને શહેરમાં પાછા લઈ ગયા અને તેમને પોતાના ઘરે લઈ ગયા.

જ્યારે તે ઘરે પહોંચ્યા, ત્યારે તેમણે તે આલીમને પૂછ્યું: "તમને કેવી રીતે ખબર પડી કે હું તે સમુહમાં ફસાઈ ગયો છું ?" તે આલીમે જવાબ આપ્યો: "સામાન્ય રીતે, હું રાત્રે વહેલા સૂઈ જાઉં છું. પરંતુ ગઈ કાલે જ્યારે મેં ઓશિકા પર માથું રાખ્યું, ત્યારે મેં મારા ખ્વાબમાં હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ને જોયા. આપ(સ.અ.)એ કહ્યું: 'શેખ, જલ્દી ઉઠો અને મારા પુત્ર સૈયદ યહ્યા પાસે જાઓ. તેને તરત જ બચાવો, કારણ કે જો તમે મોડું કરશો, તો તેઓ તેને મારી નાખશે.'

આપ(સ.અ.)એ મને બગીચાનું ચોક્કસ સ્થાન પણ બતાવ્યું. હું જાગી ગયો. લોકોને આ બાબતે જાણ કરી અને અમે તમને બચાવવા આવી ગયા."

આ વાકેઆ પરથી સૈયદ યહ્યાએ આ તારણ કાઢ્યું:

"જ્યારે પણ હું ફસાઈ જાઉં છું અને બધા દરવાજા મારી સામે બંધ થઈ જાય છે, ત્યારે હું શેહ્ઝાદી ફાતેમા ઝહરા(સ.અ.) તરફ મુતવજ્જેહ થાવ છું અને નમાઝે ઈસ્તેગાસા પઢું છું. હું જાણું છું કે આ અઝીમ ખાતુનની અલ્લાહની નજદીક ખાસ ઈઝ્ઝત અને એહતેરામ છે અને તેમની શફાઅત થકી હંમેશા મારો રસ્તો આસાન થઈ જાય છે.

હવે નમાઝે ઈસ્તેગાસાની રીત શું છે?

મરહુમ તબરસી(અ.ર.)એ પોતાની કિતાબ, 'મકારેમૂલ અખ્લાક': પેજ નં. 330માં, નમાઝે ઈસ્તેગાસાની રીત આ મુજબ બયાન કરી છે:

૧. બે રકાત નમાઝ અદા કરે (સુબ્હની નમાઝની જેમ).

૨. પછી સજદામાં જાય અને અને "યા ફાતેમા": ૧૦૦ વખત પઢે.

3. પોતાના ચહેરાનો જમણો ભાગ જમીન પર રાખે અને અને "યા ફાતેમાહ": ૧૦૦ વખત પઢે.

૪. પોતાના ચહેરાનો ડાબો ભાગ જમીન પર રાખે અને "યા ફાતેમાહ": ૧૦૦ વખત પઢે.

૫. ફરી પાછા સજદામાં જાય અને "યા ફાતેમાહ": ૧૧૦ વખત પઢે.

૬. પછી સજદામાં, આ દુઆ પઢે:

يَـا آمِـنـاً مِـنْ كُـلِّ شَـيْءٍ وَكُـلُّ شَـيْءٍ مِـنْـكَ خَـائِـفٌ حَـذِرٌ , أَسْأَلُـكَ بِـأَمْـنِـكَ مِـنْ كُـلِّ شَـيْءٍ وَ خَـوْفِ كُـلِّ شَـيْءٍ مِـنْـكَ أَنْ تُـصَلِّـيَ عَـلَـى مُـحَمَّـدٍ وَ آلِ مُـحَمَّـدٍ وَ أَنْ تُـعْطِـيَـنِـي أَمَـانَـا لِـنَـفْـسِـي وَ أَهْـلِـي وَ مَـالِـي وَ

وُلْـدِي حَتَّـى لَا أَخَـافَ أَحَـداً وَلَا أَحْذَرَ مِنْ شَـيْءٍ أَبَـداً إِنَّـكَ عَلَـى كُـلِّ شَـيْءٍ قَـدِيـرٌ

**આ દુઆનો તરજુમો નીચે મુજબ છે:**

**"અય તે (અલ્લાહ) કે જે દરેક વસ્તુથી સુરક્ષિત છે, જ્યારે કે દરેક વસ્તુ તારાથી ડર અને ભયમાં છે! હું તારી પાસે દરેક વસ્તુથી અને દરેક વસ્તુના ભયથી તારી સલામતી ચાહું છું કે તું મોહમ્મદ(સ.અ.વ.) અને તેમની આલ પર સલવાત મોકલ. અને તું મને, મારા પરિવારને, મારા માલને અને મારા બાળકોને સલામતી અતા કર, જેથી હું ક્યારેય કોઈથી ડરું નહીં અને ક્યારેય કોઈ વસ્તુથી ભયભીત ન થાવ. બેશક તું દરેક વસ્તુ પર કુદરત (શક્તિ) ધરાવે છે."**

**(મકારેમુલ અખ્લાક: પેજ નં.330).(બેહારૂલ અન્વાર: ભાગ ૮૮, પેજ નં.૩૫૬). (મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ વાકેઆનં.પ, પેજ નં.૨૩).**

**જનાબે મોહસીન (અ.સ)નાં મસાએબ: હજુ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ)નું કફન મેલું થયું ન હતું કે લોકોએ તે ઘર પર હુમ્લો કર્યો કે જે ઘર પર હઝરત રસૂલે ખુદા (સ.અ.વ), આયતે તત્હીરનાં નાઝીલ થવા પછી સતત સલામ કરતા હતા. હઝરત અલી (અ.સ)ની બયઅતને ખાતિર, હઝરત અલી (અ.સ)નાં ઘર પર હુમ્લો કર્યો અને તેમાં આગ લગાડી દીધી. લોકોએ એક આદમીને હઝરત અલી (અ.સ)નાં ઘરે મોકલ્યો. તે આદમીએ કહ્યું કે તમને હઝરત રસૂલે ખુદા (સ.અ.વ)નાં ખલીફા બોલાવે છે.**

**હઝરત અલી (અ.સ)એ કહ્યું ખરેખર તે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ)નો ખલીફા નથી, હું આપ (સ.અ.વ)નો ખલીફા છું. લોકોનાં ઘણા બધા ઈસરાર કરવા છતાં પણ હઝરત અલી (અ.સ) ત્યાં ન ગયા. ત્યાં સુધી કે લોકોએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ)નાં ઘરનો ઘેરાવ કર્યો છતાં પણ હઝરત અલી (અ.સ) ત્યાં ન ગયા તો લોકોએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ)નાં ઘરમાં આગ લગાડી દીધી.જનાબે ફાતેમા ઝહરા (સ.અ) પર સળગતો દરવાજો ગીરાવી**

દીધો. ન ફક્ત સળગતો દરવાજો ગીરાવ્યો પરંતુ આપ (સ.અ)નાં બત્ને મુબારકમાં જે જનાબે મોહસીન (અ.સ) હતા તેમને પણ શહીદ કરી દીધા.

## મજલીસ 6 ઈમામ હુસૈન(અ.સ.)ની મજલીસ પ્રત્યે વફાદારી

એક આલીમ હતા કે જે કઝવીન શહેરમાં રહેતા હતા. શહેરના લોકો તેમને ખૂબજ ચાહતા હતા અને તેમને "મુલ્લા અલી" કહેતા હતા. મુલ્લા અલી તેઓને તકરીરો કરતા અને ઈમામ હુસૈન(અ.સ.)ની યાદને તેઓના દિલમાં જીવંત રાખતા કારણ કે ઈતિહાસમાં શિયા કૌમનું અસ્તિત્વ આંસુઓને કારણે જ છે. આ શીઆ કૌમ પોતાના મઝલૂમ ઈમામ માટે ગિર્યા કરે છે, પોતાના દિલમાં ઊંડુ જોડાણ અનુભવે છે અને આ જ શીઆ મક્તબના અસ્તિત્વનો રાઝ છે.

મોહર્રમનો મહિનો આવી રહ્યો હોય છે. બધા હુસૈનીયાહ કાળા કપડાથી મલબુસ હોય છે. લોકો  મોહર્રમની પહેલી રાતથી કાળા કપડાઓ પહેરે છે અને અઝાદારી કરે છે.

શબે આશુરા આવે છે અને તે રાત્રે અનેક હુસૈનીય્યાહમાં મુલ્લા અલીની તકરીર ફિક્સ થઈ ગઈ હોય છે. તે મગરીબની નમાઝ પઢીને પહેલા હુસૈનીયાહ તરફ જતા હોય છે ત્યારે રસ્તામાં, કેટલાક નવયુવાનો તેમની પાસે આવે છે. તેઓએ પોતાની શેરીમાં અઝાખાનું  બનાવ્યું હોય છે અને એક મજલીસે અઝાનું આયોજન કર્યું હોય છે. તે યુવાનો મુલ્લા અલીને તેઓના 'અઝા ખાના'માં આવવાની અને તેઓ માટે મસાએબ પઢવાની દાવત આપે છે...

મુલ્લા અલી કહે છે કે આજે રાત્રે તેમને ઘણી તકરીરો કરવાની છે અને તેમની પાસે સમય નથી અને તેમણે ઘણા લોકોથી વાયદો પણ કર્યો છે.

તે યુવાનો ખૂબજ આગ્રહ કરે છે. અંતે મુલ્લા અલી તેઓને કહે છે કે અગર તમે સમંત હો તો હું મારી છેલ્લી મજલીસ પછી તમારા "અઝા ખાના'માં આવીશ.  બાળકો આ બાબતથી સંમત થાય છે. "અઝા ખાના'માં ' બે થી ત્રણ

શેરીઓ પછી આવેલ હોય છે. મુલ્લા અલી બાળકોને ખુદા હાફીઝ કરે છે અને અને બાળકો ખુશી ખુશી પોતાના અઝાખાના પર જાય છે અને તેમની રાહ જોવે છે.

રાત્રિના ૧૧:00 વાગ્યા હોય છે. ઘણી મજલીસોમાં તકરીરો આપીને તે થાકી ગયા હોય છે એટલે છેલ્લી હુસૈનીય્યાહમાં મજલીસ પઢીને તે પોતાના ઘરે જાય છે. તે ભૂલી જાય છે કે બાળકો તેમની રાહ જોવે છે. કાલે આશુરાનો દિવસ હોય છે. તેમને વહેલી સવારે બીજી મજલીસોમાં જવાનું હોય છે. તેથી તે રાતનું જમવાનું જમે છે અને જલ્દી સૂઈ જાય છે.

થોડોક સમય પસાર થાય છે. તે પોતાના ખ્વાબમાં બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ને જોવે છે કે જેઓ એમ કહેતા હોય છે: "મુલ્લા અલી તમે બાળકોને વાયદો કર્યો હતો કે તમે તેમના માટે મસાએબ પઢશો, પરંતુ તમે ગયા નહીં. તેઓ તમારી રાહ જોઈ રહ્યા છે!"

મુલ્લા અલી ખ્વાબમાંથી બેદાર થાય છે અને જલ્દીથી પોતાના ઘરેથી નીકળે છે અને બાળકોના "અઝા ખાના'માં ' તરફ જાય છે.

જ્યારે તે ત્યાં પહોંચે છે ત્યારે જોવે છે કે ત્યાં લાઈટ ચાલુ છે. બાળકો તેમની રાહ જોઈ રહ્યા હોય છે. તેમાંથી કેટલાક સૂઈ ગયા હોય છે અને બાકીના બીજા બેઠા હોય છે. જ્યારે બાળકો તેમને જોવે છે ત્યારે તેઓ તેમની બેઠકો પરથી ઉભા થાય છે. મુલ્લા અલી ત્યાં મોડા આવવા બદલ બાળકોથી માફી માંગે છે અને તેઓ માટે મસાએબ પઢે છે. (સલવાત)

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૬, પેજ નં.૨૫)

મસાએબ :અઝીઝો! દુનિયામાં ક્યાંય એવું જોવા નથી મળતું કે કોઈનાં મરવા પછી તેના કપડા ઉતારી લેવામાં આવે. અગર કોઈ હાઈવે પર પણ કોઈ એક્સિડન્ટ થયું હોય તો તમે થોડાક સમય પછી જોશો કે કોઈને કોઈ આવીને તે મય્યત પર ચાદર નાખી દે છે પરંતુ અલ્લાહ અલ્લાહ! તે ઈમામ હુસૈન

(અ.સ) કે જેમના માટે જન્નતથી લિબાસ આવ્યો હોય, તેમની લાશ કરબલાનાં મૈદાનમાં બે ગૌરો કફન પડી છે.

**પછી ઈમામ અ.સ. આગળ ફરમાવે છે:** સલામ તે રુખ્સારો પર જે કરબલાની સળગતી જમીન પર પડ્યા હતા. **અઝીઝો! ઈમામ હુસૈન (અ.સ)નો રુખ્સાર, તે રુખ્સાર કે જેનો હઝરત રસૂલે ખુદા (સ.અ.વ) બોસો લેતા હતા, જનાબે ફાતેમા ઝહરા (સ.અ) બોસો લેતા હતા, તે ઈમામ હુસૈન (અ.સ)નો રુખ્સાર, કરબલાની સળગતી જમીન પર પડ્યો હતો.**

**પછી ઈમામ અ.સ. આગળ ફરમાવે છે:** સલામ તે હોઠો પર જેમનાં પર ચાબૂક મારવામાં આવ્યા...

**અઝાદારો! રિવાયત કહે છે, રાવીનું બયાન છે કે હું યઝીદનાં દરબારમાં ઉભો હતો, ચારેય તરફ તમાશાઈઓનો મજમો હતો, એહલે હરમ રસન બસ્તા એક બાજુ ઉભા હતા, જનાબે ઝૈનબ (સ.અ) ઉભા હતા, જનાબે સકીના (સ.અ) ઉભા હતા, હઝરત ઝૈનુલ આબેદીન (અ.સ) ઉભા હતા, યઝીદ તખ્ત પર બેઠો હતો. તખ્તની સામે એક તશ્ત પર ઈમામ હુસૈન (અ.સ)નું સર રાખેલું હતું. યઝીદનાં હાથમાં એક છડી હતી, તે છડી ઈમામ હુસૈન (અ.સ)નાં હોઠો પર મારતો હતો. રાવી કહે છે હું આ બધું જોઈને તડપી ગયો, મેં યઝીદને કહ્યું આ હોઠો પર છડી ન માર, મેં મારી આંખે જોયું છે રસૂલે ખુદા (સ.અ.વ) આ હોઠોને બોસો આપતા હતા.**

## <u>મજલીસ 7 એક ઈજનેરનો અહદ(વાયદો) અને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) માટે મજલીસ</u>

**એક આલીમે દીન હોય છે જેનું નામ અબ્દુઝ્ઝહરા કાબી હોય છે. તે ઈરાકમાં રહેતા હોય છે અને તે એક આલીમ અને ખતીબ હોય છે. અરબીમાં તેમના દ્વારા પઢવામાં આવેલ મસાએબ ખૂબ જ હ્રદયસ્પર્શી હોય છે. તેમના શબ્દો હક અને સચ્ચાઈને બયાન કરે છે અને લોકોને સઆદત (ખુશનસીબી)નો રસ્તો બતાવે છે. સદ્દામના એજન્ટોએ તેમને ઘણી વખત**

ગિરફ્તાર કર્યા અને જેલમાં નાખ્યા પરંતુ તેમણે તેમનો રસ્તો શરૂ રાખ્યો અને હુકુમતના અનુયાયી ન બન્યા. તેમણે મિમ્બરે ઈમામ હુસૈન(અ.સ.) પરથી હુકુમતના વખાણ ન કર્યા.

આ વર્ષે જ્યારે મોહર્રમ આવે છે ત્યારે તે બહેરૈનનો સફર કરે છે કારણ કે ત્યાંના શિયાઓએ તેમને ત્યાં મજલીસ પઢવા માટે બોલાવ્યા હોય છે. તે બહેરૈનમાં અનેક હુસૈનિયાઓમાં મજલીસ પઢે છે અને ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપે છે.

સાતમા દિવસે એક યુવાન તેમની પાસે આવે છે, તેમને સલામ કરે છે અને તેમના હાથને બોસો આપે છે. તે એક  એન્જિનિયર હોય છે. તે તેમને 'તાસુઆ'ની રાત્રે તેના ઘરે મજલીસ પઢવા માટે ગુઝારિશ કરે છે. તે શિયા ન હતો .

અબ્દુઝ્ઝહરા કાબી કહે છે: 'તાસુઆ'ની રાત્રે, મારું શેડ્યુલ ખરેખર વ્યસ્ત છે. તેના માટે મેં મહિનાઓ પહેલા વાયદો કરેલ છે, હું આવી શકીશ નહીં.

હવે અબ્દુઝ્ઝહરા કાબી જોવે છે કે તે યુવાન ગુસ્સે થઈ જાય છે અને તેની આંખમાંથી આંસુઓ વહેવા લાગે છે અને કહે છે: "અગર તમે અમારી મજલીસમાં નહીં આવો, તો હું હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ને શિકાયત કરીશ."

અબ્દુઝ્ઝહરા કાબી જવાબ આપે છે: "હું આવીશ, પણ મારી છેલ્લી મજલીસ પછી  થોડું મોડું થઈ શકે છે."

તે  ખુશ થઈ જાય છે અને તેમને તેના ઘરનું સરનામું આપે છે.

'તાસુઆ'ની રાત આવે છે. અબ્દુઝ્ઝહરા કાબી તે એહલે સુન્નત એન્જિનિયરના ઘરે જાય છે અને એક મોટી ભીડ જોવે છે. મજ્લીસમાં શિયા સિવાયના બીજા મઝહબના આલીમોનું એક ગ્રુપ પણ ત્યાં આવ્યું હોય છે. મજલીસમાં લોકોની સામે એક મિમ્બર રાખવામાં આવે છે. જ્યારે

અબ્દુઝ્ઝહરા કાબી મિમ્બર તરફ જાય છે તો તે તેમને કહે છે: "આજે રાત્રે તમે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ની તૂટેલી પાંસળીઓ (શિકસ્તા પેહલુ)ના મસાએબ પઢો."

અબ્દુઝ્ઝહરા કાબી તેની તરફ જોવે છે અને કહે છે: "તમારી વિનંતી આ મજલીસ માટે મુનાસેબત નથી રાખતી. આજની રાત 'તાસુઆ' ની રાત છે. આજની રાત્રે બધી જગ્યા પર હઝરત અબ્બાસ(અ.સ.)ના મસાએબ પઢવામાં આવે છે."

તે જવાબ આપે છે, "આ મજલીસ મારા તરફથી છે. શું મને એ હક નથી કે હું હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) માટે મજલીસનું આયોજન કરી શકું ?

અબ્દુઝ્ઝહરા કાબી સમંત થાય છે અને મજલીસ શરૂ કરે છે. તે બીબી ફાતેમા ઝહરા(સ.અ.) પર પડવામાં આવેલ મસાએબ પઢે છે. તે જોવે છે કે તે એન્જિનિયર ગિર્યા કરતો જાય છે અને કહે છે: યા ફાતેમા(સ.અ.)! યા ફાતેમા(સ.અ.)!

લોકો પણ તેની આ હાલત જોઈને ભાવુક થઈ જાય છે.

જ્યારે મજલીસ પૂરી થાય છે ત્યારે દસ્તરખાન બિછાવવામાં આવે છે અને તે એન્જિનિયર બધાને વેલકમ (સ્વાગત) કરે છે. પછી તે એન્જિનિયર, અબ્દુઝ્ઝહરા કાબી પાસે આવે છે અને કહે છે: "અય લોકો, જાણો કે હું થોડા દિવસો પેહલા શીઆ બન્યો છું અને આ કામયાબી મને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની બરકતથી મળી છે."

અબ્દુઝ્ઝહરા કાબી પૂછે છે: આની પાછળ શું વાકેઓ છે?

તે પોતાનો વાકેઓ આ રીતે વર્ણવે છે: થોડા સમય પહેલા હું ઓફિસમાં કામ કરી રહ્યો હતો ત્યારે મને ફોન આવ્યો. મેં ફોન ઉપાડ્યો. મારી પત્ની ફોન પર હતી. તેણીએ ખૂબ જ મોટા અવાજે કહ્યું, "જલ્દી ઘરે આવો, આપણું બાળક મરી રહ્યું છે."

હું ઝડપથી ઘરે પહોંચ્યો અને જોયું કે મારા બાળકને તાવ આવ્યો હતો. તે કેટલાક સિક્કાઓ સાથે રમી રહ્યો હતો. તેણે તેમાંથી એક સિક્કાને તેના મોઢામાં મૂક્યો હતો અને તે સિક્કો તેના ગળામાં ફસાઈ ગયો હતો.

અમે ઝડપથી હોસ્પિટલમાં ગયા. તેઓએ અમને કહ્યું: "બાળકનું ગળું સંવેદનશીલ છે અને તેનું ઓપરેશન ખતરનાક હશે. ખૂબ જ મુશ્કેલીથી મેં બાળકને હોસ્પિટલમાં દાખલ કર્યો. તેઓ બાળકને ઓપરેશન રૂમમાં લઈ ગયા. હું ખૂબ જ બેચેન હતો. હું ઓપરેશન રૂમની પાછળ રાહ જોઈ રહ્યો હતો. અચાનક મને યાદ આવ્યું કે મુશ્કેલીના સમયે શીઆઓ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરે છે. મેં મારા દિલના ઊંડાણથી કહ્યું: " યા ફાતેમા(સ.અ.)! અગર આપ, અલ્લાહથી મારા બાળકની શિફાની દરખાસ્ત કરશો તો હું તેનું નામ હુસૈન રાખીશ અને શિયા બની જઈશ અને હું તમારા માટે મજલીસનું આયોજન કરીશ." આ કહીને હું રડવા લાગ્યો.

તે જ ક્ષણે, મેં નર્સોને ઓપરેશન રૂમમાંથી બહાર આવતા જોયા.

મેં પૂછ્યુ: "શું થયું?" મારા બાળકના શું ખબર છે?"

તેઓએ કહ્યું: "શું તમે હઝરત ઈસા(અ.સ.)ના દર પર ગયા હતા ? તમારા બાળકને શિફા મળી ગઈ છે. તેના ગળામાંથી સિક્કો નીકળી ગયો છે, તે હવે ઠીક છે, ઓપરેશનની કોઈ જરૂર નથી."

મેં ગિર્યા કર્યું અને કહ્યું, "હું પયગંબર(સ.અ.વ)ની દુખ્તર, જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના દર પર ગયો હતો અને તેમણે મેં મારા બાળકની શિફા માટે વિનંતી કરી હતી."

પછી તે તેના બાળક હુસૈનને બોલાવે છે, તેને બોસો આપે છે અને ગળે લગાવે છે અને ફરી રડવા લાગે છે.

તે વર્ષથી દર વર્ષે 'તાસુઆ' ની રાત્રે તે એક મજલીસનું આયોજન કરે છે અને ખતીબને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના મસાએબ પઢવા માટે બોલાવે

છે કે જેથી લોકો હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની મઝલુમીય્યત પર આંસુ વહાવે.   નોંધ : (તાસુઆની રાત એટલે 9મી મોહરમની રાત)

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૭, પેજ નં. ૨૭ )

જનાબે મોહસીન ઈબ્ને અલી (અ.સ)ની શહાદત સકિફા પછી થઈ. આ તે શહાદત છે જે અઝીમ તરીન શહાદત છે. ઘણાં લોકો ઈન્કાર કરે છે, મોહસીન નામનો કોઈ દિકરો જ નથી પરંતુ આ અલ્લાહનો કરમ છે કે તમે જ્યારે જિદ્દામાં જશો તો ખરેખર તમે જોશો કે ત્યાં એક રસ્તો છે કે જેનું નામ મોહસીન ઈબ્ને અલી ઈબ્ને અબીતાલિબ (અ.સ)  છે.

તમે સૌ જાણો છો કે જ્યારે કોઈ બચ્ચું પેટમાં હોય છે તો ફક્ત એક હાથ પણ જો પેટમાં લાગે છે તો તે બચ્ચાની માતાને કેટલી તકલીફ થાય છે, ખાસ કરીને ત્યારે કે જ્યારે વિલાદતનો સમય નજદીક આવી ગયો હોય ત્યારે ખૂબ જ તકલીફ થાય છે. હવે તમે વિચારો તે સમયે જનાબે ફાતેમા ઝહરા (સ.અ)ની શું હાલત થઈ હશે જ્યારે એક લઈને આપ (સ.અ)નાં પેટ પર તલવાર લગાવી હશે અને પગોથી હુમ્લો કર્યો હશે ? અને આ બધું એટલા માટે કે જેથી પેટમાં રહેલું બચ્ચું પડી જાય. જનાબે ફાતેમા ઝહરા (સ.અ)ને દર અને દિવાર વચ્ચે એવી રીતે પિસ્વામાં આવ્યા કે ત્યાં જ જનાબે મોહસીન (અ.સ)ની શહાદત થઈ ગઈ.

ખરેખર આ બનાવ પાછળ કોણ જવાબદાર છે? શું તે શખ્સ જવાબદાર નથી કે જેણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ)નો દરવાજો સળગાવવાનો હુકમ આપ્યો? શું તે લોકો જવાબદાર નથી કે જેઓ આ બધું જોઈ રહ્યા હતા? શું તે લોકો જવાબદાર નથી કે જેઓએ જનાબે ફાતેમા ઝહરા (સ.અ) દર અને દિવાર વચ્ચે પીસી નાખ્યા હતા?

જનાબે મોહસીન ઈબ્ને અલી (અ.સ)ની શહાદત એક મન્સુબાની સાથે કરવામાં આવી હતી. આ શહાદતનાં કારણે જનાબે ફાતેમા ઝહરા (સ.અ)નાં દીલ પર જે અસર થઈ છે તેને ખરેખર કોણ બયાન કરી શકે છે?

જરા જનાબે ફાતેમા ઝહરા (સ.અ) એ દર્દને જોવો. એક તરફ પોતાનાં બાબાની જુદાઈનો સદમો, બીજું પોતાનાં શૌહરની ગરદનમાં રસ્સી જોવાનો સદમો, ત્રીજું પોતાનાં નાના દિકરાઓ હસન અને હુસૈનનાં રડવાનો સદમો, ચોથું પોતાની સામે જ પોતાનાં દિકરા જનાબે મોહસીન (અ.સ)ની મૈયતને જોવી, ખરેખર આ બધું કોણ બરદાસ્ત કરી શકે છે? આ તો જનાબે ફાતેમા ઝહરા (સ.અ)નું જીગર હતું કે એટલી બધી મુસીબતો પડવા છતાં પણ આપ (સ.અ) સબ્ર કરતા રહ્યા...

## મજલીસ 8 શૈખ અલી યઝ્દી અને મક્કામાં મૌતથી બચી જવું

યઝ્દ શહેરના એક આલીમ હોય છે જેને લોકો શૈખ અલી તરીકે ઓળખતા હોય છે. હજનો સમય આવી ગયો હોય છે. તેમને અલ્લાહના ઘરની ઝિયારત કરવાની ખૂબજ ઈચ્છા હોય છે.

તે મદીના જઈને પયગંબર(સ.અ.વ.) અને ચાર ઈમામો(અ.મુ.સ.)ની કબ્રોની ઝિયારત કરવા ચાહતા હોય છે. તે સફરની તૈયારી કરે છે અને તેમના દોસ્તોના એક ગ્રુપ સાથે હજ પર જાય છે.

તે પહાડો અને મૈદાનો પસાર કરીને ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યા પછી મક્કા પહોંચે છે. તે પોતાના હજના મનાસિક (એહકામ) બજાવી લાવે છે. હવે, તે હાજી બની જાય છે.

એક દિવસ સવારે ૧૦:00 વાગ્યે, તે મસ્જિદુલ હરામ તરફ જઈ રહ્યા હોય છે. તે તાકીદ કરેલ તવાફ કરવા ચાહે છે. રસ્તામાં, તે એક વ્યક્તિને ઉસ્માની સૈનિકના કપડામાં જોવે છે. તે સમયે, મક્કા ઉસ્માની હુકુમતના નિયંત્રણ હેઠળ હતું. તે સૈનિક તેમની પાસે આવે છે, તેમની સામે જોવે છે અને ફારસી ભાષામાં કહે છે: "શું તમે શૈખ અલી યઝ્દી નથી?"

તે જવાબ આપે છે: "હા, હું શૈખ અલી યઝ્દી છું." તે સૈનિક તેમને ગળે લગાવે છે. તે શૈખ અલી યઝ્દીને લઈ જાય છે અને તેના ઘરે બપોરના જમવાની દાવત આપે છે. તે કહે છે: "તમે અલ્લાહના મહેમાન છો. તમારી

ખિદમત કરવી મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. તમારી હાજરી અમારા ઘરને બરકત આપશે."

જ્યારે શૈખ અલી યઝ્દી, તે સૈનિકનો એટલો આગ્રહ જોવે છે તો સંમત થઈ જાય છે. તે સૈનિકની સાથે તેના ઘરે જાય છે. બપોરના જમવાનો સમય હોય છે. તે તેમના માટે સ્વાદિષ્ટ જમવાનું લાવે છે.

બપોરના જમણવાર પછી, શૈખ અલી યઝદી તેમના દોસ્તોના ઘરે જવા ચાહે છે પરંતુ તે સૈનિક તેમને જવા દેતો નથી.

શૈખ અલી યઝ્દી તે સૈનિકને કહે છે: "મારા દોસ્તો પરેશાન હશે." તે સૈનિક કહે છે: "તેઓએ ચિંતા શા માટે કરવી જોઈએ? આ અલ્લાહની પનાહગાહ છે, અહીં દરેક વ્યક્તિ સુરક્ષિત છે."

તે રાત સુધી ત્યાં રહે છે. જ્યારે ઈશાની નમાઝ પૂરી થાય છે, ત્યારે તે આ ઘરમાં જુદા જુદા લોકોને આવતા જોવે છે.ભીડ ધીમે ધીમે વધતી જાય છે. આ ઘરના માલિકના મહેમાનો હોય છે. જ્યારે બધા મહેમાનો આવી જાય છે ત્યારે તે સૈનિક કે જે ઘરનો માલિક હોય છે તે શીઆઓ વિશે બૂરું બોલવાનું શરૂ કરે છે. પછી શૈખ અલી યઝ્દી તરફ ઈશારો કરીને કહે છે, "આ શૈખ અલી, તેઓમાંથી છે જે જશ્ન મનાવે છે અને લાનત કરે છે."

જ્યારે મહેમાનો આ સાંભળે છે, ત્યારે તેઓ તેમની તરફ તીવ્ર નજરે જોવે છે. શૈખ અલી યઝ્દી ઘરના માલિક તરફ મુખાતબ થઈને કહે છે: "તમે આવી વાતો કેમ કહી રહ્યા છો? શું તમે મને ઓળખતા નથી?"

તે કહે છે: "શૈખ અલી! શું તમે યઝ્દમાં મદ્રેસાએ મુસલ્લાને ભૂલી ગયા છો? હું શૈખ જાબિર છું. જેવી તેણે આ વાત કહી તો શૈખ અલી યઝ્દીને ખ્યાલ આવી ગયો કે તે કોણ છે. યઝ્દમાં એક મદ્રેસો હતો કે જેનું નામ મદ્રેસાએ મુસલ્લા હતું. ત્યાં તેમણે ઘણા વર્ષો સુધી તાલીમ હાસિલ કરી.

ત્યાં શૈખ જાબિર નામનો એક વ્યક્તિ હતો જે શીઆ ન હતો અને પોતાનો મઝહબ છુપાવી રહ્યો હતો. હવે તેણે શૈખ અલી યઝ્દીને મક્કામાં શોધી

કાઢ્યા હતા અને તેમની પાસેથી બદલો લેવા ચાહતો હતો. બધા મહેમાનો શૈખ અલી યઝ્દી પર લાનત મોકલે છે અને તેમને મારી નાખવાનું નક્કી કરે છે.

શૈખ અલી યઝ્દી તેમને કહે છે: "આ અલ્લાહનું હરમ છે અને હું તમારો મહેમાન છું." તેઓ કહે છે: "તમારો ગુનાહ, આ શબ્દો કરતાં મોટો છે. તમે મૌતને લાયક છો." તેઓ મળીને મશવેરો કરે છે કે તેમને કેવી રીતે મારી શકાય.

હવે શૈખ અલીને ખાતરી થઈ ગઈ છે કે તે મૌતમાં ફસાઈ ગયા છે. તે શૈખ જાબિરને કહે છે: મને ૨ રકાત નમાઝ પઢવાની ઈજાઝત આપો. શૈખ જાબિર કહે છે: ઠીક છે.

શૈખ અલી યઝ્દી કહે છે: અહીં મારું મન નથી લાગતું. શૈખ જાબિર કહે છે: તમે જ્યાં ઈચ્છો ત્યાં નમાઝ પઢો, તમારી પાસે બચવા માટે કોઈ રસ્તો નથી.

શૈખ અલી યઝ્દી સહેનમાં જાય છે. દરવાજો બંધ હોય છે અને દિવાલ ઊંચી હોય છે, તેમના બચવાનો કોઈ રસ્તો દેખાતો નથી. તે કિબલા તરફ મુખ કરે છે અને નમાઝે ઈસ્તેગાસાએ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) પઢે છે. નમાઝ પછી સજદો બજાવી લાવે છે. પછી તે મહેરબાન બીબીને પૂકારે છે: યા ફાતેમા! તેમની આંખોમાંથી આંસુ વહી રહ્યા હોય છે અને તે કહી રહ્યા હોય છે: અય મારી બીબી! મને આ અજાણ્યા શહેરમાં તમારા દુશ્મનોના હાથે કત્લ થવાથી બચાવો.. મારી પત્ની અને બાળકો યઝદમાં મારી રાહ જોઈ રહ્યા છે."

અચાનક તેમના મનમાં એક વિચાર આવે છે કે જાણે કોઈ તેમને કહી રહ્યું હોય: "સીડીઓ ચઢીને છત પર જાવ અને ત્યાંથી ગલીમાં કૂદકો મારો. હા, એ સાચું છે કે છતથી ગલીના ફ્લોર સુધીની ઊંચાઈ વધુ છે, પણ અલ્લાહ પર ભરોસો રાખો, અલ્લાહ ચાહશે તો તમને કંઈ જ નહીં થાય અને તમે બચી જશો."

શૈખ અલી યઝ્દી  સજદામાંથી ઉઠે છે અને ઝડપથી સીડીઓ ચઢવા લાગે છે. જ્યારે તે છત પર પહોંચે છે ત્યારે નવાઈ પામે છે. તે જોવે છે કે ત્યાં પહાડો નથી જ્યારે કે મક્કા આજુ બાજુ  પહાડોથી ભરાયેલું  છે. આ જગ્યા તેમને યઝદ જેવી લાગે છે. તે છતની એક બાજુએ આવે છે તો જોવે છે કે આ તો તેમનું જ ઘર છે. તેમને લાગે છે કે તે ખ્વાબ જોઈ રહ્યા હોય છે પણ ખરેખર એવું હોતું નથી, આ હકીકત હોય છે.

પછી તે તેમની પત્ની અને બાળકોને બોલાવે છે. બાળકો કહે છે કે તેઓએ પિતાનો અવાજ સંભળાયો છે. તેમની પત્ની બાળકોને કહે છે: આ ફક્ત તમારો ખ્યાલ છે, તમારા પિતા અત્યારે હજમાં છે, તેમને અહીં પહોંચવામાં ઘણા મહિના લાગશે. તે સમયે તેઓ ઘોડા અને ઊંટ પર સફર કરીને મક્કા જતા હતા.

શૈખ અલી યઝ્દી, તેઓને ફરીથી બોલાવે છે અને પોતાની પત્નીને કહે છે: "ડરો નહિ! હું છું, અહીં આવો અને અગાસીનો દરવાજો ખોલો."

તેમની પત્ની આવે છે, દરવાજો ખોલે છે, તેમને જોવે છે અને સ્તબ્ધ થઈ જાય છે. તે પોતાની પત્નીને કહે છે કે અલ્લાહનો શુક્ર કરો કે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલની બરકતથી તે મૌતથી બચી ગયા છે અને પછી તે પૂરો બનાવ તેમની પત્નીને જણાવે છે.

તેમના દોસ્તો મક્કામાં તેમની રાહ જોઈ રહ્યા હોય છે. તે સમયે તેઓને ખબર આપવા માટે કોઈ ટેલિફોન ન હતો. તેઓ ઘણા દિવસો સુધી તેમને શોધે છે પણ તેઓને શૈખ અલી યઝ્દીના કોઈ ખબર મળતા નથી. અંતે તેઓ મક્કા છોડીને ૨ મહિના પછી યઝ્દ પહોંચે છે.

શૈખ અલી યઝ્દી  તેમના દોસ્તોને મળવા જાય છે. જ્યારે તેઓ તેમને જોવે છે ત્યારે તેઓ ખૂબજ ખુશ થઈ જાય છે અને ખુશીના આંસુ વહાવે છે. શૈખ અલી યઝ્દી તેઓને પૂરો વાકેઓ બયાન કરે છે. એક વખત જ્યારે શૈખ અલી યઝ્દીએ તેમના એક દોસ્તને આ વાકેઓ વર્ણવ્યો તો તેને ખૂબજ આશ્ચર્ય

થયું. તેને યકીન થતું ન હતું કે શું આવું પણ થઈ શકે. તેથી શૈખ અલી યઝ્દી, સુરએ નમ્લની 40 મી આયતની તિલાવત કરે છે.

قَالَ الَّذِي عِنْدَهُ عِلْمٌ مِنَ الْكِتَابِ أَنَا آتِيكَ بِهِ قَبْلَ أَنْ يَرْتَدَّ إِلَيْكَ طَرْفُكَ

"જેની પાસે કિતાબનું થોડુંક ઈલ્મ હતું તેણે કહ્યું કે તારી પલક ઝબકે તે પહેલાં તેને તારી પાસે હાજર કરી દઈશ."

પયગંબર હઝરત સુલૈમાન(અ.સ.)ને ખબર પડી કે 'બિલ્કીસ', સબા નામની જગ્યા પર સૂર્યની ઈબાદત કરી રહી છે. હઝરત સુલૈમાન(અ.સ.)એ બિલ્કીસને પેલેસ્ટાઈન બોલાવી. હઝરત સુલૈમાન(અ.સ.)એ તખ્તે બિલ્કીસને સબાથી પેલેસ્ટાઈન લાવવાનું નક્કી કર્યું.

આસિફ કે જે હઝરત સુલૈમાન(અ.સ.)ના ભત્રીજા હતા , તેણે આપ(અ.સ.)ને કહ્યું: "હું તે તખ્તે બિલ્કીસને આંખના પલકારામાં તમારી પાસે લઈ આવીશ."

હઝરત સુલૈમાન(અ.સ.)એ તેને ઈજાઝત આપી. અચાનક બધાએ જોયું કે બિલ્કીસનો શાનદાર તખ્ત તેઓની સામે હતો. આસિફની આ કાર્યથી બધા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.

બેશક અલ્લાહે આસિફને 'ઈલ્મે કિતાબ' નો અમુક અંશ અતા કર્યો હતો અને તે આ અજીબ કામ કરી શક્યા .

આ બાબતે ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે: "આસિફ પાસે 'ઈલ્મે કિતાબ'નો ફક્ત એક ભાગ હતો. અલ્લાહે અમોને કિતાબનું બધુ જ ઈલ્મ અતા કર્યું છે, સંપૂર્ણ 'ઈલ્મે કિતાબ' નું ઈલ્મ અમારી પાસે છે."

(અલ કાફી, ભાગ:૧, પેજ નં.૨૫૭; બેહારૂલ અન્વાર, ભાગ: ૨૬, પેજ નં.૧૯૭)

શૈખ અલી યઝ્દીએ તેમના દોસ્તને આ વિશે સમજાવ્યુ. પછી તેને પૂછ્યું: શું આસિફનો મકામ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી બુલંદ છે? તેમના દોસ્તે

કહ્યું :નહિ,  હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)નો મકામ આસિફ કરતા ખુબ જ બુલંદ છે .

શૈખ અલી યઝ્દીએ તેમના દોસ્તને કહ્યું: અગર આસિફ, અલ્લાહના હુકમથી આટલા મોટા તખ્તને ૧000 કિલોમીટર દૂર લઈ જઈ શકે છે તો પછી અલ્લાહના હુકમથી હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) કોઈ વ્યક્તિને મક્કાથી યઝ્દ કેવી રીતે ન લઈ જઈ શકે?

અહીં તેમનો દોસ્ત વિચારમાં પડી ગયો. પછી તેણે તેમનો શુક્રિયા અદા કર્યો અને તેમના માટે દુઆ કરી. તે સ્પષ્ટ થઈ ગયું હતું કે તેની જે શંકા હતી તે દૂર થઈ ગઈ હતી.(સલવાત)

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ.,વાકેઆ નં.૮, પેજ નં.૩૧)

"અય અલ્લાહના રસૂલ! આપ ખુદ પોતાની ઝહરાને પૂછો કે આપના પછી ઉમ્મતે તેમની સાથે કેવો વર્તાવ કર્યો?"  આયતુલ્લાહ વહીદે ખુરાસાની આ જુમ્લાની તશરીઅ કરતા કહે છે કે જાણે હઝરત અલી(અ.સ.) એમ કહેવા ચાહે છે કે અય અલ્લાહના રસૂલ! પૂરી બાબત તો ઝહરાએ મને પણ બતાવી નથી કે તેમના પર શું વીત્યું. પોતાના પહેલુંનો ઝખ્મ છુપાવ્યો.

જ્યારે હઝરત અલી(અ.સ.) ગુસ્લ આપી રહ્યા હતા ત્યારે ચીખ મારીને રડ્યા  પછી આગાએ આગળ જણાવ્યું કે હઝરત અલી(અ.સ.) એમ કહેવા ચાહે છે કે અય અલ્લાહના રસૂલ! અગર તમે પણ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને આ બાબતે પૂછશો નહીં તો તે તમને પણ જણાવશે નહીં અને આ બાબત તેની અને અલ્લાહની વચ્ચે રાખશે.

પરંતુ અય અલ્લાહના રસૂલ! તમે આવું ન કરશો, આપ પોતાની ઝહરાથી સવાલ કરજો, તો આપની ઝહરા તમને બતાવશે.હવે વિચારો કે જ્યારે હઝરત અલી(અ.સ.)એ આ બાબત, આપ(સ.અ.વ.)ને કહી હશે તો આપ(સ.અ.વ.)એ સવાલ કર્યો હશે ને કે અય મારી ઝહરા! મને જણાવો તો ખરા કે મારા પછી તમારા પર શું વીતી?

તો ઝહરા શું કહેશે? ઝહરા કહેશે, બાબા! ઘર પણ તે જ હતું, દરવાજો પણ તે જ હતો અને તે જ દરવાજો હતો કે જ્યાં આપે મહિના સુધી દરરોજ ઊભા રહીને કહ્યું હતું: "અસ્સલામો અલ્યક યા એહલેબૈતીન નબુવ્વહ"

પછી અય મારા બાબા! જે દરવાજા પર આપ આયતે તત્હીરની તિલાવત કરતા હતા, પણ હું તો રાહ જોતી રહી ગઈ કે હમણાં કોઈ આવશે અને દિલાસો આપશે અને કહેશે અય નબીની બેટી! તમારા બાબાનો છાંયો તમારા માથેથી ઉઠી ગયો, અમે ખાદીમ મૌજુદ છીએ, કોઈ કામ હોય તો બતાવજો; પરંતુ ઝહરા રાહ જોતી રહી ગઈ પણ કોઈ દિલાસો કે તસલ્લી દેવાવાળું ન હતું. બાબા! અગર કોઈ હતા તો આગ અને લાકડીઓ લાવવાવાળા હતા, ધમકી દેવાવાળા હતા કે અબુલ હસનને બહાર નીકાળો નહિંતર અમે આ દરવાજાને આગ લગાડી દેશું.

બાબા! આ બધું કહેવાનું જ કાફી ન હતું બલ્કે આગ લગાવવામાં આવી, ધુમાડો બુલંદ થયો, દરવાજો પડી રહ્યો હતો, આપની ઝહરા ક્યાં હતી. બાબા, હું દર અને દીવારની ભીસમાં પીસાઈને રહી ગઈ. અય બાબા! હું ફિઝ્ઝાને અવાજ આપતી રહી ગઈ, અય ફિઝ્ઝા! મને સંભાળો, મારો મોહસીન શહીદ થઈ ગયો છે.

અય બાબા! હું કરતી તો શું કરતી, બાબા હું આપને જ પુકારતી હતી. આ શહેરે મદીનાની શેરીઓ હતી અને મારી સદા હતી. અય બાબા! આપના પછી આપની ઝહરા પર એટલા મસાએબ પડ્યા કે અગર તે રૌશન દિવસ પર પડતે તો તે અંધારી રાતમાં બદલાઈ જતે.

## <u>મજલીસ 9 હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની કનીઝોમાં શુમાર થવાની એક માતાની તમન્ના, જનાબે અલી અકબર અ.સ.ના મસાએબ</u>

એક આલીમ હતા જે ઈસ્ફેહાનમાં તકરીરો કરતા હતા અને લોકો તેમના ઈલ્મથી ફાયદો હાસિલ કરતા હતા. અલ્લાહ તે આલીમના વાલીદ પર રહેમ કરે જેઓએ તેમને આ રસ્તાની હિદાયત કરી. જ્યારે તે આલીમ, નાના હતા

ત્યારે તેમના વાલીદ, તેમનો  હાથ પકડીને હવ્ઝએ ઈલ્મીયામાં લઈ ગયા હતા, જેથી તે આલીમે દીન બને અને લોકો માટે હિદાયતનો સ્ત્રોત બને.

તેમના વાલીદ ગુજરી જાય છે અને તે તેમની વાલેદાને તેમના ઘરે લાવે છે. તેમની વાલેદા વૃદ્ધ થઈ ગયા હોય છે અને તેમના ઘર માટે બરકત સ્વરૂપ હોય છે.જ્યારે મોહર્રમ મહિનો આવે છે, ત્યારે તે મોડે સુધી તકરીરો કરે છે. જ્યારે તે ઘરે પાછા ફરે છે ત્યારે તે તેમની વાલેદાને દરવાજા પર બેઠેલી, તેમની રાહ જોતી જોવે છે. તેણી દરરોજ રાત્રે આમ કરે છે. જ્યારે તે ઘરે પહોંચે છે ત્યારે તેમની વાલેદા કહે છે, "બેટા! તું આટલો મોડો કેમ આવો છો?"

તે જવાબ આપે છે: "માદરે ગિરામી! આ રાત્રિમાં મજલીસો હોય છે અને મારે તેઓ માટે તકરીરો કરવાની હોય છે."

તે આલીમ, તેમની વાલેદાનું માથુ ચૂમે છે, તેણીને તેની લાકડી આપે છે અને તેણીને ઘરમાં દાખલ થવામાં મદદ કરે છે.

એક રાત્રે, હવામાન ઠંડુ થઈ જાય છે. તે સામાન્ય સમય કરતા થોડાક મોડા ઘરે આવે છે. તે તેમની વાલેદાને ઘરના દરવાજા પર ઠંડીમાં બેઠેલી જોવે છે, જ્યારે તેણી તેમને જોવે છે ત્યારે કહે છે: "બેટા! તું આજે રાત્રે ખૂબજ મોડો આવ્યો છે. તે જવાબ આપે છે: "માદરે ગિરામી! આજે મારી તકરીર વધુ લાંબી હતી." તેમની વાલેદા વિનમ્રતાથી કહે છે: "બેટા! હું જાણું છું કે તું ઈમામ હુસૈન(અ.સ.)ના માટે મિમ્બર પર મજલીસ પઢવા માટે ગયો હતો."

તે આલીમ  તેમની માતાને  પૂછે છે: "માદરે ગિરામી! તમે શા માટે પોતાને પરેશાન કરો છો અને દરરોજ રાત્રે અહીં આવીને બેસો છો?"

તેણી જવાબ આપે છે: "બેટા! હું વૃદ્ધ થઈ ગઈ છું, હું હવે મજલીસમાં જઈ શકતી નથી. મને રાત્રે અહીં આવીને અને તારી રાહ જોઈને ખુશી થાય છે. આ એક માત્ર કાર્ય છે જે હું કરી શકું છું, કદાચ હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) તેમની કનીઝોમાં મારો શુમાર કરે!" તેણી આ જુમ્લા કહે છે અને આંસુઓ વહાવે છે.

તેમની વાલેદા બીમાર પડે છે અને થોડા સમય પછી તેનો ઈન્તેકાલ થાય છે. તે તેમના સંબંધીઓને જાણ કરે છે અને તેઓ બધા તેણીના જનાઝામાં સાથે આવે છે. જ્યારે તેણીને દફનાવવામાં આવે છે ત્યારે તે આલીમ ખુદ પોતે કબ્રમાં દાખલ થાય છે અને તેમની વાલેદાની મૈયતને કબ્રમાં લઈ જાય છે અને કબ્રમાં રાખે છે. તે કફન ખોલીને તેણીનો ચહેરો જમીન પર મૂકે છે, આ તેમની વાલેદાને વિદાય આપવાની ક્ષણ હોય છે. તે આલીમને તેણીની મહેરબાની યાદ આવે છે અને તેમની આંખમાંથી આંસુઓ વહેવા લાગે છે.

અચાનક તેમને તેમની વાલેદાના જુમ્લાઓ યાદ આવે છે, જ્યારે તેણી મોહર્રમના ઠંડા મહિનામાં ઘરમાં બેસતી હતી. તેણી કેટલી ચાહતી હતી કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) તેણીને તેમની કનીઝ તરીકે કબૂલ કરી લે.

તે આલીમ રડતા રડતા, તે અઝીમ બીબી, જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરે છે અને કહે છે: "યા ફાતેમા(સ.અ.)! હું તમારા ફરઝંદ હુસૈન(અ.સ.)ના મસાએબ પઢવાવાળો છું. ઈમામ હુસૈન(અ.સ.)ના ખાતર મારી વાલેદાની મદદ કરો અને આ હાલતમાં તેણીને એકલી ન છોડો!"

થોડા દિવસો પસાર થાય છે. એક પાડોશી તે આલીમ પાસે આવે છે અને કહે છે: મેં ગઈકાલે રાત્રે તમારી વાલેદાને ખ્વાબમાં જોયા.

તે આલીમ પૂછે છે: મારી વાલેદાની હાલત કેવી હતી?

પાડોશી કહે છે: તેણી સંપૂર્ણ શાંતિ સાથે એક લીલાછમ બગીચામાં હતા. તેણીએ મને કહ્યું કે તમારી પાસે આવીને તમને એક પૈગામ પહોંચાડું. તે આલીમ પૂછે છે: કયો પૈગામ ?

આ તમારી વાલેદાનો પૈગામ છે: "મારા દીકરા! હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી મારી શિફારીશ કરવા બદલ તારો શુક્રિયા. તારી શિફારીશનું સારું પરિણામ આવ્યું અને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)એ મને કનીઝ તરીકે કબૂલ કરી લીધી ."

જ્યારે તે આલીમ આ સાંભળે છે ત્યારે તેમની આંખોમાંથી આંસુઓ વહેવા લાગે છે અને તે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)નો શુક્રિયા અદા કરે છે. હા, બીબી ફાતેમા ઝહરા(સ.અ.)એ તેમની વાલેદાને કનીઝ તરીકે કબૂલ કરી લીધા હતા...

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૯, પેજ નં.૩૮)

મસાએબ: આશુરના દિવસે અલી અકબર અ.સ. વાલિદથી જંગની રજા માંગી. ઈમામ(અ.સ.)એ રજા આપીને તેમને મોહબ્બતભરી નજરોથી જોયા અને પછી માથું ઝુકાવી લીધું. આંખોથી આંસુ સરી પડ્યા. (નફસુલ મહમૂમ-૩૦૭) આસમાનની તરફ હાથ ઉઠાવીને કહ્યું: અય અલ્લાહ ગવાહ રહેજે તે જવાનને જંગ માટે મોકલી રહ્યો છું જે ખૂબસૂરતી, કમાલ અને અખ્લાકમાં સૌથી વધારે તારા રસૂલ(સ.અ.વ.) જેવો છે. જ્યારે અમે તારા રસૂલ (સ.અ.વ.)ની ઝિયારત કરવા ઈચ્છીએ છીએ તો આ જવાનને જોઈ લઈએ છીએ.

ઉમરે સઅદના લશ્કર પર હુમલો કર્યો અને આ રજઝ પઢ્યા:

"હું અલી, હુસૈન ઈબ્ને અલી(અ.)નો દીકરો છું. અલ્લાહની કસમ સૌથી વધારે રસૂલ(સલ.)ના નજીક અમે છીએ. હું સતત તમારા પર ભાલાથી વાર કરતો રહીશ એટલે સુધી કે તે વળી જાય. પોતાના વાલિદનું રક્ષણ કરીશ અને તલવારથી તમારા પર વાર કરીશ. જેવી રીતે એક હાશમી જવાનની શાન છે. અલ્લાહની કસમ ઈબ્ને ઝિયાદ અમારા પર હુકુમત નથી કરી શકતો.ઘણી વખત દુશ્મનોના લશ્કર પર હુમલો કર્યો. ઘણા બધાને કતલ કર્યા એટલે સુધી કે દુશ્મન પોતાના મકતૂલોની સંખ્યા જોઈને ગભરાઈ ગયા.

રિવાયતમાં છે કે અલી અકબર(અલ.) આટલા પ્યાસા હોવા છતાં એકસો વીસ દુશ્મનોને કતલ કર્યા (મનાકિબે લખ્યું છે કે સિત્તેર આદમી કતલ કર્યા.) અને ઘણા બધા ઝખ્મ ખાઈને પોતાના વાલિદની ખિદમતમાં હાજર થયા અને કહ્યું : બાબા ! પ્યાસ મને મારી રહી છે. હથિયારના વજનથી પરેશાન થઈ ગયો

છું. એક ઘુંટડો પાણી મળી શકે કે દુશ્મન સાથે જંગ શરૂ રાખવાની તાકાત પૈદા કરી શકું?

આ સાંભળી ઈમામ હુસૈન(અ.સ.) રડી પડ્યા અને ફરમાવ્યું : વા ગવસાહ! દીકરા થોડી વાર હજું જંગ કરો કે નજીકમાં જ તમે તમારા નાના (રસૂલ(સલ.)ની ઝિયારત કરશો. તે તમને સૈરાબ કરશે. ત્યાર પછી કદી પણ પ્યાસનો એહસાસ નહીં કરો.

આ જ રીતે જંગ કરતા રહ્યા અહીં સુધી કે ૨00 દુશ્મનોને હલાક કર્યા. ઉમર બિન સઅદના લશ્કરમાં અલી અકબર(અ.સ.)ને શહીદ કરવાની હિમ્મત ન હતી. પરંતુ મુર્રા બિન મુન્કઝ અબ્દીએ કહ્યું : જો આ જવાન મારી પાસેથી પસાર થયો અને હું તેના બાપને તેના ગમમાં ન રડાવું તો બધા અરબોના ગુનાહનો બોજ મારી ગરદન પર છે. જ્યારે લશ્કરે અલી અકબર(અલ.) પર હુમલો કર્યો તો આપ તે બદબખ્તના નજીકથી પસાર થયા તો તેણે ભાલો માર્યો. આપ(અ.સ.) ઘોડાથી જમીન પર પડી ગયા અને અન્ય ઝાલિમોએ આપના શરીરના ટુકડે ટુકડા કરી દીધા. (નફસુલ મહમૂમ પા-30૮)

અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે મુર્રા બિન મુન્કઝે પ્રથમ આપની પીઠ પર ભાલો માર્યો અને પછી પેશાની પર તલવારથી વાર કર્યો જેનાથી માથું ફાટી ગયું. આપે ઘોડાની ગરદનને બાથ મારી પરંતુ ઘોડાની આંખોમાં લોહી ભરાઈ જવાના કારણે તે આપને દુશ્મનોની વચ્ચે લઈ ગયો. દરેક તરફથી દુશ્મન આપ પર ટુટી પડ્યા. તે સમયે આપે અવાજ આપી ,સલામ થાય આપ પર અય બાબા, આ મારા નાના રસૂલે ખુદા(સ.) છે જે મને સૈરાબ કરી રહ્યા છે અને આજની રાતે આપ(અ.સ.)ની રાહ જોઈ રહ્યા છે.

(અબસારૂલ ઐન પા-૨૩)

## મજલીસ 10 હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની ઈનાયતથી મળેલુ ઘર.

એક શખ્સ, તેહરાનની એક દીની દર્સગાહમાં તઅલીમ હાંસિલ કરતા હતા. તે પરિણીત હતા અને તેને બે બાળકો હતા.ત્યાં ઘરનું ભાડું ખૂબ વધારે થઈ ગયું હતું અને ત્યાં રહેવાનું તેમને પોસાય તેમ ન હતું. તેથી તે તેની પત્ની અને બાળકોને લઈને 'દામાવંદ' નજીકના એક ગામમાં ગયા કે જ્યાં તેને યોગ્ય ઘર મળે. દર અઠવાડિયે જુમ્આની સાંજે, તે તેહરાન પાછા ફરતા હતા અને જુમેરાતની સવાર સુધી ત્યાં રહેતા હતા. તેનો પરિવાર એકલતા અને મુશ્કેલીઓમાં રહેતો હતો.

સમય પસાર થાય છે અને જ્યારે પણ તે જુમ્આના દિવસે દર્સગાહ જવાની તૈયારી કરતા ત્યારે તેના બાળકો રડતા અને વિનંતી કરતા: "બાબા! અમે તમને ખુદાની કસમ આપીએ છીએ, મહેરબાની કરીને અમને છોડીને ન જાવ!" તેની પત્ની પણ રડતી પણ તેની પાસે કોઈ વિકલ્પ ન હતો. તેને તેની તઅલીમ હાંસિલ કરવી હતી, આલીમ બનવું હતું અને દીનની ખિદમત કરવી હતી.

જ્યારે અય્યામે ફાતેમિય્યાહ આવે છે, ત્યારે દર્સગાહમાં મજલીસે અઝાનું આયોજન કરવામાં આવે છે. તે આ મજલીસે અઝામાં શિરકત કરે છે, આંખમાં આંસુ સાથે તે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરે અને કહે છે:

"અય મોહતરમ શેહ્ઝાદી એ કૌનેન ! હું તમારી પાસે ફક્ત એક જ વસ્તુ માંગુ છું, એક ઘર. તમે સારી રીતે જાણો છો કે મારો પરિવાર કેટલી મુશ્કેલીઓ સહન કરે છે."

થોડા દિવસો પછી તે જ્યારે પોતાના કલાસમાં હોય છે ત્યારે દર્સગાહના સંચાલક તેને બોલાવે છે. તે તેમની પાસે જાય છે અને સંચાલક તેને કહે છે: "મારી સાથે આવો." તે બંને દર્સગાહથી નીકળી જાય છે. હવામાન ઠંડું હોય છે અને બરફ પડી રહ્યો હોય છે. તે એ વિચારમાં પડી જાય છે કે આવા

હવામાનમાં, સંચાલક તેને ક્યાં લઈ જાય છે.  તે એક નવા બનેલા ઘરમાં પહોંચે છે. સંચાલક, તેનો દરવાજો ખોલે છે અને તે બંને ઘરમાં દાખલ થાય છે. તે એક યોગ્ય ઘર હોય છે.

સંચાલક તેને ચાવી આપે છે અને કહે છે:"આ ઘર તમારું છે. તમારી પત્ની અને બાળકોને લઈને અહીં રહો." તે આશ્ચર્યચકિત થઈ જાય છે. તેણે પોતાની મુશ્કેલી કોઈને કહી ન હતી. કોઈને પણ તેના દિલના રાઝની ખબર ન હતી. ચોક્કસપણે તે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની ઈનાયત હતી કે જેમણે આ રીતે તેની મુશ્કેલીને હલ કરી.

(મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ વાકેઆનં નં.૧૦, પેજ નં.૪૨).

રજઅતની એક લાંબી  હદીસમાં હ.ઈમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે :"પછી જ.મોહસીન અ.સ. આવશે તેમને જ.ખદીજાહ બીન્તે ખુવયલદ અને હઝરત અમીરુલ મોઅમેનીન અ.સ.ના માતા જ.ફાતેમહ બીન્તે અસદ તેડીને લાવશે અને તેણી બંને ખાતુનો ચીખતી હશે અને જ.મોહસીનના માતા જ.ફાતેમહ સ.અ. આ આયતની તિલાવત કરશે :

"આ  તમારો દિવસ છે કે જેનો તમોને વાયદો કરવામાં આવ્યો હતો" અને "આ દિવસે દરેક નફસ પોતાના આમાલને હાજર જોઈ લેશે અને પોતાના બુરા કાર્યોને જોઈને એવું ચાહશે કે કાશ તેના અને તેના કાર્યોના દરમ્યાન લાંબા અંતરની દુરી આવી જાય."

પછી હઝરત ઈમામ જાફર સાદિક અ.સ. રડવા લાગ્યા ત્યાં સુધી કે તેમની દાઢી મુબારક આંસુઓથી ભીની થઈ ગઈ પછી ફરમાવ્યું :  "એ આંખ ઠંડક ન મેળવે કે જે  આ ઝીક્રને સાંભળીને ના રડે"

આ સાંભળીને મુફઝ્ઝલે  લાંબા સમય સુધી રુદન કર્યું.

જયારે કોઈ ઔરતનું બાળક  સાકિત થઈ જાય છે  ત્યારે ઔરત ખુબ જ કમજોર થઈ જાય છે. પરંતુ જયારે જ ઝહરા સ.અ.ને હોશ આવ્યો તો પૂછ્યું કે અબુલ હસન કયા છે.? જ ફીઝ્ઝા એ કહ્યું દુશ્મનો આપને ગાળામાં રસ્સી

નાખીને લઈ ગયા, પોતાના દર્દને ભૂલી ગયા અને મસ્જીદે નબવી તરફ આવ્યા અને કહ્યું અય લોકો અબુલ હસનને છોડી દયો, નહીતર હુ મારા વાળ ખોલી નાખીશ..મસ્જીદે નબવીની દીવાલ બુલંદ થવા લાગી. લોકો એ ડરથી ઈમામને છોડી દીધા..

વિલાયત અને ઈમામતની હિફાઝતમાં હઝરત ઝહરા (સ.અ.) શહીદ થઈ ગયા.

## મજલીસ ૧૧ તબર્રુકનો એહ્તેરામ અને સબક

એક ખતીબ જેનું નામ "સૈયદ હસન" હોય છે. તે ઈસ્ફહાનમાં તકરીરો કરે છે. લોકો તેમની તકરીરોને ખૂબ જ ચાહે છે અને આથી લોકો એહલેબૈત(અ.મુ.સ.)ની તાલીમાતથી માહિતગાર થાય છે.

બાળકો માટે એક અઝાખાનું બનાવવામાં આવે છે અને બાળકો ત્યાં ભેગા થઈને અઝાદારી કરે છે. એક રાત્રે જ્યારે સૈયદ હસનની તકરીર ખત્મ થાય છે અને તે હુસૈનીય્યાહમાંથી નીકળતા હોય છે ત્યારે બાળકો તેમની પાસે આવે છે અને કહે છે, "હાજ આગા! અમારે ત્યાં આવો અને અમારા માટે મસાએબ પઢો."

સૈયદ હસન તેઓને કહે છે: મારે બીજી મજલીસમાં જવાનું છે. તેઓ ખૂબજ આગ્રહ રાખે છે. અંતે સૈયદ હસન કહે છે: "હું મજલીસોમાંથી પાછો ફરીશ ત્યારે તમારા અઝાખાના પર આવીશ."

બાળકો તેમની રાહ જોઈ રહ્યા હોય છે અને છેવટે તે ત્યાં આવે છે. તે એક નાની ખુરશી કે જે અઝાખાનામાં રાખવામાં આવેલ હોય છે, તેના પર બેસે છે અને બાળકો માટે મજલીસ પઢે છે. પછી બાળકો તેમના માટે ચા લાવે છે. તે ચા લે છે અને ખુદ પોતાને કહે છે: "મને ખબર નથી કે તે ચા સ્વચ્છ છે કે નહીં."

તેથી તે કાર્પેટને એક બાજુએ કરે છે અને ચા જમીન પર ઢોળી નાખે છે. બાળકો તેમને આમ કરતા જોતા નથી અને વિચારે છે કે તેમણે ચા પી લીધી હશે. પછી તે બાળકોને ખુદા હાફીઝ કરે છે અને પોતાના ઘરે જાય છે.

તે આલીમ રાત્રે તે ખ્વાબમાં હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ને જોવે છે. તેમને સલામ કરે છે પણ બીબી તેમની સલામનો જવાબ ઠંડા અવાજે આપે છે. તેથી તેમને ખ્યાલ આવે છે કે બીબી તેમનાથી નારાજ છે.

તેથી તે કહે છે: "અય બીબી! હું વર્ષોથી આપ (સ.અ.) અને આપના ફરઝંદ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ખિદમત કરી રહ્યો છું. તમે મારાથી કેમ નારાજ છો?" હઝરત ફાતેમા ઝહરા(સ. અ.) જવાબ આપે છે: "સૈયદ હસન, હું તમારી ખિદમતથી ખુશ છું, પણ મને કહો કે તમે ગઈ રાત્રે બાળકોએ આપેલી ન્યાઝ્ની ચા જમીન પર કેમ ઢોળી નાખી ? શું તે ચા, મારા ફરઝંદ હુસૈન(અ.સ.)ની મજલીસની ચા ન હતી?" તમે આવું કેમ કર્યું?

સૈયદ હસન ખ્વાબમાંથી બેદાર થઈને કહે છે: "અય બીબી! મને માફ કરી દો." પછી તે સજદામાં જાય છે અને રડે છે.

પછીની રાત્રે તે બાળકોના 'અઝાખાના' પર જાય છે. આ વખતે સૈયદ હસન એ ઉમ્મીદ સાથે કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) તેમનાથી ખુશ થશે, બાળકોની ચા પીવે છે અને રડે છે. કારણ કે તે માને છે કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની ખુશનુદીમાં જ ખુદાની ખુશનુદી રહેલી છે.

(કિતાબ: મેહરે મહેતાબ: વાકેઆ નં.૧૧, પેજ નં.૪૩)

અહી જનાબે મુસ્લિમ ઈબ્ને અકીલ અ.સ.ના મસાએબ પડે.

## <u>મજલીસ 12 : સિદ્દીક કોણ ?</u>

એક ખતીબ હોય છે. અય્યામે ફાતેમિયાહના દિવસો નજીક આવી રહ્યા હોય છે. ઈસ્ફહાનમાં લોકોનો એક સમૂહ તેઓની મજલીસોમાં, તેમને તકરીર કરવા માટે બોલાવે છે. તે આ દાવતને કબૂલ કરે છે.

મજલીસની પહેલી રાત્રે, તે જોવે છે કે એક મોટી ભીડ ભેગી થઈ હોય છે. એટલે તે "ફદક" વિશે બોલવાની મુનાસેબત જોવે છે. ફદક એક એવી જમીન હતી જે ખલીફાએ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) પાસેથી નાહક છીનવી લીધી

હતી અને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને તેમના વારસાથી વંચિત રાખ્યા હતા, તેથી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) મસ્જીદમાં આવ્યા અને લોકોની હાજરીમાં કહ્યું: "ખલીફાને કહ્યું  આ તે  કેવું છે કે તમે તમારા વાલીદ પાસેથી વારસો મેળવો પરંતુ મને મારા વાલીદ પાસેથી વારસો ન મળે. આ કેવો હુકમ છે જે તમે આપી રહ્યા છો?"

તેણે જવાબ આપ્યો: "હું અલ્લાહને ગવાહ બનાવું છું કે મેં તમારા વાલીદને આમ કહેતા સાંભળ્યા છે: અમે, અંબિયા(અ.મુ.સ.) પોતાના પછી કોઈ સોનું, જમીન કે ઘર છોડતા નથી."

આ એક બહુજ મોટું જૂઠ હતું જે હુકુમતના ખલીફાએ કહ્યુ હતુ. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)એ તેને જવાબ આપ્યો: "સાંભળો  શું તમે કુરઆન પઢયું નથી ? સુલૈમાન, દાઉદના ફરઝંદ હતા અને કુરઆન કહે છે: "સુલૈમાન દાઉદના વારસ થયા." (સુરએ નમ્લ, આયત નં.૧૬). અગર પયગંબરો કોઈ વારસો છોડીને જતા નથી, તો કુરઆન આવું કેમ કહે છે? શું  મારા વાલીદ કુરઆનની વિરુદ્ધ બોલનારા હતા ? અલ્લાહના અહેકામોને બયાન કરવા અને તેના પર અમલ કરવાની તેમની ફરજ હતી.મારા વાલીદ કુરાનથી વિરુધ્ધ ક્યારેય બોલ્યા નથી. તમે જૂઠું બોલી રહ્યા છો અને તમે એક યુક્તિ વાપરી છે."

(અલ એહતેજાજ, ભાગ: ૧, પેજ નં.: ૧૦૫)

આ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના જુમલા હોય છે જે તે ખતીબ યુવાનોને બયાન કરે છે. યુવાનો તેમની વાતોને ધ્યાનપૂર્વક સાંભળે છે. હવે સમય આવી ગયો હતો કે તે અસ્લ બાબત જણાવે. તે ઉંચા અવાજે કહે છે: “અય પ્યારા યુવાનો! તમે બીજા લોકોની જેમ ન બનો કે જેઓ કહે છે: ‘ખલીફા  સિદ્દીક છે.'

શું તમને ખબર છે “સિદ્દીક” નો અર્થ શું થાય છે? તેનો અર્થ છે ખૂબ જ સાચા.

હવે કહો, શું તમારા ખ્યાલ પ્રમાણે ખલીફા એ વક્ત સાચા હતા? તેઓએ મોટું જૂઠ બોલ્યું હતું અને તે જૂઠ થકી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) પાસેથી ફદક છીનવી લીધો હતો અને આપણા બીબીને જુઠલાવ્યા હતા.

જાણી લો! જે કોઈ "તેને "સિદ્દીક" તરીકે બોલાવે છે તો તે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને અઝીય્યત પહોંચાડે છે.

યુવાનોએ આ શબ્દો પહેલા ક્યારેય નહોતા સાંભળ્યા. તેઓએ અખબાર અને બીજા માધ્યમોમાં "સિદ્દીક" લકબ કૂલા બિન કુલા માટે સાંભળ્યો હતો પણ તેઓ પોતાની જેહાલતના કારણે એમ બોલતા હતા.પણ તે રાત્રે જ્યારે તેઓની સામે હકીકત સ્પષ્ટ થઈ તો તેઓ સમજી ગયા...

મજલીસ પૂરી થાય છે અને તે તેમના એક દોસ્તના ઘરે આરામ કરવા જાય છે. બીજી રાત્રે જ્યારે તે મજલીસમાં જાય છે ત્યારે દરવાજા પાસે એક વૃદ્ધ વ્યક્તિને તેમની રાહ જોતા ઊભેલા જોવે છે. તે મજલીસના આયોજકોમાંથી એક હોય છે. જ્યારે તે વૃદ્ધ વ્યક્તિ તેમને જોવે છે, ત્યારે સલામ કરે છે અને કહે છે:"હાજ આકા! હું ઘણા સમયથી તમારી રાહ જોઈ રહ્યો છું. હું તમારી ખિદમતમાં હાજર છું. તમે મને જણાવો કે "મરહબા બેકુમ" નો શું અર્થ થાય છે?"

તે ખતીબ કહે છે: આ વાક્ય અરબ લોકો, બીજા લોકોને પ્રોત્સાહિત કરવા માટે કહે છે. ફારસી ભાષામાં, જ્યારે આપણે કોઈને પ્રોત્સાહિત કરવા ચાહીએ છીએ, ત્યારે આપણે કહીએ છીએ "શાબાશ, શાબાશ." આ વાક્ય અરબી ભાષામાં "મરહબા બેકુમ" તરીકે વપરાય છે.

જ્યારે તે ખતીબ, તે વૃદ્ધ વ્યક્તિને આ બાબત સમજાવે છે ત્યારે વૃદ્ધ વ્યક્તિ ભાવુક થઈ જાય છે અને રડતા રડતા કહે છે: "હાજ આકા! મેં ગઈકાલે રાત્રે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને ખ્વાબમાં જોયા. આપ(સ.અ.)એ મને કહ્યું: મજલીસના ખતીબ પાસે જાવ અને મારા તરફથી તેમને "મરહબા બેકુમ" કહેજો. જ્યારે હું જાગ્યો, ત્યારે મને ખબર નહોતી કે આ વાક્યનો અર્થ શું થાય

છે. પરંતુ હવે હું સમજી ગયો છું કે ગઈકાલે રાત્રે તમારા શબ્દોએ બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ને ખુશ કરી દીધા હતા."

જ્યારે તે આ સાંભળે છે ત્યારે રડવા લાગે છે. તે મિમ્બર પર જાય છે અને યુવાનોને આ બનાવ બયાન કરે છે કે જેથી તેઓ જાણે કે બીબી ફાતેમા ઝહરા(સ.અ.) તેમના દુશ્મનોથી કેટલા નારાઝ અને ગઝબનાક છે.

તે યુવાનોને કહે છે કે બીબી ફાતેમા ઝહરા(સ.અ.) "તબર્રી" ના સ્પષ્ટ મિસાલ (ઉદાહરણ) છે. તબર્રી એટલે દુશ્મનાને ખુદાના દુશ્મન બનવું અને તવલ્લી એટલે અલ્લાહના દોસ્તોના દોસ્ત બનવું. હકીકતે દીન કંઈ નથી પરંતુ તવલ્લા અને તબર્રા એટલે કે આપણે અલ્લાહના દોસ્તોથી મોહબ્બત કરીએ અને અલ્લાહના દુશ્મનોથી નફરત કરીએ.

(કિતાબ: મેહરે મહેતાબ કરામાતે ફાતેમા : વાકેઆ નં.૧૨, પેજ નં.૪૫૦)

જ. જૌનના મસાયેબ પડે

## મજલીસ 13 મજલીસે અઝા કરવાથી 3 દુઆ કબુલ થઈ.

એહલેબૈતના શાયર હાજી અહમદ ખુરાસાની કિર્માન શહેરમાં આવ્યા હતા. તેઓએ શેખ રઈસના ઘરે એક વાકેઓ વર્ણવ્યો કે:"ઘણા વર્ષો પહેલા મારી સાથે એક એવો બનાવ બન્યો હતો કે હું એટલો કર્ઝદાર થઈ ગયો કે છેલ્લા બે વર્ષથી મજલીસે અઝા બર્પા કરી શક્યો ન હતો.

એક રાત્રે હું ખ્વાબમાં હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ની પવિત્ર ખિદમતમાં પહોંચ્યો અને અરજ કરી: "આકા! મારા વાલેદૈનની મગફેરત માટે દુઆ કરજો. આકા! હું ખાનએ કાઅબા (મક્કા) જવા ઈચ્છું છું. આકા! હું ઘણો જ કર્ઝદાર છું, હું તે કર્ઝ અદા કરવા ઈચ્છું છું."

ઈમામે પુછ્યુ: "તમે છેલ્લાં બે વર્ષથી શા માટે મજલીસે અઝા ન કરી?

મેં અરજ કરી કે હું એટલો બધો કર્ઝમાં ડૂબેલો હતો કે મજલીસે અઝા આયોજન ન કરી શક્યો. ઈમામે ફરમાવ્યું: "અમારા જદ્દની અઝાદારીનો ખર્ચો

અમારા ઉપર છે, એ તમારા માટે ચિંતાનો સબબ નથી. તમારુ કર્ઝ પણ અદા કરી દેવામાં આવશે, તમે મક્કા જશો અને અલ્લાહ તમારા વાલેદૈનની મગફેરત કરશે."

હું ખ્વાબમાંથી બેદાર થયો અને મજલીસે અઝા બર્પા કરવા માટેની તૈયારી શરૂ કરી. મેં મજલીસે અઝા બર્પા કરી અને તેનો કુલ ખર્ચ ૬00 તુમાન થયો. અમુક દિવસ પછી મેં એક વેપારમાં બીઝનેસમાં બરાબર ૬00 તુમાનનો નફો મળ્યો. આમ અમુક સમયમાં જ ૧૫00 તુમાન મને મળી ગયા. આ પછી હું મક્કા ગયો અને થોડાક સમયમાં જ મારું કર્ઝ પણ અદા થઈ ગયું.અમુક સમય પછી મેં મારા વાલિદને ખ્વાબમાં જોયા અને તેમની હાલત વિશે પૂછ્યું. તેઓએ કહ્યું: "હું કૈદમાં હતો, પરંતુ હવે હું કૈદમાંથી આઝાદ થઈ ગયો છું."

મજલીસે અઝા કરવાથી તેમની 3 દુઆ કબુલ થઈ. 1 કર્ઝ અદા થઈ ગયું. 2. ખાને ખુદા ની ઝિયારત નસીબ થઈ , 3 વાલેદૈનની મગ્ફેરત થઈ.

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામ હુસૈન 38-39)

એક બીજો વાકેઓ સાંભળીએ.

"અલમજાલીસ અલહસનાહ" નામની કિતાબમાં છે કે :એક આલિમે આ કિસ્સો બયાન કર્યો કે એક નેકબખ્ત અને સાલેહ ઈન્સાને એક રાતે સ્વપ્નમાં હઝરત હબીબ ઈબ્ને મઝાહિર અસદી (અ.)ને જોયા.તેમણે હઝરત હબીબને કહ્યુ: "મારા સરદાર હબીબ! તમારું નસીબ તો દરેક રીતે ભવ્ય અને મહાન છે! તમે એ સહાબી છો જેમણે ખુદ રસૂલલ્લાહ સ.અ.વ.ની મુલાકાત લીધી છે, તેમની હદીસો સાંભળી છે.!

તમે કૂફા આવ્યા, અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.)નો  સાથ મેળવી લીધો અને આખરે કરબલામાં શહીદ થયા.! તમે તો શહીદોના સરદાર છો ! ન તો કોઈ તમારાથી આગળ ગયો છે, ન તો કોઈ તમને પહોંચી શકે છે.! આ શહાદત પછી તમારી કબ્રનો મકામ પણ એવો છે કે ઈમામ હુસેન (અ.સ.)ના ઝાએરો પહેલા તમારી જ ઝિયારત કરે છે અને જતા સમયે ફરી તમને સલામ

કરે છે.! તમારો મકામ જન્નતમાં અઅલા ઈલ્લીયીનમાં છે, નબીઓ, સિદ્દીકો અને સાલેહીન સાથે. કેટલો શાનદાર છે તમારો સાથ! તો હવે શું તમારાં દિલમાં કોઈ હજી તમન્ના બાકી છે? શું તમારું કોઈ એવું ખ્વાબ છે જે હજુ પુરું ન થયુ હોય?"

હઝરત હબીબે ફરમાવ્યું: "હા મને એક જ તમન્ના છે, કે કાશ હું દુનિયામાં ફરી પાછો જાઉં, મોઅમીનોની સાથે હુસૈની મજલીસમાં હાજર રહુ, ગિર્યા કરવાવાળાઓની સાથે ગિર્યા કરું, અને નોહાખ્વાનોની સાથે માતમમાં હિસ્સો લઉં...."(અલ મજાલેસલ હસનાહ, મોઅલ્લિફ: અહમદ હકીમ, પેજ 123)

મસાએબ :અહી હબીબ ઈબ્ને મઝાહિરના મસાયેબ પઢે

## <u>મજલીસ 14 એક ઈસાઈ માતા હઝરત ઝહરા સ.અ.ના વસીલાથી દીકરાની શિફા મેળવે છે.</u>

એક આલીમ હતા કે જેમણે ઘણા વર્ષોથી હવ્ઝામાં તઅલીમ હાંસિલ કરી હતી. તેમણે અંગ્રેજી ભાષા પણ શીખી હતી. શીઆનો એક સમૂહ વોશિંગ્ટન, યુએસએમાં રહેતો હતો. તેઓએ ત્યાં એક 'હુસૈનીય્યાહ' સ્થાપ્યું હતું અને ત્યાંના દીની પ્રોગ્રામોનું સંચાલન કરવા માટે કોઈની જરૂરત હતી. આ માટે તેઓએ તેમને આમંત્રણ આપ્યું અને તેમણે કબૂલ કર્યું. તે આલીમ વોશિંગ્ટન જાય છે અને 'હુસૈનીય્યાહ'ની પ્રવૃત્તિઓનું આયોજન કરવાની જવાબદારી સંભાળે છે.

એક દિવસ તે 'હુસૈનીય્યાહ' જવા માટે તેમના ઘરેથી નીકળે છે અને તેની કારમાં બેસે છે. રસ્તામાં તે એક ચાર રસ્તા પર લાલ સિગ્નલની રાહ જોતા રોકાઈ જાય છે. તેની કારની બારી ખુલ્લી હોય છે. ત્યારે એક ઔરત રડતા રડતા, તેમની પાસે આવે છે અને પૂછે છે:

"શું તમે ઈરાની છો?" તે જવાબ આપે છે: "હા, હું ઈરાની છું."

તેણી કહે છે: "મહેરબાની કરીને, મારા દીકરા માટે દુઆ કરો. તેને બ્લડ કેન્સર છે અને તે હોસ્પિટલમાં દાખલ છે અને તેની હાલત ખૂબ જ ગંભીર છે."

તે આલીમ તેણીને શબે જુમ્આના 'હુસૈનીય્યાહ'ની મજલીસમાં હાજરી આપવા માટે દાવત આપે છે અને તેણીને બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરવા કહે છે અને હુસૈનીય્યાહનું એડ્રેસ બતાવે છે. તેણી તેમનો શુક્રિયા અદા કરે છે અને ચાલી જાય છે.

તેણીના દેખાવ પરથી તેમને ખ્યાલ આવે છે કે તે એક ઈસાઈ ઔરત છે. તે વિચાર કરે છે કે શું તેણી ખરેખર આવશે. શબે જુમ્આ આવે છે અને ખરેખર તેણી હુસૈનીય્યાહમાં આવે છે. 'હુસૈનીય્યાહ'માં દાખલ થતા પહેલા તે ચાદર અને સ્કાર્ફથી પોતાને ઢાંકે છે.

તેણી તે આલીમ પાસે આવીને કહે છે: "હું ઈસાઈ છું. વર્ષો પહેલા જ્યારે મારા પતિ ઈરાનમાં ફરજ પર હતા, ત્યારે હું ઘણા વર્ષો સુધી ત્યાં રહી અને શીઆઓના અકીદાઓથી પરિચિત થઈ. આજે રાત્રે હું મારા દીકરાની શિફા મેળવવા માટે તૈયાર છું."

મજલીસ શરૂ થાય છે. તે આલીમ હદીસે કિસાઅ પઢે છે પછી બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ના નૌહા પઢે છે. લોકો રડે છે અને બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરે છે. તે ઔરત પણ રડે છે.

મજલીસ બાદ (ન્યાઝ) આપવામાં આવે છે. આલીમ તેણીને તેના દીકરા માટે થોડીક ન્યાઝ આપે છે. તે કહે છે: "મારો દીકરો ખાઈ શકતો નથી." તે આલીમ તેણીને કહે છે: "પોતાની સંપૂર્ણ કોશિશ કરો, તેને કંઈક આપો, ભલે પછી તે થોડું જ હોય."

થોડા દિવસો પછી જ્યારે તે આલીમ 'હુસૈનીય્યાહ'માં હતા ત્યારે તે ઔરત જોર જોરથી રડતી અંદર દાખલ થાય છે. બધાને લાગે છે કે તેનો દીકરો ગુજરી ગયો છે, પણ તેણી નજીક આવીને કહે છે: "મારા દીકરાને શિફા મળી ગઈ છે! તેની હાલતમાં સુધારો થયો છે."

જ્યારે ડોક્ટરોએ તેની તબિયતમાં સુધારો જોયો, ત્યારે તેઓએ એક બેઠક ગોઠવી અને કહ્યું: હઝરત ઈસા(અ.સ.)એ તેને શિફા આપી છે. પરંતુ મેં કહ્યું: મારો દીકરાને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની બરકતથી શિફા મળી છે.

તે ઔરત 'હુસૈનીય્યાહ' સાથેનો પોતાનો સંબંધ શરૂ રાખે છે. એક દિવસ તેણી બધાની સામે ઉભી રહીને જાહેર કરે છે: "મેં દીને ઈસ્લામ પસંદ કર્યો છે અને હું શીઆ બની ગઈ છું."

(મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ વાકેઆ નં.૧૪, પેજ નં.૫૫).

અહી ઝોહરે કઅના મસાએબ પડે.

## <u>મજલીસ 15 બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ થકી એક આલીમની શિફા</u>

એક આલીમ હતા કે જે ઈરાકમાં રહેતા હતા અને અરબી તેમની માતૃભાષા હતી. તેમને ફારસી અને અંગ્રેજી ભાષા પણ આવડતી હતી. તેમણે કરબલા હવ્ઝએ ઈલ્મીયામાં તઅલીમ હાસિલ કરી હતી અને તે ઓલુમે અહલેબૈત(અ.સ.)થી સંપૂર્ણપણે માહિતગાર હતા.

તે શિયાઓને દીની તઅલીમાત આપવા અને મજલીસ પઢવા વિવિધ દેશોમાં સફર કરતા. મોહર્રમના દિવસોમાં તે કુવૈત ગયા હતા અને 'અલ-યાસીન' હુસૈનિયાહમાં દર્સ આપ્યો હતો અને મસાએબ પઢયા હતા.

તે લંડનમાં પણ શિયાઓને દર્સ આપવા માટે ગયા હતા. આ સફર દરમિયાન, તે બીમાર પડી ગયા અને હોસ્પિટલમાં દાખલ થયા. એક યહૂદી ડૉક્ટરે યોગ્ય સમય જોતા તેમને એક ઈન્જેક્શન આપ્યું જેનાથી તેમને લકવો થઈ ગયો. તેણે દુશ્મનાવટમાં તેમની સાથે આ કાર્ય કર્યું કારણ કે તે જાણતો હતો કે તેમણે શિયા મઝહબની તરક્કીમાં એક મહત્વપૂર્ણ કિરદાર અદા કર્યો છે.

હોસ્પિટલના વડાએ તેમની તપાસ કરી અને બીજા ઘણા માહિર ડોકટરોને બોલાવ્યા. તેઓએ તેમને સાજા કરવાની કોશિશ કરી અને ઘણા ટેસ્ટ (પરીક્ષણ) કર્યા. આ કોશિશો અને ટેસ્ટ કર્યા પછી તેઓએ આ તારણ કાઢ્યું કે તેમને સાજા કરવાનો કોઈ રસ્તો નથી.

હોસ્પિટલના વડા તેમની પાસે આવ્યા અને કહ્યું: "બદનસીબે તમારે આખી જીંદગી પથારીમાં જ રહેવું પડશે. અમે કંઈ કરી શકતા નથી."

તેઓના આ શબ્દો સાંભળીને તેમનું દિલ તૂટી ગયું. તૂટેલા દિલ સાથે તેમણે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) સાથે એકાંતમાં આ રીતે તવસ્સુલ કર્યું: "અય બીબી! મેં વર્ષોથી તમારા દર પર ખિદમત અંજામ આપી છે. શું તમે મને યહૂદીઓ અને ઈસાઈઓ વચ્ચે એકલો છોડી દો તે યોગ્ય છે?" તે આ વાક્ય બોલતા હતા અને રડતા જતા હતા.

થોડીવાર પછી તેમની આંખો પર ઊંઘ છવાઈ ગઈ. તેમણે ખ્વાબમાં પોતાને કુવૈતના અલ યાસીન હુસૈનિયાહમાં જોયા. મોહર્રમની પહેલી રાત છે. તેમણે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને મિમ્બરની બાજુમાં બેઠેલા જોયા. આપ(સ.અ.)એ તેમને કહ્યું: "અય શૈખ! મિમ્બર પર જાઓ."

તેમણે કહ્યું: "હું લકવાગ્રસ્ત છું, હું કેવી રીતે મિમ્બર પર જઈ શકું?"

આપ(સ.અ.)એ જવાબ આપ્યો: "મિમ્બર પર જાઓ! જ્યારે તમારું શરીર મારા ફરઝંદ હુસૈન(અ.સ.)ના મિમ્બરને સ્પર્શ કરશે તો તમને શિફા મળશે."

તેમણે પૂછ્યુ: હું ક્યાં મસાએબ પઢું? આપ(સ.અ.)એ જવાબ આપ્યો: આ શેર પઢો. ولـزيـنب نُـوْحٌ لِـفَقْـدِ شَقِـيقِـها
. . . . . .

આ શેરનો તરજુમો આ મુજબ છે: "ઝયનબ(સ.અ.)એ તેમના ભાઈ ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદત પર ગમ વ્યક્ત કરતા કહ્યું: "અય હુસૈન! હું તારા ગમમાં કાળા કપડાં પહેરું છું અને મારી આંખોમાંથી આંસુઓનું પૂર વહે છે. અય મારા પ્યારા ભાઈ! આજે દુશ્મનોએ મારા ખૈમામાં આગ લગાવી દીધી

અને તેમાં મૌજુદ બધુ જ લૂંટી લીધું ત્યાં સુધી કે મારી મકના (હિજાબ) પણ લઈ લીધો. તેઓએ મારા હાથ બાંધી દીધા, મને અસિર કરી નાખી અને મારા શરીર પર ચાબુક માર્યા..."

તે આલીમ ખ્વાબમાંથી બેદાર થયા અને તે સમજી ગયા કે તેમની શિફા ક્યાં રહેલી છે. તેણે વિચાર્યું કે હવે તેમણે મોહર્રમની પહેલી રાત્રે કુવૈત જવું પડશે. (એ જ જગ્યાએ જ્યાં પહેલા તે મજલીસ પઢતા હતા).

મોહર્રમને થોડાક મહિના બાકી હતા. તેમણે કુવૈત જવા માટે સફરની તૈયારી કરી. તેમના દોસ્તોએ તેમને વ્હીલચેરમાં લઈને પ્લેનમાં બેસાડ્યા અને તે કુવૈત જવા માટે રવાના થયા.

મોહર્રમની પહેલી રાત્રે, તે હુસૈનીયાહમાં ગયા. તે વ્હીલચેરમાં મિમ્બરની પાસે બેઠા. તેમની પહેલા એક શખ્સે મસાએબ પઢયા. પછી તેમણે તેમના દોસ્તોની મદદથી મિમ્બર પર જઈને એ જ મસાએબ પઢયા. જ્યારે મજલીસ પૂરી થઈ ત્યારે તેમને એવો એહસાસ થયો કે તે ખુદ મિમ્બર પરથી પોતાની રીતે ઉતરી શકશે અને ખરેખર એવું જ થયું અને તેમને શિફા મળી ગઈ....

(મેહરે મહેતાબ કરામાતે ફાતેમા સ. અ.: વાકેઆ નં.૧૫, પેજ નં.૫૫)

અહી વહબે કલ્બીના મસાએબ પડે

## <u>મજલીસ 16 ગુમરાહ યુવાનની નામે ફાતેમાથી હિદાયત</u>

એક રેઝા નામે યુવાન શખ્સ હતો, જે તેહરાનમાં રહેતો હતો. તે બુરા દોસ્તો સાથે દોસ્તી કરી બેઠો હતો અને ગુનાહ અને નાફરમાનીથી બચતો ન હતો. તે શરાબ પીતો અને બુરી રીતે નશામાં રહેતો. તેના માતા-પિતા તેને ઘણી બધી નસીહતો કરતા પણ તે કંઈ સાંભળતો ન હતો. તે ઘણી વખત તેના માતા-પિતાને મારતો હતો. તે હિદાયતના રસ્તાથી ઘણો દૂર ભટકી ગયો હતો.

જ્યારે માહે મોહર્રમ આવ્યો ત્યારે તેની ઉમ્રના યુવાનો હુસૈનિયાહમાં અઝાદારી કરતા હતા જ્યારે કે તે ખ્વાહિશાતની પાછળ રહેતો હતો અને

પોતાનો મોજશોખને છોડતો ન હતો. તેને ઈમામ હુસૈન(અ.સ.)ની સાથે કોઈ સંબંધ ન હતો. તે ક્યારેય મજલીસમાં શિરકત કરતો ન હતો અને તે અઝાદારીમાં માનતો ન હતો.

શબે આશુરા આવી પહોંચી. તે પોતાના ગુનાહના કાર્યોમાં પડ્યો હતો ત્યારે એક શખ્સે તેને કહ્યું: "આજે શબે આશુરા છે. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના એહતેરામમાં ગુનાહ ન કર, આપ(સ.અ.) તને તેનો અજ્ર આપશે."

જ્યારે તેણે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)નું નામ સાંભળ્યું ત્યારે તેને એક વિચિત્ર લાગણી મહેસૂસ થઈ. તેણે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના એહતેરામમાં તે ગુનાહનું કાર્ય છોડી દીધું અને ઘરે પાછો ચાલ્યો ગયો.

તેના માતાપિતા મજલીસમાં ગયા હતા અને તે ઘરે એકલો હતો. તેણે ચા પીધી અને તેને કંટાળો આવતો હતો. એટલે તેણે ટીવી શરૂ કર્યું કે જેમાં તેણે 'કરબલા'નું પવિત્ર જગ્યા જોઈ. તેણે ઈમામ હુસૈન(અ.સ.)નો પવિત્ર ગુંબજ અને રોઝો જોયો. ટીવી પર એક મસાએબ બયાન કરવામાં આવતા હતા. આ સાંભળીને તેનું દિલ ધ્રુજી ઉઠ્યું અને તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

આમ એક કલાક પસાર થયો. તેના પિતા મજલીસમાંથી ઘરે આવ્યા તો જોયું કે તેની તબિયત બરાબર ન હતી. એટલે પૂછ્યું: "આજની રાત્રે તે એવું શું ખાધું છે કે જેના કારણે તારી તબિયત બરાબર નથી? શું તને શબે આશુરાની હયા (શરમ) નથી?" આ સાંભળીને તે તેના પિતાના પગ પર પડી ગયો, તેમના પગને બોસો આપ્યો અને કહ્યું: "બાબા! હું ઈમામ હુસૈન(અ.સ.)માટે રડતો હતો. આ સાંભળીને તેના પિતાએ નવાઈ પામીને તેની તરફ નજર કરી. થોડીવાર પછી તેની માતા આવ્યા. તેણે તેમના હાથને બોસો આપ્યો અને તેઓ બંનેથી માફી ચાહી."

બીજા દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે, એક અવાજ સંભળાયો. અઝાદારી કરવાવાળાઓનું એક સમૂહ શેરીમાંથી હુસૈનિયાહ તરફ જતું હતું. તેણે તેના

પિતાનો કાળો શર્ટ, તેની માતા પાસેથી લીધો અને અઝાદારી કરવાવાળાઓના એ સમૂહ સાથે જોડાઈ ગયો. કોઈએ તેને માતમ કરવા માટે ઝંઝીર આપી. તેણે તેના વડે માતમ કર્યું. ઝોહરના સમય પહેલા તેઓ બધા હુસૈનિયાહ પહોંચ્યા. પછી બધાએ જમાતની સાથે નમાઝે ઝોહર પઢી.

નમાઝ પઢી લીધા પછી એક વૃદ્ધ માણસ તેની પાસે આવ્યો અને કહ્યું: "રેઝા! શું તમે અરબઈન માટે કરબલા જવા ચાહો છો?" તેણે કહ્યું: મારી પાસે પાસપોર્ટ નથી અને પૈસા પણ નથી.

તે વૃદ્ધ માણસે કહ્યું: હું તારા માટે પૈસા અને પાસપોર્ટની વ્યવસ્થા કરી આપીશ. બસ તું મને કહે કે તારે મારી સાથે કરબલા આવું છે કે નહીં.

તેણે કહ્યું: હા, હું આવીશ.

તે એ વૃદ્ધ માણસને જાણતો નથી અને તેને એ પણ ખબર નથી કે તેમણે તેને આમ કેમ કહ્યું. કોણે તેમણે તેની ભલામણ કરી? આ બધી વાતો એક રાઝ રહે છે.

અરબઈન પહેલા તે એ વૃદ્ધ માણસ અને બીજા યુવાનોના સમૂહ સાથે કરબલા ગયો. તેણે રસ્તામાં બીજાઓની મદદ કરી. કાફલાના લીડરે, તેના નેક અખ્લાકને જોયા.જ્યારે તે ઈમામ હુસૈન(અ.સ.)ના પવિત્ર રોઝામાં દાખલ થયો તો તેનામાં એક એવો ઈન્કેલાબ આવ્યો કે કલમ તેને બયાન નથી કરી શકતી.

પછી તે કરબલાથી પાછો ફર્યો. શબે જુમઆ, હુસૈનિયાહ પર એક મજલીસમાં તેણે ખિદમત અંજામ આપી. તે હવે ઈમામ હુસૈન(અ.સ.)નો ખાદીમ બની ગયો હતો અને આ વાત તેણે બધા લોકોને કહી. આ સાંભળીને તેના માતાપિતા ખૂબ ખુશ થયા અને તેના માટે દુઆ કરી.

સમય પસાર થયો. એક દિવસ કાફલાનો લીડર તેની પાસે આવ્યો અને કહ્યું: અમે ઉમરાહના સફર માટે જઈ રહ્યા છીએ? શું તું અમારી સાથે આવીશ?

તેણે કહ્યું: મારી પાસે પૈસા નથી.

કાફલાના લીડરે કહ્યું: અમારા કાફલાનો એક ખિદમતગુઝાર બીમાર પડ્યો છે. હું તને તેની જગ્યાએ લઈ જવા ચાહું છું.

તેણે કહ્યું: ઝાએરોની ખિદમત કરતાં વધુ બહેતર ખુશનસીબી બીજી કંઈ હોય શકે?

પછી તે મદીના ગયો, પવિત્ર પયગંબર(સ.અ.વ.)ના મુબારક રોઝા, જન્નતુલ બકીઅની કબ્રો અને અલ્લાહના ઘર (ખાનએ કાબા)ની ઝિયારત કરી.

આ સફર દરમિયાન તેણે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)નો ખૂબજ શુક્રિયા અદા કર્યો કારણ કે તે જાણતો હતો કે તેને આ કામયાબી આપ(સ.અ.)ની ઈનાયત થકી જ મળી હતી.

તે સફર પરથી પાછો ફર્યો. તેની માતાએ કહ્યું: "દીકરા, હું ઈચ્છું છું કે તું હવે લગ્ન કરી લે." તેણે તેની માતાની વાત માની લીધી. તેની માતાએ તેના માટે એક શરીફ છોકરી શોધી કાઢી. છોકરીના પિતા દૌલતમંદ હતા. એ નક્કી થયું કે તે લગ્નનો પ્રસ્તાવ મૂકવા જશે.

સગાઈ વખતે છોકરીના પિતા તેને કહે છે કે અલ્લાહે મને ફક્ત આ એક માત્ર દીકરી અતા કરી છે. મારી દીકરી, મારા દિલને ચહિતી છે. હું તારો ભૂતકાળ જાણું છું, પરંતુ હું મારી દીકરી તને એટલા માટે આપું છું કે મને ખબર છે કે તું ઈમામ હુસૈન(અ.સ.)નો ખાદીમ બની ગયો છે. તેણે તેમનો શુક્રિયા અદા કર્યો અને હંમેશા ઈમામ હુસૈન(અ.સ.)ના ખાદીમ રહેવાનો વાયદો કર્યો.

પછી છોકરીના પિતા કહે છે: "હું અને મારી પત્ની આ લગ્નથી ખુશ છીએ. હવે મારી દીકરીની સંમતિ જ બાકી છે. તેણીએ પોતાની જીંદગીનો નિર્ણય જાતે જ લેવો પડશે. હવે ઉઠો, તે રૂમમાં જાઓ અને મારી દીકરી સાથે વાત કરો. મને ઉમ્મીદ છે કે તમે કોઈ એક સમજૂતી પર પહોંચશો."

તેને ખ્યાલ આવ્યો કે અગર તેણીને તેના ભૂતકાળ વિશે ખબર પડશે તો.... આ વિચારીને તેના કપાળ પરથી ઠંડો પરસેવો છૂટી પડ્યો. તે ઉઠ્યો અને

રૂમમાં દાખલ થયો. છોકરી તેને જોઈને રડવા લાગી અને બેહોશ થઈ ગઈ. આ જોઈને બધા ગભરાઈ ગયા. આખરે શું થયું?

છોકરીને હોશમાં લાવી. તેણીના પિતાએ તેને પૂછ્યું: "અય મારી દીકરી! શું થયું?"

છોકરીએ કહ્યું: "બાબા! ગઈકાલે રાત્રે, મેં મારા ખ્વાબમાં જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને જોયા. આપ(સ.અ.)એ મને કોઈનો ફોટો બતાવ્યો અને મને કહ્યું, "કાલે, આ વ્યક્તિ તમને લગ્ન માટે પ્રસ્તાવ મૂકશે. તે ગુનાહગાર હતો પણ હવે તેણે તૌબા કરી લીધી છે. તે મારા ફરઝંદ હુસૈન(અ.સ.)નો ખાદીમ છે. તેને ના પાડશો નહીં."

હું ખ્વાબમાંથી બેદાર થઈ અને કોઈને આ વિશે કંઈ કહ્યું નહીં. હવે જ્યારે આ વ્યક્તિ 'રેઝા' મારા રૂમમાં દાખલ થયો ત્યારે મેં જોયું કે તે એ જ વ્યક્તિ હતો જેની જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)એ મને ભલામણ કરી હતી...

(મેહરે મહેતાબ કરામાતે ફાતેમા સ. અ.: વાકેઆ નં.૧૬, પેજ નં.૫૮)

અહી જ. હુર અ.સ. અને તેના ફરઝંદના મસાએબ પડે

## <u>મજલીસ 17 હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ થકી એક જર્મન છોકરીને મળેલ શિફા.</u>

એક સુન્ની ઔરત હતી, તે જર્મનીમાં વસીને એક અમીર વ્યક્તિના ઘરે કામ કરતી હતી. તેઓએ તેણીને એક રૂમ આપ્યો હતો અને માસિક પગાર પણ આપતા હતા. તેણી લગભગ ૧૦ વર્ષથી તે ઘરમાં રહતી હતી.

તેણી તેના જીવનથી ખુશ હતી અને અલ્લાહનો શુક્ર અદા કરતી હતી. આ પરિવારમાં એક નાની દીકરી હતી. તેણી તેને પોતાની દીકરીની જેમ ચાહતી હતી.

એક દિવસ તેણીને જાણ થાય છે કે છોકરીનું એક્સિડન્ટ થયું છે અને તેની પાંસળીઓ તૂટી ગઈ છે. તેણી, તે છોકરીના માતાપિતા સાથે હોસ્પિટલ દોડી

પડે છે. ડૉક્ટરો તેના પિતાને કહે છે: "તેનું ઓપરેશન ખૂબ જ ખતરનાક છે અને તે ઓપરેશન દરમિયાન મરી પણ શકે છે."

તેના પિતા રડવા લાગે છે અને તેની દીકરીને આ બાબત જણાવે છે. છોકરી જવાબ આપે છે: "ઓપરેશન દરમિયાન મરવા કરતાં તો સારું છે કે હું ઘરમાં જ મરી જાઉં." પિતા પોતાની દીકરીને ઘરે લઈ આવે છે.

મોટાભાગે તેણી તે છોકરીની પથારી પાસે બેસી રહે છે, ક્યારેક તેની આ હાલત પર રડે છે. એક દિવસ, છોકરી તેણીને કહે છે: "હું મારી સેહત પાછી મેળવવા માટે મારી બધી દૌલત આપવા તૈયાર છું, પણ હું જાણું છું કે હું ફરી ક્યારેય આ પથારી પરથી ઊભી નહીં થઈ શકીશ."

આ વાક્ય, તેણીના દિલને દુઃખ પહોંચાડે છે અને રડાવે છે. તેણી તેને કહે છે: " અમે શીઆઓ મુશ્કેલીના સમયે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરીએ છીએ અને અલ્લાહ પાસે તેમના એહતેરામમાં મદદ તલબ કરીએ છીએ." તેથી તું પણ તેમનાથી તવસ્સુલ કર, મને ઉમ્મીદ છે કે તને શિફા મળશે. તે છોકરી તેણીને તે શેહ્ઝાદીના વિશે પૂછે છે. તેણી કહે છે: "તે અમારા પયગંબર(સ.અ.વ.)ની દીકરી છે, તે આ દુનિયામાં ફક્ત ૧૮ વર્ષ જ રહ્યા, પરંતુ ઝાલીમોએ તેમના પર બહુજ ઝુલ્મ કર્યો અને તેમનો પેહલુ શિકસ્તા કરી નાખ્યો. હવે તું તૂટેલા દિલથી કહે: યા ફાતેમા(સ.અ.)! મને શિફા અતા કરો!"

તે છોકરી રડવા લાગે છે અને જોર જોરથી અને સતત કહેવા લાગે છે: યા ફાતેમા(સ.અ.)! યા ફાતેમા(સ.અ.)! તેના માતાપિતાએ પણ તે ઔરતના શબ્દો સાંભળીને તૂટેલા દિલ સાથે બીબી ફાતેમા(સ.અ.)થી તવસ્સુલ કર્યું.

તેણી પોતાના રૂમમાં જાય છે અને ગિર્યા કરવા લાગે છે અને કહે છે: યા ઝહરા (સ.અ.)! હું આ જર્મન બીમાર છોકરીને તમારા દર પર લઈ આવી છું, હું તમારાથી તેની શિફા ચાહું છું."

અમુક ક્ષણો પસાર થાય છે, છોકરીનો અવાજ હવે સંભળાતો નથી. તેણી તેના રૂમમાંથી બહાર આવીને જોવે છે કે છોકરી શિફા મળી ગઈ હોય છે.તે છોકરી તેણીને કહે છે: મને શિફા મળી ગઈ છે.

મેં હમણાં જ મારા ખ્વાબમાં જોયું કે એક ખાતુન  છે કે જે મારી પથારીની બાજુમાં બેઠા છે. તેમણે તેમનો હાથ મારા પેહલુ પર રાખ્યો અને કહ્યું: તું સેહતયાબ (તંદુરસ્ત) થઈ ગઈ છો. અચાનક મારા બધા જ દુ:ખાવા દૂર થઈ ગયા.  મેં તેમને પૂછ્યું: તમે કોણ છો?  તેમણે કહ્યું: "હું તે જ છું ,જેને તું બોલાવતી હતી."  છોકરી તેની પથારી પરથી ઉભી થાય છે અને પોતાના પગ પર તેના માતાપિતા પાસે ચાલીને જાય છે. તેઓ તેમની દીકરીને આ હાલતમાં જુએ છે અને નવાઈ પામે છે કે જે બિલ્કુલ હલનચલન કરી શકતી નહોતી અને હવે તે પોતાના પગ પર ચાલી રહી છે...

થોડા સમય પછી, તેઓ તે ઔરત સાથે ઈરાન જાય છે અને એક મહાન આલીમની મુલાકાત લે છે. પછી તેઓ આ વાકેઆને લીધે  દીને ઈસ્લામ કબૂલ કરી લે છે અને  શીઆ મઝહબ અપનાવી લે છે.

(મેહરે મહતાબ, કરામાતે ફાતેમા સ.અ વાકેઆનં.૧૭, પેજ નં.૬૫).

મસાએબ : સામાન્ય રીતે જયારે કોઈ પડી જાય અથવા મુંઢ માર લાગે તો પાંસળીઓ તૂટી જાય છે.બીજા હાડકાઓની જેમ પાંસળીઓ સરળતાથી તોડી કે જોડી શકાતી નથી.  પાંસળી તુટી જવાથી જયારે જયારે ઈન્સાન શ્વાસ લેય અથવા તો ઉધરસ આવે ત્યારે  તો તેને ખુબ જ  દુખાવો  થાય છે.

જ્યારે ઈન્સાનની ઈજાને રૂઝ આવે અને આરામ મળે ત્યારે જ તે પાંસળીના તુટી જવાના દર્દની પીડાથી રાહત મેળવે છે.  તેમજ આવા દર્દીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ અમુક મહીનાઓ સુધી સુતા રહે અને આરામ કરે તેમજ ઓછામાં ઓછુ હલન ચલન કરે જેથી તેમનું દર્દ ઓછું થાય અને જલ્દીથી રૂઝ આવે.

આપણા લાખો સલામ થાય  હઝરત  ફાતેમા ઝહરા (સ.અ.)ઉપર કે જેઓ આ હાલતમાં પણ વિલાયતની દીફાઅ માટે દરબારમાં ગયા અને લાંબા સમય સુધી દરબારમાં ઉભા રહ્યા અને હાકીમ સામે પોતાની દલીલો રજુ કરી. હઝરત અલી(અ.સ)ની વિલાયતની તબ્લીગ માટે સહાબીઓના ઘરે ઘરે ગયા. તદ્ઉપરાંત જ.મોહસીન (અ.સ.)ની શહાદતનો અને અલી (અ.સ.)ની તૌહીનનો મહાન સદમો દિલમાં લઈને રોજ બયતુલ હુઝન સુધી જતા હતા.

અલ્લાહ  હઝરત  ફાતેમા (સ.અ.) ને તકલીફ પહોંચાડનારાઓ ઉપર બેશુમાર લઅનત કરે અને અલ્લાહ તેમના આખરી ફરઝંદના ઝુહુરમાં જલ્દી કરે...આમીન

## મજલીસ 18 બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ના વસીલા થકી હિદાયત

એક શખ્સ ગલ્ફ (ખાડી) દેશમાં રહેતા હતા. તેની એક એવા પરિવારમાં પરવરિશ થઈ કે જે શીઆઓ પ્રત્યે દુશ્મનાવટ રાખતો હતો અને એહલેબૈત (અ.મુ.સ.)થી અજાણ હતો.

તેના પિતા એક આલીમ હતા, તેઓ એવું માનતા હતા કે શીઆઓ એહલેબૈત (અ.મુ.સ.) થકી શફાઅત માંગે છે. તેઓ તેને શિર્ક ગણતા અને તે દુશ્મને એહલેબય્તના  દિલમાં શીઆઓ પ્રત્યે નફરત હતી .

તે શખ્સ એક સરકારી કર્મચારી તરીકે કામ કરતા હતા. રાજ્ય સરકારે તેની ટ્રાન્સફર બીજા શહેરમાં કરી દીધી. તે તેની પત્ની અને નાની દીકરી સાથે ત્યાં ગયા. શહેરની વચ્ચે એક ઘર ખરીદ્યું અને પછી અઠવાડિયાના અંતે અને રજાઓ માટે દરિયા કિનારે એક ઘર ભાડે રાખ્યું.

થોડા સમય પછી એક શીઆ પરિવાર તેનો પાડોશી બન્યો. તેમની  એક દીકરી હતી કે જેની ઉમ્ર તેની નાની દીકરી જેટલી હતી. જ્યારે પણ તે સરકારી કામ માટે બહાર જતા ત્યારે તેની પત્ની તેની  દીકરીને તેમની પાસે છોડી દેતી, જેથી તે તેમના બાળક સાથે રમી શકે. ધીમે ધીમે  તેઓ વચ્ચે ગાઢ દોસ્તી બંધાઈ ગઈ.

એક દિવસ ઘરે તેણે તેની દીકરીને ધીમેથી "યા ફાતેમા, યા ફાતેમા." કહેતા સાંભળી. ચોંકીને તેણે તેની પત્નીને પૂછ્યું કે તેની દીકરીએ  આ ક્યાંથી શીખ્યું. તેને જાણવા મળ્યું કે તેની દીકરીએ આ વાત  તેની શીઆ પાડોશીની દીકરી  પાસેથી સાંભળી હતી.  ગુસ્સે થઈને તેણે તે પરિવાર સાથે વધુ સંબંધ રાખવાની મનાઈ કરી દીધી.

તેને દર ત્રણ મહિને પોતાના પિતાને મળવા જવાની આદત હતી. તેણે તેની દીકરીને "ફાતેમા" નામ ભૂલી જવા માટે ખૂબજ કોશિશ કરી પણ તે આમાં સફળ ન થયા. આ બાબતે તેની ચિંતા વધતી જતી હતી. આવતી કાલે તેને તેના પિતાને મળવા જવાનું હતું અને તેને એ ડર હતો કે કદાચ તેના પિતાને એવો શક ન થાય કે તે શીઆ થઈ ગયો છે.

તેને એક ખતરનાક બુરો વિચાર આવ્યો. ઘણી દલીલો પછી તેણે તેની પત્નીને આ બાબતે સમજાવી.

તે રાત્રે  તે તેની દીકરીને તેના દરિયા કિનારે આવેલા ઘરમાં લઈ ગયા. તેણીને તેના રમકડા વચ્ચે લિવિંગ રૂમમાં છોડીને, તેણે મેઈન દરવાજો બહારથી બંધ કરી દીધો અને લાઈટ પણ કાપી નાખી.  તે એવું ઈચ્છતા હતા કે તેણી ભૂખ અને પ્યાસથી મરી જાય જેથી તે તેનાથી છૂટકારો મેળવી શકે, કારણ કે તેને એવું લાગતું હતું કે તેણીનો રસ્તો તેને શીઆ બનવા તરફ દોરી જશે.

તે ગાડીમાં જવા લાગ્યા. હજી થોડાક દૂર ગયા ન હતા કે તેની પત્નીએ પાછળ જોયું કે ઘર લાઈટથી ઝળહળતું હતું.  તે નવાઈ પામતા, રોકાઈ ગયા. આ કેવી રીતે બની શકે? તેણે તો લાઈટ કાપી નાખી હતી અને તેની દીકરીને અંધારામાં રડતી એકલી છોડી દીધી હતી.

તે દોડીને પાછા ફર્યા. દરવાજો ખોલ્યો તો તેણે તેની દીકરીને લિવિંગ રૂમમાં શાંતિથી બેઠેલી જોઈ. તેણીની સામે ખોરાક અને ફ્રેશ પાણી સાથે દસ્તરખ્વાન બિછાવેલું હતું. હવા ખુશ્બુથી મહેકી રહી હતી. તે ખુશીથી રમી

રહી હતી, ધીમેથી દોહરાવી રહતી હતી: "યા ફાતેમા, યા ફાતેમા." તેની મા એ તેણીને ગળે લગાડી અને પૂછ્યું: "મારી દીકરી, અમારા જવા પછી, તારી પાસે કોણ આવ્યું હતું?"

નાની છોકરીએ જવાબ આપ્યો: "એક પર્દાદાર ખાતુન આવ્યા હતા. તેમણે મને ખોરાક અને પાણી આપ્યું. મેં તેને પૂછ્યું: 'તમે કોણ છો?' તેમણે જવાબ આપ્યો: 'હું તે જ છું જેને તું બોલાવી રહી હતી, હું ફાતેમા છું. તે ખૂબ જ દયાળુ હતા. તેમણે મને કહ્યું: 'ટૂંક સમયમાં જ તારા માતા-પિતા પાછા આવશે.' તમે આવ્યા ત્યાં સુધી તે મારી સાથે રહ્યા.

આ સાંભળીને તેની પત્ની રડી પડી. તેનું પણ દિલ તૂટી ગયું; તેનો શૌહર પણ જોર જોરથી રડવા લાગ્યા અને કહેવા લાગ્યા: "યા ફાતેમા સ.અ. મને માફ કરો!." તે જ ક્ષણથી તેમણે તેનો રસ્તો પસંદ કર્યો. તેણે બધા જોખમોને સ્વીકારીને શીઆ અકીદો અપનાવ્યો, કારણ કે હવે તેને યકીન થઈ ગયું હતું કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) તેમને પુકારવા વાળાને ક્યારેય એકલા છોડી દેતા નથી.

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૧૮, પેજ નં.૬૮).

અહી જનાબે સકીના સ.અ.ના મસાએબ પડે.

## <u>મજલીસ 19 એ ભાઈ કે જેને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) થકી નજાત મળી.</u>

એક શખ્સ યઝ્દ શહેરમાં રહેતા હતા.તે તકવા અને ઈમાનદારી માટે જાણીતા હતા.તે ભરોસાપાત્ર હતા અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવતા હતા.તે અલ્લાહના શુક્રગુઝાર હતા.

પરંતુ એક બાબત તેમને પરેશાન કરતી હતી અને તે હતું તેમના ભાઈનું વર્તન. તેમનો ભાઈ, લોકોને મુશ્કેલી અને નુકસાન પહોંચાડતો હતો અને ગુનાહ કરવાથી રોકાતો ન હતો. ઘણી વખત, લોકો તેમની પાસે આવતા અને

તેમના ભાઈના વર્તન વિશે ફરિયાદ કરતા હતા. તે પોતાના ભાઈને ઘણી બધી નસીહતો કરતા પણ તેનો કોઈ ફાયદો થતો નહીં અને તેમનો ભાઈ પોતાના જ રસ્તે ચાલતો હતો.

એક દિવસ, તેમણે મશહદ જવાનું નક્કી કર્યું. તેમના દોસ્તોને આ બાબતની ખબર પડી એટલે તેઓ પણ મશહદ જવા માટે તૈયાર થયા. (તે સમયે, તેઓ ઘોડા અને ઊંટ દ્વારા મુસાફરી કરતા હતા).

એમ નક્કી થયું કે તેઓ બધા શુક્રવારના દિવસે, મશહદ જવા રવાના થશે. દરેક વ્યક્તિ, મશહદ જવા માટે સફરની તૈયારીઓ કરતા હતા.આ સફર માટે લગભગ 3 મહિના જેટલો સમય થતો હતો.

શુક્રવારનો દિવસ આવી પહોંચ્યો. તેમણે બધાને ખુદા હાફીઝ કર્યું અને શહેરના દરવાજા તરફ ગયા.અચાનક તેમણે પોતાના ભાઈને ઘોડા પર ઉભેલા જોયા કે જે સફર માટે તૈયાર હતા. તેમણે પોતાના ભાઈ તરફ મુતવઝ્ઝેહ થઈને કહ્યું: તમે ક્યાં જવા ચાહો છો?

તેણે જવાબ આપ્યો: હું તમારી સાથે મશહદ આવવા ચાહું છું.

તેમણે કહ્યું: મને ડર છે કે તમે તમારા સફર દરમિયાન લોકોને પરેશાન કરશો. તેણે કહ્યું: મારે તમારી સાથે કોઈ લેવાદેવા નથી. હું એટલા માટે તમારી પાછળ આવું છું કે હું ચાહું છું કે ઈમામ રેઝા(અ.સ.)ની ઝિયારત કરું કે જેથી આપ(અ.સ.) મારી શફાઅત કરે.

તેમણે સફર શરૂ કર્યો. તેમની સામે એક લાંબો રસ્તો હતો. તે સફરની મુશ્કેલીઓ સહન કરતા આગળ વધતા જતા હતા. તે નિશાપુર શહેરમાંથી પસાર થયા. મશહદથી થોડા ઘર દૂર, તેમનો ભાઈ બીમાર પડ્યો. તે રણની વચ્ચે ન કોઈ ડૉક્ટર હતો અને ન કોઈ દવા.

તે રાત્રે, તે એક જગ્યા પર રોકાયા. તેમના ભાઈનો તાવ વધતો ગયો અને અમુક કલાકો પછી તેમનો ભાઈ મૃત્યુ પામ્યો.

તેમણે તેને ગુસ્લો કફન આપ્યું અને તેના માટે નમાઝ પઢી. તેમણે ચાહ્યું કે પોતાના ભાઈને તે રણમાં દફનાવી દે કે અચાનક તેમણે ખુદ પોતાને કહ્યું: "મારો ભાઈ ઈમામ રેઝા(અ.સ.)ની ઝિયારત કરવા ચાહતો હતો, તે યઝ્દથી અહીં એટલા માટે આવ્યો હતો. એ સારું રહેશે કે હું તેની લાશને ઈમામ રેઝા(અ.સ.)ના પવિત્ર રોઝા પર લઈ જાઉં અને તેને તવાફ કરાવું અને પછી તેને દફનાવી દઉં."

તેમણે આ બાબત, તેમના દોસ્તોને કહી. તેઓ બધા સમંત થયા. તેમણે તેની લાશને તાબૂતમાં મૂકી અને તેને ઘોડા પર લાદીને મશહદ તરફ રવાના થયા.

જ્યારે તે પવિત્ર હરમ પર પહોંચ્યા ત્યારે તેમણે પોતાના ભાઈની લાશને પવિત્ર ઝરીઅનો તવાફ કરાવ્યો અને પછી તેને દફનાવી દીધો.

પછી તે તેમના ભાઈના અંજામ વિશે વિચારતા હતા. તે ઈમામ રેઝા (અ.સ.)ની શફાઅતની ઉમ્મીદ લઈને આવ્યો હતો. તેણે પોતાના ગુનાહોથી તૌબા કરી લીધી હતી.... તેનો અંજામ શું થયો?

અમુક દિવસો પસાર થયા. તે હજુ પણ પોતાના ભાઈ વિશે વિચારી રહ્યા હતા. રાત્રે, તેમણે ખ્વાબમાં પોતાના ભાઈને એક લીલાછમ અને સુંદર બગીચામાં સારી સ્થિતિમાં જોયા.

તેમણે તેને પૂછ્યું કે મૌત પછી, તેણે શું કર્યું. તેનો જવાબ આ હતો:

ભાઈ જાન! જ્યારે હું ગુજરી ગયો ત્યારે હું સળગતી આગમાં હતો, બધીય જગ્યાએ આગ હતી. મેં કેટલીય ચીસો પાડી પણ મને બચાવવા માટે કોઈ નહોતું. તમે મને તાબૂતમાં મૂક્યો અને તે તાબૂત પણ આગથી ભરાઈ ગયું. તમે મને હરમ સુધી લઈ ગયા ત્યાં સુધી હું રસ્તામાં આ રીતે બળી રહ્યો હતો. જ્યારે તમે હરમ પર પહોંચ્યા ત્યારે આગ અચાનક ગાયબ થઈ ગઈ અને હું મારી જાતને સંપૂર્ણ શાંતિમાં જોતો હતો.

જ્યારે તમે મને ઝરીઅની પાસે લઈ ગયા, ત્યારે મેં જોયું કે ઈમામ રેઝા(અ.સ.) ત્યાં ઊભા હતા અને માથું જુકાવેલું હતું અને આપ(અ.સ.) મારી તરફ ધ્યાન આપતા નહોતા. જ્યારે તમે મને ઝરીઅનો તવાફ કરાવતા હતા ત્યારે મેં એક વૃદ્ધ માણસને જોયા કે જેઓ કહેતા હતા:

"ઈમામ(અ.સ.)થી ઈલ્તેમાસ કરો કે જેથી આપ(અ.સ.) તમારી શફાઅત કરે." મેં ઈમામ(અ.સ.) તરફ મુતવજ્જેહ થઈને કહ્યું, "અય મારા આકા! મારી મદદ કરો અને મને નજાત અપાવો." પરંતુ ઈમામ(અ.સ.)એ મારી તરફ ધ્યાન ન આપ્યું. જ્યારે તમે મારી લાશને તવાફ કરાવી રહ્યા હતા ત્યારે ફરીથી મેં તે વૃદ્ધ માણસને જોયા જેઓ કહેતા હતા: "ઈમામ(અ.સ.)થી મદદ તલબ કરો! આપ(અ.સ.)ને તમારી શફાઅત કરવા માટે વિનંતી કરો."

તેણે કહ્યું: હું શું કરું? ઈમામ(અ.સ.) જવાબ આપી રહ્યા નથી.

તે વૃદ્ધ માણસે કહ્યું: જ્યારે તમને પવિત્ર હરમમાંથી બહાર લઈ જવામાં આવશે ત્યારે એ જ અઝાબ અને આગ, તમારી રાહ જોતા હશે અને તમારી પાસે કોઈ વિકલ્પ રહેશે નહીં.

તેણે કહ્યું: મને કહો કે હું શું કરું કે ઈમામ(અ.સ.) મારી તરફ ધ્યાન આપે અને મારી શફાઅત કરે? તે વૃદ્ધ માણસે કહ્યું: આપ(અ.સ.)ને તેમની માદરે ગિરામી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની કસમ આપો! શું તમે નથી જાણતા કે ઈમામ(અ.સ.), તેમની માદરે ગિરામી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને ખૂબજ ચાહે છે?

જ્યારે મેં આ સાંભળ્યું ત્યારે હું રડવા લાગ્યો. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની મઝલુમિય્યતને યાદ કરીને મારું દિલ દુ:ખી થઈ ગયું. મારી આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા અને આ જ હાલતમાં હું ઈમામ(અ.સ.) તરફ મુતવજ્જેહ થયો અને કહ્યું: "મારી જાન, આપ(અ.સ.) પર કુરબાન થાય! "હું તમને તમારી માદરે ગિરામી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના હકનો વાસ્તો આપું છું કે મારી તરફ નિગાહ કરો અને મને નાઉમ્મીદ ન કરો."

જ્યારે મેં આમ કહ્યું ત્યારે ઈમામ(અ.સ.)એ મારા તરફ એવી રીતે નિગાહ કરી જેમ કે આપ(અ.સ.)એ પોતાના માદરે ગિરામી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) માટે આંસુ વહાવ્યા હોય અને આંસુએ આપ(અ.સ.)નું ગળું રોકી દીધું હોય.

ઈમામ(અ.સ.)એ મને કહ્યું, "જોકે તમે અમને તમારા માટે શફાઅત કરવાનો ખૂબજ ઓછો મૌકો આપ્યો છે, પરંતુ હું શું કરું? તમે મને મારી માદરે ગિરામી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના હકનો વાસ્તો આપ્યો છે!"

પછી મેં જોયું કે ઈમામ(અ.સ.)એ આસમાન તરફ હાથ બુલંદ કર્યા અને તેમના હોઠ હલાવ્યા, જાણે આપ(અ.સ.) મારી શફાઅત માટે ઝબાન ખોલી રહ્યા હતા અને મારા માટે દુઆ કરી રહ્યા હતા.

જ્યારે મેં આ જોયું ત્યારે મેં ઈમામ(અ.સ.)નો શુક્રિયા અદા કર્યો. તમે મારી લાશને હરમમાંથી બહાર નીકાળી અને હવે કોઈ પણ પ્રકારની આગ અને અઝાબ થતો નથી. હું સંપૂર્ણ આરામમાં છું. પછી મને આ બગીચામાં લાવવામાં આવ્યો કે જે તમે જોઈ રહ્યા છો.

(મેહરે મહેતાબ: વાકેઆ કરામાતે ફાતેમા સ.અ નં.૧૯, પેજ નં.૬૯)

મસાએબ: અબ્દુલ્લાહ નામનો શખ્સ રીવાયત કરે છે કે મોહરમની 11મી તારીખની રાતે ખ્વાબની અંદર મેં જોયું કે હઝરત ઈમામ હુસૈન અલયહિસ્સલામ કરબલાના જંગલમાં માટી અને ખુનમાં ડૂબેલા પડ્યા છે અને તીર અને નેજા અને તલવારના 1950 ઝખ્મ આપના મુબારક શરીર ઉપર જાહેર હતા અને તે ઝખ્મોમાંથી લોહીનો સેલાબ જારી હતો એ બુઝુર્ગવારની આ હાલત જોઈને હું ડરી ગયો અને ખ્વાબમાંથી જાગ્યો અને ખૂબ જ રડ્યો

પછી 12મી મોહરમની રાતે જ્યારે હું સૂતો તો ફરીથી સપનામાં ઈમામને જોયા અને જોયું કે આપના ઝખમો એકદમ સારા થઈ ગયા છે. મેં અરજ કરી મારા મા બાપ તમારી ઉપર ફિદા થાય. અય ફરઝંદે રસુલ ! ગઈ રાત્રે તમને

ખ્વાબમાં જોયા આપનું પૂરું બદન ઝખમોથી ચુર હતું અને આજે એ ઝખ્મોની કોઈ અસર નથી.

એ વખતે હઝરતે ફરમાવ્યું જાણી લે, ગીરયા કરવાવાળાઓના આંસુ મારા ઝખ્મોનો મલમ બને છે અય અબ્દુલ્લા ગઈ રાત્રે તે મારી હાલત જોઈ અને મારી હાલત ઉપર ગિર્યા કર્યું તેથી તારા આંસુઓ મારા ઝખ્મોનો મલમ થઈ ગયો. (કશ્કોલન્નુર 2/13 )

(દાસ્તાનહાએ અઝ અનવારે આસમાની દાસ્તાન નં. 41)

## મજલીસ ૨૦ સૈયદની ખિદમત અને ખ્વાબમાં પંજેતને પાકની દુઆ અને કરબલાની ઝિયારત નસીબ થઈ.

એક શખ્સ હતા, જેને તેહરાનના બજારમાં એક દુકાન હતી. ધંધો સારો હતો અને જીવન આરામદાયક હતું. શિયાળાની ઋતુ હતી અને બરફ પડ્યો હતો. મસ્જિદમાં ઝોહરની નમાઝ પઢ્યા પછી, તે તેની દુકાનમાં બેઠા. તેના એક દોસ્ત, તેની પાસે આવ્યા અને કહ્યું: "એક મોહતરમ સૈયદ છે, જેની હાલત ખૂબ જ ખરાબ છે. ગઈકાલ સુધી તેઓ એક ઘરમાં રહેતા હતા, પરંતુ હવે માલિકે તે ઘર પાછું માંગ્યું છે અને સૈયદને તે ઘર છોડવાની ફરજ પડી છે. તે તેની પત્ની અને બાળકોને ખુલ્લા, રૂમમાં છે. ખુબ ઠંડી છે. તેમની પાસે કોઈ ફર્નિચર નથી."

જેવી તેના દોસ્તે પોતાની વાત પૂરી કરી, તે ઉભા થયા અને તેને સૈયદ પાસે લઈ જવા કહ્યું. જ્યારે તે રૂમમાં દાખલ થયા, ત્યારે તેણે જોયું કે ઠંડી ખૂબજ વધારે હતી. ત્યાં ન તો કોઈ હીટર હતું ન તો કોઈ કાર્પેટ હતું, ફક્ત એક જૂનો ઘસાઈ ગયેલો ગાલીચો હતો.

તે તરત જ બજારમાં ગયા અને એક કાર્પેટ, એક હીટર અને બીજી જરૂરી વસ્તુઓ ખરીદી. તેણે તે બધું સૈયદના ઘરે પહોંચાડ્યું. તેઓ કેરોસીનના ઘણા બેરલ પણ લઈ ગયા. (કારણ કે તે સમયે બધા હીટર કેરોસીન પર ચાલતા હતા).

તેમણે કાર્પેટ પાથર્યું, હીટર સળગાવ્યું અને પછી તેમને ફળ, ગોશ્ત અને બીજી વસ્તુઓ ખરીદી આપી. તેણે રૂમ ગરમ થાય ત્યાં સુધી રાહ જોઈ અને એ વાતની ખાતરી કરી કે તેમને કોઈ પણ વસ્તુની અછત ન રહે. તેના પછી જ તેણે તેમને ખુદા હાફીઝ કહીને ઘરે પાછા ફર્યા.

ત્યાં સુધીમાં અંધારું થઈ ગયું હતું. બપોરથી રાત સુધી તે શખ્સ, સૈયદ અને તેના પરિવાર માટે કામ કરી રહ્યા હતા. થાક્યા પાક્યા તે ઘરે પહોંચ્યા, નમાઝ પઢી, રાતનું જમવાનું જમ્યા અને સૂઈ ગયા. સવાર પડતા પહેલા તેણે એક ખ્વાબ જોયું: પયગંબર(સ.અ.વ.), બીબી ફાતેમા ઝહરા(સ.અ.), ઈમામ અલી(અ.સ.), ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.), તેમના ઘરે આવ્યા.

બીબી ફાતેમા ઝહરા(સ.અ.)એ પયગંબર(સ.અ.વ.) તરફ રૂખ કરીને કહ્યું: "બાબા! આ શખ્સે મારા બાળકોની સંભાળ રાખી. મહેરબાની કરીને તેના માટે દુઆ કરો." પયગંબર(સ.અ.વ.) ઈમામ હુસૈન(અ.સ.) તરફ મુતવજ્જેહ થયા અને ફરમાવ્યું:"મારા દીકરા હુસૈન! તમે તેના માટે દુઆ કરો."

ઈમામ હુસૈન(અ.સ.)એ તેમના હાથ બુલંદ કર્યા અને ફરમાવ્યું: "અય અલ્લાહ! તેના ગુનાહોને માફ કર અને તેના પર રહેમ કર."

પયગંબર(સ.અ.વ.)એ ફરમાવ્યું: "મારા દીકરા હુસૈન, આ દુઆ પૂરતી નથી. તેના માટે ફરીથી દુઆ કરો." તો ઈમામ હુસૈન(અ.સ.)એ ફરીથી તેમના હાથ બુલંદ કર્યા અને ફરમાવ્યું: "અય અલ્લાહ! તેને મારી ઝિયારતની ખુશનસીબી અતા કર."

તે તેના ખ્વાબમાંથી ખુશીથી જાગી ગયા એ જાણીને કે તેના ગઈકાલના કાર્યથી હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ખુશ થયા હતા. થોડાક સમય પછી તેમને કરબલા સફર કરવાની તૌફીક નસીબ થઈ. તે સમયે, કરબલાની સફર કરવી, ખૂબ જ મુશ્કેલ હતી - ઘણા લોકો તેની તમન્ના કરતા હતા પણ તેઓને તે હાંસિલ ન થઈ. છતાં આ નેઅમત થકી તે કરબલા જઈ શક્યા.

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૦, પેજ નં.૭૫).

અહી મૌલા અબ્બાસ અ.સ. ના મસાએબ પડે.

## મજલીસ 21 હઝરત ફાતેમા સ.અ. થી તવસ્સુલ અને ઈમામ મહદી અ.સ. થકી મદદ

૧૩૫૦ હિજરીમાં મશહદ શહેરમાં એક સૈનિક રહેતા હતા. તેની ફરજ એક લશ્કરી બેરેક(સૈનિકનું રહેઠાણ)માં હથિયારખાનાનું ધ્યાન રાખવાની હતી.

એક સવારે જ્યારે તે પોતાના કાર્યના સ્થળે પહોંચે છે ત્યારે તેમને ખબર પડે છે કે ગોદામમાંથી પાંચ રાઈફલો(બંદૂકો) ચોરાઈ ગઈ છે. તે ખૂબ જ પરેશાન થઈ જાય છે. થોડા દિવસોમાં જ તેહરાનથી ઈન્સ્પેક્ટર આવવાના હોય છે. જ્યારે તેઓને ખબર પડશે કે પાંચ રાઈફલો ગુમ છે, ત્યારે તેઓ તેમને સજા કરશે. તે લશ્કરના નિયમો જાણતા હતા, કાં તો તેમને મૌતની સજા અથવા આજીવન કૈદની સજા થશે.

તે ખૂબ જ પરેશાન થઈ જાય છે. બેરેકની પાછળ એક પહાડ હોય છે. તે ત્યાં રાત્રિના સમયે જાય છે અને એક મોટા પથ્થર પાસે બેસીને રડે છે. તે ઈમામે ઝમાના હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ને આ મુસીબતમાંથી બચાવવા માટે મદદ માંગે છે. તે ત્યાં અમુક સમય રોકાય છે અને પછી ઘરે જાય છે.

થોડા દિવસો પસાર થાય છે, રાઈફલોની કોઈ જાણકારી મળતી નથી. ઈન્સ્પેક્ટરને આવવાનો સમય નજદીક થતો જાય છે. તે પરેશાન થાય છે. તે એ જ રાત્રે તે પહાડ પર જાય છે. તે ખૂબજ રડે છે અને આંસુ ભરી આંખો સાથે, તે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કરે છે અને કહે છે: "યા ફાતેમા(સ.અ.)! આપના ફરઝંદ ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ને મારી મદદ કરવા અને મને બચાવવા માટે તમે કહો." તે રડી રડીને દુઆ કરે છે...

એ રાત્રે તે ઘરે નથી જતા અને ત્યાં સૂઈ જાય છે. તેમના ખ્વાબમાં હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) આવે છે અને તેને કહે છે: "મેં તમારા માટે મારા ફરઝંદ મહદી(અ.સ.)ને ભલામણ કરી છે. તેહરાનની શેરી પર એક નાની કોફી શોપ છે. તમે કાલે ત્યાં જાવ."

તે ખ્વાબમાંથી બેદાર થાય છે. તેમને નમાઝ માટે અઝાન સંભળાય છે. તે ઘરે જાય છે અને નમાઝે સુબ્હ પઢે છે. પછી સવારે પ્રકાશ ફેલાતા તે તેહરાનની શેરી પર જાય છે, જે ઈમામ રેઝા(અ.સ.)ના હરમ પાસે હોય છે. તે એક કોફી શોપ પર જાય છે ત્યાં તે એક વૃદ્ધ માણસને લોકોને ચા પીરસતા જોવે છે.

તે થોડી રાહ જોવે છે પછી વૃદ્ધ માણસ પાસે જાય છે. તે તેનો પરિચય આપે છે અને કહે છે: "શું કોઈએ મારા બારામાં પૂછપરછ કરી છે?" વૃદ્ધ માણસ જવાબ આપે છે: "હા. એક યુવાન સૈયદ, તમારા બારામાં પૂછપરછ કરતા હતા. તે આવે ત્યાં સુધી તમે તેની રાહ જોવો."

તે ખુશ થાય છે અને બપોર સુધી રાહ જોવે પણ કોઈ આવતું નથી. તેમને એવું લાગે છે કે હું તે યુવાન સૈયદને મળવાને લાયક નથી અને સારું રહેશે કે હું મારી વિનંતીને કાગળના ટુકડા પર લખીને આ વૃદ્ધ માણસને આપી દઉ. તે કાગળનો ટુકડો લે છે અને આ રીતે લખે છે: "અય મારા આકા! આપ પર સલામ .હું આપ પર કુરબાન થાવ.આપની વાલેદા હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ના હકનો વાસ્તો મારી મદદ કરો અને મને આ મુશ્કેલીમાંથી બચાવો."

તે કાગળ કવરમાં નાખે છે અને વૃદ્ધ માણસને આપે છે અને કહે છે: જ્યારે તે યુવાન સૈયદ આવે ત્યારે તેને આ પત્ર રજૂ કરજો. તે કોફી હાઉસમાંથી ચાલ્યા જાય છે અને એક કલાક પછી પાછા આવે છે.

જ્યારે વૃદ્ધ માણસ તેમને જોવે છે અને તેમને બોલાવીને કહે છે, "તે યુવાન સૈયદ આવ્યા હતા. મેં તેમને તમારો પત્ર આપ્યો. તેમણે તેમાં કંઈક લખ્યું છે અને મને તે કવર તમને આપવા કહ્યું છે."

વૃદ્ધ માણસ તેમને કવર આપે છે. તે કવરને બોસો આપે છે અને આંખ પર લગાવે છે અને કવરને ખોલે છે, તેમાં લખેલું હોય છે: "ચોરોએ તે પાંચ રાઈફલોને કપડામાં લપેટીને બેરેકની પાછળના એ જ પહાડમાં જમીનની અંદર છુપાવી દીધી છે. રાઈફલો એ જ મોટા પથ્થરની બાજુમાં છે જ્યાં તમે રાત્રે રડતા હતા. ચોરો તે રાઈફલોને લેવા માંગતા હતા, પરંતુ કારણ કે તમે રાત્રે ત્યાં હતા તેઓ તે લઈ શક્યા નહીં. શક્ય તેટલી વહેલી તકે ત્યાં જાઓ અને રાઈફલોને જમીનમાંથી બહાર કાઢો."

તે પત્રને ફરીથી બોસો આપે છે અને ઝડપથી બેરેકના પાછળના ભાગમાં પહોંચે છે. તે એ જ પથ્થર પર જાય છે, જમીન ખોદે છે અને ત્યાં રાઈફલોને જોવે છે. તે રાઈફલોને બેરેકમાં લઈ જાય છે અને ગોદામમાં રાખી દે છે અને આ રીતે તે મોટી મુશ્કેલીમાંથી બચી જાય છે.

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૧, પેજ નં.૭૬)

મસાએબ: અહી જનાબે ઝયનબ સ.અ.ની શહાદતના મસાએબ પડે

## મજલીસ 22 હઝરત ઝહરા સ.અ. થી તવસ્સુલ અને સખ્ત દર્દથી શિફા મળી.

જનાબ આકાએ શૈખ અબ્દુન્નબી અન્સારી દારાબી, જે કુમના હૌઝાના આલિમો માંથી છે, તેમની પાસેથી કેટલાક અજીબ બનાવો જાણવા મળે છે, જેમાંથી એક હું અહીં તેમના પોતાના લખાણોમાંથી ટાંકી રહ્યો છું:

"એક વર્ષથી મને તીવ્ર માથાનો દુખાવો અને ચક્કર આવવાની બીમારી હતી. હું શિરાઝમાં ત્રણ વખત, કુમમાં પાંચ વખત અને તેહરાનમાં ત્રણ વખત ઘણા ડોકટરો પાસે ગયો અને ઘણી દવાઓ અને ઈન્જેક્શન લીધા, પરંતુ આ બધાથી ક્યારેક જ રાહત મળતી હતી, અને ફરીથી બીમારી પાછી આવી જતી હતી.

એક રાત્રે, નબળાઈ હોવા છતાં, હું ખૂબ મુશ્કેલીથી નમાઝ (જમાત) માટે આયતુલ્લાહ બહજત સાહેબની મસ્જિદમાં ગયો, જેઓ તે સમયના પ્રખ્યાત

આલિમો માંથી એક છે. નમાઝ દરમિયાન મારી હાલત ખૂબ જ ખરાબ હતી, તેથી મારા એક મિત્રને ખબર પડી અને તેણે પૂછ્યું: 'શું તમે ખૂબ જ અસ્વસ્થ છો?' મેં કહ્યું: 'એક વર્ષથી મારી આ જ હાલત છે, અને હું જેટલા ડોકટરો પાસે ગયો અને દવાઓ લીધી, તેની કોઈ અસર થઈ નથી.'

તે પોતે પણ આલીમ હતા, તેમણે કહ્યું: 'આપણી પાસે ખૂબ સારા ડોકટરો છે, તમે તેમની પાસે જાઓ.' હું તરત જ સમજી ગયો, અને તેમણે આગળ ઉમેર્યું કે: 'તમે હઝરત ઝહરા (સ.અ.)થી તવસ્સુલ કરો, તમને ચોક્કસ શિફા મળશે.'

તેમની વાતની મારા પર ખૂબ અસર થઈ અને મેં તવસ્સુલ કરવાનો નિર્ણય કર્યો. હું એ જ અસ્વસ્થ હાલતમાં રસ્તા પર આવ્યો, જ્યાં બીજા એક આલિમ સાથે મુલાકાત થઈ, જેમણે પણ મને તવસ્સુલ કરવા માટે પ્રોત્સાહિત કર્યો. પછી હું હઝરત મા'સૂમા(સ.અ.)ના હરમ પર ગયો અને પછી ઘરે આવીને એક ખૂણામાં એકલાએ તવસ્સુલ અને રડવાનું શરૂ કર્યું અને હઝરત ઝહરા(સ.અ.)ને વસીલો બનાવ્યા, અને પછી સૂઈ ગયો.

અડધી રાત પસાર થઈ ગઈ હતી, મેં સ્વપ્નમાં જોયું કે એક મજલીસનું આયોજન થયું છે અને કેટલાક સૈયદો તેમાં હાજર હતા, અને તેમાંથી એક ઊભા થયા અને મારા માટે દુઆ કરી.

સવારે હું ઊઠ્યો, મેં મારું માથું હલાવ્યું, તો જોયું કે માથાનો દુખાવો અને ચક્કર આવવાના કોઈ આસાર ન હતા. હું ખૂબ ખુશ થયો અને તરત જ ખુશી સાથે મારા મિત્રોને મળ્યો અને કેટલાક લોકોને આમંત્રણ આપ્યું અને ઘરમાં મજલીસ અને માતમનું આયોજન કર્યું. અને ઈન્શાઅલ્લાહ હું આ મજલીસ અને માતમને જીવનના અંત સુધી ચાલુ રાખીશ. અને હવે આ બનાવને લગભગ આઠ મહિના થઈ ગયા છે, અલ્હમ્દો લિલ્લાહ મારી તબિયત ખૂબ સારી છે અને મારી તૌફીક ઘણી વધી ગઈ છે, અને હું સંપૂર્ણ ઉમ્મીદ સાથે દર્સ અને તબ્લીગના કામમાં મશ્ગુલ રહ્યો અને છું." (કરામાતે ફાતેમીય્યા, દાસ્તાન નં.10) અહી હઝરત કાસીમ અ.સ.ના મસાએબ પડે.

## મજલીસ 23 ફાતેમા ઝહરા(સ.અ.) ની મદદથી શીઆ બની અને તેને ઔલાદ મળી

એક મુસલમાન છોકરી હતી, જે શીઆ ન હતી. જે અલ્જેરિયામાં રહેતી હોય છે અને તે પરિવારની એક માત્ર દીકરી હતી . તેના લગ્ન કરવાનો સમય આવી ગયો હોય છે. એક છોકરો જેમાં બધા જ સારા ગુણો હોય છે, તે તેને લગ્ન માટે રિશ્તો મોકલે છે. તેણીના કુટુંબીઓ તે છોકરા સાથે તેણીના લગ્ન કરે છે. તેણી પોતાની જીંદગીથી ખુશ અને સંતુષ્ટ હોય છે.

ચાર વર્ષ પસાર થઈ જાય છે અને તે હજી સુધી ઔલાદ થતી નથી. તેણી ઘણા ડોકટરો પાસે જાય છે અને અને તેઓ કહે છે કે તેણીને ક્યારેય ઔલાદ નહિ થાય.

જ્યારે તેના પિતાને આ વિશે ખબર પડે છે, ત્યારે તેઓ તેમના બચતના પૈસા ભેગા કરે છે અને તેણીને ફ્રાન્સ ઈલાજ માટે મોકલે છે. તેણી ત્યાં થોડા મહિના સુધી રહે છે, ઘણો બધો ખર્ચ કરે છે પરંતુ અંતે નિરાશ થઈને તેણી પોતાના વતન પાછી ફરે છે.

એક દિવસ તેના સાસુ તેને કહે છે: "મારો દીકરો હવે વધુ રાહ ન જોઈ શકે. તેણે હવે તને છૂટાછેડા આપીને બીજી છોકરી સાથે લગ્ન કરી લેવા જોઈએ." આ વાક્ય તેણીના દિલને ઝખ્મી કરી દે છે.

એક દિવસ તેણી બજારમાં જઈને ઘરે જવા માટે બસમાં ચઢે છે. બસના છેલ્લા ભાગમાં બે ખાલી સીટો હોય છે. તેણી તેમાંની એક સીટ પર બેસે છે. તેની બાજુની બીજી સીટ પર એક ખુલ્લી કિતાબ રાખેલી જોવે છે. તેણી આસપાસના લોકોને પૂછે છે: શું આ કિતાબ તમારી છે? તેઓ કહે છે: ના.

તેણી તે કિતાબ લેય છે અને તે પેજ કે જે ખુલ્લું હોય છે, તે વાંચે છે. તેમાં અરબીમાં એક શેર લખેલો હોય છે: તેનો તરજુમો આ પ્રમાણે છે:

"હું અલ્લાહનો શુક્ર અદા કરું છું કે મેં તે હાસિલ કરી લીધું કે જેની મેં કોશિશ કરી હતી: તે ખાતુન વિશે વાત કરવી કે જે પયગંબર(સ.અ.વ.)ની રૂહ

અને જાન છે. તે ઉમ્મે અબીહા છે. અય દુશ્મન! તેં તેમના પર આટલો ઝુલ્મ કેમ કર્યો? તેં તેમના દરવાજા પર આગ કેમ લગાવી? તેં તેણીને દરવાજા અને દિવાલ વચ્ચે કેમ કચડી નાખી ? તેં તેમના શરીર પર ચાબુકથી કેમ માર્યા ? અય કાતિલ! તેં તેમના હમલમાં રહેલા બાળકને કેમ મારી નાખ્યું?

અય મોહિબ્બે ઉમ્મે અબીહા ! તમે તેમના પર પડેલ મસાએબને ક્યારેય ભૂલશો નહીં!.

આ શેર વાંચીને તે ગમગીન થઈ જાય છે. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગે છે.તેણી વિચારે છે કે આ ખાતુન કોણ હશે કે જેમના પર આટલો ઝુલ્મ થયો છે? તેણી ઉમ્મે અબીહા કોણ છે, તે જાણતી નથી.

(અલ્જેરિયા જેવા દેશોમાં લોકોને એહલેબય્તથી દૂર કરવાની ઘણી કોશિશો કરવામાં આવતી. ત્યાં રહ્યા વગર કોઈએ વિચારી પણ નથી શકતું કે લોકોએ પયગંબર(સ.અ.વ.)ની દીકરી વિશે એટલું ઓછું કેમ સાંભળ્યું હશે. દુશ્મનોની એક સાજીશ હતી.)

તેણી તે કિતાબ ઘરે લઈ જાય છે, તે શેર ફરીથી વાંચે છે અને રડે છે. તે બીબી પર થયેલ ઝુલ્મ, તેણીને ગમગીન કરી દે છે. તેણી પોતાના બાળકની ખ્વાહિશ રાખતા હતા અને વિચારતા હતા: "શા માટે તેઓએ તે બીબીના હમલમાં રહેલા બાળકને મારી નાખ્યું? તેઓએ તેમને દરવાજા અને દિવાલ વચ્ચે કેમ કચડી નાખ્યા?"

તેણી ખૂબ રડે છે અને તે દરમિયાન તેને ઊંઘ આવી જાય છે. તે ખ્વાબમાં પોતાને એક પથ્થર પર બેઠેલા જોવે છે જે આગની જેમ ગરમ હોય છે અને તે ત્યાંથી ઉભા થઈ શકતા નથી. અચાનક, નૂરાની ચહેરાવાળી એક બીબી તેમની તરફ આવે છે. તે તેણીનો હાથ પકડીને તેણીને તે પથ્થર પરથી ઉઠાવે છે અને પછી કહે છે: "આજે હું તમને બધા દુ:ખ અને ગમથી નજાત અપાવીશ."

તેણી પૂછે છે: "તમે કોણ છો?" તે બીબી જવાબ આપે છે: "હું ઉમ્મે અબીહા છું." તે ખ્વાબમાંથી બેદાર થાય છે તો જોવે છે કે ચારેય બાજુ ખુશ્બુ

ફેલાઈ ગયેલ હોય છે. તેણી પોતાના દુ:ખ અને ચિંતાઓ ભૂલી જાય છે. તેણીને એક ડોરબેલ સંભળાય છે. તેણી દરવાજો ખોલે છે તો જોવે છે કે તેમના પતિ કામ પરથી પાછા આવ્યા હોય છે. તેના પતિ ઘરમાં દાખલ થાય છે અને પૂછે છે: "આ સારી ખુશ્બુ ક્યાંથી આવી રહી છે? શું તે નવું પરફ્યુમ ખરીદ્યું છે?

તેણી તેના પતિને કહે છે: "કદાચ આ સારી ખુશ્બુ અહીં ગલીમાંથી આવી રહી હશે...".

બીજા દિવસે તેણી તેના પડોશીઓને પૂછે છે: ઉમ્મે અબીહા કોણ હતા?

તેમાંથી એક તેમને કહે છે: "આ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)નો એક લકબ છે, જે પવિત્ર પયગંબર(સ.અ.વ.)ની દીકરી હતા. ઉમ્મે અબીહા એટલે 'પોતાના પિતાની માતા કારણ કે આપ(સ.અ.)એ પયગંબર(સ.અ.વ.)ની એટલી મોહબ્બતની સાથે સંભાળ રાખી હતી કે પયગંબર(સ.અ.વ.)એ આપ(સ.અ.)ને આ લકબ આપ્યો હતો."

તે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) વિશે તહેકીક (સંશોધન) કરવાનું નક્કી કરે છે. તે જાણવા ચાહે છે કે આપ(સ.અ.)ની દાસ્તાન શું છે અને કોણે તેમના પર ઝુલ્મ કર્યો છે. તે તેના શહેરની લાઈબ્રેરીમાં જાય છે. ત્યાં તેમને આ વિષય પર કોઈ કિતાબ મળતી નથી. એટલે તે ઈન્ટરનેટ પર શોધ કરે છે. તે શીઆ સાઈટ્સથી પરિચિત થાય છે અને ઘણી કિતાબો વાંચે છે અને ધીમે ધીમે સચ્ચાઈથી માહિતગાર થાય છે. તેણીને એ બાબત સમજાય છે કે જેઓ પયગંબર(સ.અ.વ.) પછી ખિલાફત પર આવ્યા હતા, તેઓએ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) ઉપર ઘણો ઝુલ્મ કર્યો.

તેણીની તહેકીક ઘણા મહિના સુધી ચાલુ રહે છે અને અંતે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની ઈનાયતથી તેણી શીઆ બની જાય છે.

પછી એક દિવસ તેણીને પેટમાં દુ:ખાવો થાય છે અને તેણી ડૉક્ટર પાસે જાય છે. ડૉક્ટર તેને ખુશખબરી આપે છે કે તેણી માતા બનવાની છે,બે મહિનાથી ગર્ભવતી છે.

તેણી આશ્ચર્યચકિત થઈ જાય છે. તેણી ઘરે જાય છે અને પોતાના પતિને આ ખુશખબરી સંભળાવે છે. પછી તે બંને સજદાએ શુક્ર બજાવી લાવે છે. તેણીને ત્યાં એક દીકરાની વિલાદત થાય છે અને તેણી તેનું નામ "અલી" રાખે છે.

**(કિતાબ: મેહરે મહેતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૩, પેજ નં.૮૨)**

અહી જ. મુસ્લિમના ફરઝંદોની શહાદતના મસાએબ પડે

## મજલીસ 24 જ.ઝહરા સ.અ. થી તવસ્સુલ અને બરફના તુફાનમાંથી નજાત

**એક શખ્સ કુમ શહેરમાં રહેતા હતા અને દીની ઈલ્મની તઅલીમ હાંસિલ કરતા હતા. જ્યારે અય્યામે ફાતેમીયાહનો સમય આવતો ત્યારે તે અલગ અલગ શહેરોમાં મુસાફરી કરતા હતા કે જેથી બીબી ફાતેમા ઝહરા(સ.અ.) માટે અય્યામે ફાતેમીયાહનું આયોજન કરે અને મજલીસ પઢે.**

**એક વખત જ્યારે અય્યામે ફાતેમીય્યાહનો સમય પૂરો થયો, ત્યારે તેમણે પોતાના વતન પાછા ફરવાનું નક્કી કર્યું. તેમને પોતાના માતા-પિતાને મળ્યાને ઘણો સમય થઈ ગયો હતો. તે પોતાની પત્ની અને બે નાના બાળકો સાથે નીકળ્યા.**

**શિયાળાની ઋતુ હતી. ઘણા કલાકો સુધી ગાડી ચલાવ્યા પછી તેઓ એક પહાડી રસ્તા પર પહોંચ્યા. ભારે બરફ પડવા લાગ્યો અને આને કારણે રસ્તો દેખાતો બંધ થઈ ગયો અને થોડા સમય પછી આખો રસ્તો બંધ થઈ ગયો. એક પછી એક ગાડીઓની લાઈન લાગી ગઈ.**

**તેમણે પણ ગાડી રોકી દીધી અને ગાડીની અંદર તેમના બાળકો નજીક નજીક બેઠા હતા અને હીટર ચાલુ હતું. ચાર કલાક વીતી ગયા. સૂર્યાસ્ત નજીક હતો. પેટ્રોલ ખત્મ થઈ રહ્યું હતું. વાતાવરણ સખત ઠંડુ હતું અને બરફનું**

તોફાન શરૂ હતું. અંધારું છવાઈ રહ્યું હતું અને તેમને ખબર પડી ગઈ કે આશરે અડધા કલાકમાં જ બધું પેટ્રોલ પૂરું થઈ જશે.

તેમણે ગાડીને થોડીક આગળ ધકેલવાની કોશિશ કરી પણ ગાડી બરફમાં ફસાઈ ગઈ. તેમના ચહેરા પર ચિંતા છવાઈ ગઈ. તેમણે તેના બે બાળકો તરફ જોયું, તેમની ચિંતા ફક્ત તેમના બાળકો માટે હતી. ગાડીમાં ન તો કોઈ બ્લેન્કેટ હતા અને ન તો કંઈ ખાવા-પીવાની વસ્તુ હતી.

આવી પરિસ્થિતીમાં અચાનક તેમના મનમાં ઉમ્મે અયમનનો વાકેઓ યાદ આવ્યો. તે એ બીબી હતા કે જેમને અલ્લાહે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ની ખિદમત કરવા માટે ઈઝ્ઝત બક્ષી હતી.

એકવાર જ્યારે બીબી ઉમ્મે અયમન રણમાં ફસાઈ ગયા હતા અને ખૂબજ પ્યાસ લાગી હતી ત્યારે તેમણે આસમાન તરફ હાથ બુલંદ કર્યા અને કહ્યું: "યા અલ્લાહ! હું તે જ છું કે જેણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ની ખિદમત કરી હતી. શું તું મને અહીં પ્યાસથી મરવા દઈશ?"

પછી અલ્લાહે એક ફરિશ્તો મોકલ્યો જેણે તેમને એક પાણીનું વાસણ આપ્યું અને તે બીબી બચી ગયા. આ વાકેઓ તેમને યાદ આવ્યો અને તેમણે કહ્યું: "યા અલ્લાહ! હું અય્યામે ફાતેમીય્યાહમાં બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ની ખિદમત કરું છું...તને વાસ્તો જ.ઝહરા સ.અ.નો, તુ મારી મદદ કર "

થોડી વાર પછી તેમણે ગાડીમાંથી બહાર નીકળવા ચાહ્યું. બધું બરફથી ઢંકાઈ ગયું. સફેદ બરફ અને જોરદાર પવન સિવાય કંઈ દેખાતું નહોતું. અચાનક એક અવાજ સંભળાયો: "હાજ  આકા! હાજ આકા!" તેમને કોઈ બોલાવી રહ્યું હતું?  તેમણે એક યુવાનને હાથમાં પાવડો લઈને આવતો જોયો. તે નજીકના ગામથી આવ્યો હતો. તે નજીક આવ્યો અને તેમને ઈઝ્ઝત અને એહતેરામની સાથે ગળે લગાડ્યા કારણ કે તે આલીમોને ખૂબ જ ચાહતો હતો. ખાસ કરીને તે કે જે સૈયદ હતા.

તે યુવાને તેમને અને તેમના પરિવારને પોતાના ઘરે દાવત આપી. તેણે ઝડપથી તેના પાવડાથી રસ્તો સાફ કર્યો જેથી તેઓ તેમની ગાડીને સુરક્ષિત રીતે પાર્ક કરી શકે.  તે યુવાન બ્લેન્કેટ લઈને પાછો આવ્યો. તેમના બાળકોમાંથી એક બાળકને રજાઈમાં લપેટીને ઘરે લઈ ગયો. થોડી વાર પછી તે ફરીથી પાછો આવ્યો અને બીજા બાળકને પણ રજાઈમાં લપેટીને લઈ ગયો. તે અને તેમની પત્ની  તે યુવાનની પાછળ તેમના ઘરે ગયા.

તેઓ તેના ઘરમાં દાખલ થયા કે જે ગામની વચોવચ એક મોટું, આલિશાન, ખૂબસુરત ઘર હતું કે બહુજ ગરમ હતું.  બાળકો ખુશ થઈ ગયા અને ખુશીથી રમવા લાગ્યા. તેની પત્નીએ તેના માટે રાત્રિનું ભોજન તૈયાર કર્યું.

હવે અંધારું થઈ ગયું હતું. મગરીબની નમાઝનો સમય થઈ ગયો હતો. ગરમ પાણીથી તેમણે વઝુ કર્યું અને નમાઝ માટે ઉભા થયા.પછી તેમની સામે સ્વાદિષ્ટ ભોજન રાખવામાં આવ્યું. જેવું તે બેઠા જ હતા કે અચાનક તેમને યાદ આવ્યું કે તેઓ એક કલાક પહેલા કેટલા બેચૈન અને લાચાર હતા અને હવે હઝરત  ફાતેમા ઝહરા(સ.અ.)ના લુત્ફો કરમથી સુરક્ષિત, સુકુન અને શાંતિમાં છે.(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૪, પેજ નં. ૮૭).

અહી જ. ઉમ્મુલ બનીનની શહાદતના મસાએબ પડે

## મજલીસ 25 જ.ઝહરા સ.અ.થી તવસ્સુલ અને બિમાર પિતાને શિફા મળવું

એક આલીમે દીને લગભગ ૨૦ વર્ષ સુધી મદ્રેસામાં તઅલીમ હાંસિલ કરી.પછી તેણે એહલેબૈત(અ.મુ.સ.)ની દિફા (બચાવ) માટે એક કિતાબ લખવાનો ફેંસલો કર્યો. આ સફળતા આપવા બદલ તેણે અલ્લાહનો શુક્ર અદા કર્યો અને તેણે બીબી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) વિશે ઘણી બધી કિતાબો લખી છે. કિતાબ લખવાના આ સફર દરમિયાન, તેની સાથે ૬ વાકેઆત પેશ આવ્યા.

અહીંથી પહેલો વાકેઓ શરૂ થાય છે.

માહે રમઝાનનો સમય હતો. ઝોહરની નમાઝ પૂરી કર્યા પછી, તેને એક પરિચિત વ્યક્તિનો ફોન આવ્યો: "તમારા પિતાને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે એટલે તમે ઝડપથી અહીં આવો." તે તરત જ ત્યાં દોડી પડ્યા.

જ્યારે તે પોતાના પિતાની પથારી પાસે પહોંચ્યા, ત્યારે એક દોસ્ત આંખોમાં આંસુ સાથે તેની પાસે આવ્યો અને કહ્યું: "તમારા પિતાને બ્રેનસ્ટ્રોક (એવી બીમારી જેમાં દિમાગમાં લોહી પહોંચવાનું બંધ થઈ જાય) આવ્યો છે, તેમની તબિયત સારી નથી." તે તેના પિતાની પથારી પાસે ઊભા હતા. તેના પિતાની આંખો ખુલ્લી હતી, પણ તે બોલી શકતા ન હતા. તેણે પોતાના આંસુ રોકીને તેમના ચહેરા પર હળવેથી બોસો આપ્યો, જેથી તેઓ તેના આંસુ જોઈ ન શકે.

તેઓ પરિવારનો એક માત્ર દીકરો હતા. તેણે જલ્દીથી પોતાની બહેનોને ફોન કર્યો અને આ ખબર સંભળાવી અને તેમને તાત્કાલિક આવવા વિનંતી કરી. થોડી વારમાં તેઓ બીજા સગા સંબંધીઓ સાથે ત્યાં આવી પહોંચ્યા.જ્યારે તેઓએ તેમના પિતાને જોયા, ત્યારે તેઓ રડી પડ્યા. તેણે તેઓને શાંત કરવાની કોશિશ કરી.તે દિલમાં અંદરો અંદર રડવા લાગ્યા. તેના પિતા તેના માટે ખૂબ જ મોટો સહારો હતા. તેમણે બાળપણથી જ તેના માટે અથાક મહેનત કરી હતી અને તેની મદદ કરી હતી કે જેથી તે એહલેબૈત (અ.મુ.સ.) માટે કંઈક લખી શકે.

હવે તેના પિતા હોસ્પિટલની પથારી પર સૂતા હતા, બોલી શકતા ન હતા. તે આંખોથી તેને જોઈ રહ્યા હતા અને તેમની આ નજર, તેના દિલને દર્દ આપતી હતી. સ્ટ્રોકથી તેમનું અડધું શરીર અને તેમની ઝબાન લકવાગ્રસ્ત થઈ ગઈ હતી. કેવું ભવિષ્ય તેમની રાહ જોઈ રહ્યું હતું?

હોસ્પિટલનો સ્ટાફ તેમને વ્હીલ ચેરમાં મગજના સ્કેન માટે રેડિયોલોજી રૂમ તરફ લઈ ગયો. તેઓ તેમની સાથે સાથે ચાલતા હતા. હવે જ્યારે કોઈ તેમની આસપાસ ન હતું તો તેણે પોતાના પિતાની છાતી પર પોતાનું માથું

મૂક્યું. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા અને તેણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી વિનંતી કરતા કહ્યું: "યા ઝહરા સ.અ.! મારા માટે મારા પિતાને ગુમાવવાનું બહુજ જલ્દી કહેવાશે. હું આપ(સ.અ.)ને તેમની શિફા માટે દુઆ કરું છું. આપ જાણો છો કે મેં આપના માટે કેટલી કિતાબો લખી છે, અને કેટલા લોકોએ તે કિતાબ વાંચી છે અને આપની મઝલુમીયત પર આંસુ વહાવ્યા છે. હું તેમના આંસુઓ થકી આપને વિનંતી કરું છું કે મારા પિતાને શિફા અતા કરો."

પછી જ્યારે હોસ્પિટલનો સ્ટાફ તેમને સ્પેશિયલ વોર્ડમાં લઈ ગયો ત્યારે તેણે તેમના કપાળ પર બોસો આપ્યો. લગભગ નમાઝનો સમય થઈ ગયો હતો. માહે રમઝાનનો સમય હતો અને લોકો મસ્જીદમાં તેની રાહ જોઈ રહ્યા હતા. તેઓ મસ્જીદમાં ગયા અને નમાઝ પઢાવી અને પછી ઝડપથી હોસ્પિટલ જવા રવાના થયા.

રસ્તામાં તેમને એક ફોન આવ્યો કે: "તમારા પિતા સાજા થઈ ગયા છે, તેઓ ફરી બોલી શકે છે." તે ઝડપથી તેમની પાસે દોડી પડ્યા અને તેમને પથારીમાં બેઠેલા જોયા. તેણે તેમને સલામ કરી અને તેમણે તેના સલામનો જવાબ આપ્યો. બે દિવસ પછી તેમના પિતાને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. તેઓ પોતાના પગ પર ચાલીને ઘરે આવ્યા. તેમની પાસે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)નો શુક્રિયા અદા કરવા માટે પૂરતા શબ્દો નહોતા.

તે દિવસે બીજા ચાર દર્દીઓને પણ સ્ટ્રોક આવ્યો હતો, છતાં તેમાંથી કોઈ સાજા થયા નહીં. તેમાંથી ત્રણ દર્દીઓ મરી ગયા હતા, જ્યારે તેના પિતા તંદુરસ્ત થઈને પોતાની સામાન્ય જીંદગી તરફ પાછા ફર્યા અને ફરીથી કિતાબ લખવાના આ સફરમાં તેમનો સહારો બન્યા.

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ:

વાકેઆ નં.૨૫, પેજ નં.૯૦)

અહી ઈમામ સજ્જાદ અ.સ.ની શહાદતના મસાએબ

## મજલીસ 26 એક લેખકની ઈલ્તેજા (વિનંતી) અને શેહ્ઝાદી ફાતેમા અ.સ.ની મદદ

એક આલીમે દીને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) વિશે લખવા માટે ખુદને એકાંતમાં રાખ્યા હતા. આ દુનિયાથી તે શખ્સ, રૂમના નાના ખૂણા સિવાય બીજું કંઈ ઈચ્છતા નહોતા જ્યાં તે લખી શકે. આ એકાંતમાં તેના માટે જન્નતની ઝલક જેવી હતી.

તે દિવસે તેમનો સાત વર્ષનો દીકરો ઘરે રમી રહ્યો હતો. ત્યાં બીજું કોઈ ન હતું. તેની પત્ની મજલીસમાં ગઈ હતી. તેણે સતત લખવાનું શરૂ કર્યું, એક પછી એક પેજ ભર્યા અને ઈતિહાસનો ઊંડાણપૂર્વક સફર કરતા હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) પર થયેલ ઝુલ્મો સિતમને લખ્યા .

તે તેના આ કામમાં ડૂબેલા હતા ત્યારે અચાનક તેને કંઈક પડવાનો અવાજ સંભળાયો. એક ક્ષણ માટે તે રોકાઈ ગયા અને ધ્યાનથી સાંભળ્યું, પરંતુ પછી બીજું કંઈ સાંભળ્યા વગર તેણે એમ ધારી લીધું કે તે અવાજ બહારથી આવ્યો હશે અને ફરીથી તેના લખવાના આ કામમાં લાગી ગયા.

થોડોક સમય પસાર થયો અને પછી તેમને ખ્યાલ આવ્યો કે તેને હવે તેના દીકરાની રમવાની અવાજો સંભળાતી નથી. આ બાબતથી ચિંતાતુર થઈને તે ઉભા થયા અને બીજા રૂમમાં ગયા તો જોયું કે તેનો દીકરો ત્યાં ન હતો. તે દોડીને રસોડામાં ગયા અને જોયું કે તેનો દીકરો જમીન પર બેભાન પડેલો હતો. ફ્રિજનો દરવાજો ખુલ્લો હતો. તેણે ફ્રિજની ઉપર રાખેલ કંઈક વસ્તુ સુધી પહોંચવાની કોશિશ કરી પણ તે સંતુલન ગુમાવી બેઠો અને જમીન પર જોરથી માથું અથડાતા પડી ગયો.

તે ઝડપથી તેની પાસે દોડી ગયા. તેનો ચહેરો કાળો થઈ ગયો હતો.

તેણે તેને પોતાના હાથમાં ઉઠાવ્યો અને તેનું નામ ઊંચા અવાજે લીધું પણ કોઈ જવાબ ન મળ્યો.ગભરાહટથી તેનું દિલ ભરાઈ ગયું હતું અને તેની છાતી ભારી થઈ ગઈ હતી. પછી તે શેરી તરફ દોડી પડ્યા કે જેથી તેને હોસ્પિટલ

લઈ જઈ શકે. તે હજી પણ તેના ઘરના કપડામાં હતા, પરંતુ તેને પોતાની જાહેરી હાલતની પરવાહ ન રહી. એક આલીમે દીન જાહેરમાં આવી રીતે કેમ નીકળી શકે? છતાં હવે તેના દીકરા સિવાય તેના માટે કંઈ મહત્વનું નહોતું.

જ્યારે તે પોતાનો તે રૂમ કે જ્યાં તે લખતા હતા ત્યાંથી પસાર થયા ત્યારે તેણે સહજ રીતે બૂમ પાડી: "અય ફાતેમા(સ.અ.)! હું તો તમારા માટે લખી રહ્યો હતો..."તેણે હજી બહાર અમુક પગલાં જ લીધા હતા કે અચાનક તેના દીકરાએ આંખો ખોલી અને ધીમેથી કહ્યું: "બાબા!"

તે એટલા ગભરાઈ ગયા હતા કે તે જે બન્યું તેના પર વિચાર કરવા માટે પણ રોકાયા નહીં. તે ફક્ત શક્ય તેટલી વહેલી તકે હોસ્પિટલ પહોંચવા માંગતા હતા.એક પાડોશીએ તેને જોયા અને ઝડપથી છોકરાને તેના હાથમાંથી લઈ લીધો, જેથી તેને પોતાના કપડા બદલવાનો મૌકો મળે. પછી તે બંને સાથે હોસ્પિટલ ગયા.

હવે તેનો દીકરો હોસ્પિટલની પથારી પર સીધો બેઠો હતો, હસતો હતો. ડૉક્ટરે તેની કાળજીપૂર્વક તપાસ કરી અને તેને કોઈ પણ પ્રકારની ઈજા નિહાળી નહીં. તેમણે કહ્યું: "જો તેને આજે રાત્રે ઉબકા આવે તો તેને માથાના સ્કેન માટે પાછો લાવજો, જોકે મને નથી લાગતું કે તેની જરૂર પડશે."

તે ઘરે પાછા ફર્યા. તેનો દીકરો ફરીથી રમવા લાગ્યો હતો. તેનું કમ્પ્યુટર હજુ પણ ડેસ્ક પર શરૂ હતું અને તે ફરીથી લખવાના આ કાર્યમાં વ્યસ્ત થઈ ગયા કારણ કે તે જાણતા હતા કે શુક્ર અદા કરવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે તે કિતાબને પૂરી કરે અને યુવાનોને બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ની મઝલુમિય્યત વિશે જણાવે.

જ્યારે તેની પત્ની ઘરે આવી, ત્યારે બધું સામાન્ય લાગતું હતું અને તેણે એ યોગ્ય ન સમજ્યું કે તેણીને આ વાકેઓ જણાવીને ચિંતામાં મૂકે. ઘણા વર્ષો સુધી તેણે આ વાકેઓ કોઈને પણ જણાવ્યો નહિ.

પણ પછી છેવટે તેણે તેને જાહેર કરવાનું નક્કી કર્યું - કારણ કે તે ઈચ્છતા હતા કે લોકો જાણેકે  જો હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) માટે એક નાનું પગલું પણ ભરે છે, તો બીબી તેને ક્યારેય ભૂલતા નથી. (સલવાત )

(મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ.: વાકેઆ નં.૨૬, પેજ નં.૯૩)

અહી હઝરત અલી અસગર અ.સ.ના મસાએબ પડે.

## મજલીસ 27 આલીમે દીનની પત્નીની શિફા માટે હઝરત ફાતેમા સ.અ.એ દુઆ કરી.

એક આલીમે દીને  ફાતેમા ઝહરા(સ.અ.) વિશે લખવાનો રસ્તો પસંદ કર્યો હતો અને તેનો મોટા ભાગનો સમય તેમાં જ ફાળવતા હતા, પરંતુ ક્યારેક તે રૂહાની કારવાન (કાફલાના મઝહબી રેહનુમા) તરીકે હજ અને ઉમરાહના સફર માટે જતા  હતા.

તેને મદીના શહેર પ્રત્યે ખૂબજ મોહબ્બત હતી, તે હંમેશા તે ક્ષણોની રાહ જોતા હતા કે જેથી તે ફરીથી ત્યાં જઈ શકે. એક દિવસ તેહરાનના એક કાફલાના મેનેજરે તેને ફોન કર્યો અને એવું નક્કી થયું કે બે મહિનામાં તે તેમની સાથે ઉમરાહના સફર પર જશે.

લગભગ તે જ સમયે, તેની એક અરબી કિતાબે એક સ્પર્ધામાં ઉચ્ચ સ્થાન હાંસિલ કર્યું અને આયોજકોએ તેમને રોકડ ઈનામ આપ્યું. આ બાબતથી ખુશ થઈને, તેણે તેની પત્નીને આ સફર પર સાથે લઈ જવાનું નક્કી કર્યું કારણ કે તેણી પહેલાં ક્યારેય ત્યાં નહોતી ગઈ.  તેણે સફરની તૈયારી શરૂ કરી દીધી.બધું તૈયાર હતું - ફ્લાઇટ માટે ફક્ત બે જ દિવસ બાકી હતા.

જુમ્આના દિવસે તે કાફલામાં તકરીર આપવા માટે તેહરાન ગયા હતા. તે દરમિયાન, તેની પત્ની તેના નાના બાળક સાથે ઘરમાં એકલી હતી.

ઘરમાં કાર્પેટના એક ભાગને ધોવાની જરૂરત હતી અને તેણીએ તેના પાછા આવવાની રાહ ન જોઈ કે જેથી તેઓ બન્ને સાથે મળીને તે કાર્પેટ ધોઈ શકે.

તેણીએ કાર્પેટને આંગણામાં ખેંચી લીધો. જ્યારે તેણીએ તેના પર પાણી રેડ્યું, ત્યારે તે કાર્પેટનો વજન વધી ગયો. જેવું તેણીએ તેને સાઈડમાં લેવાની કોશિશ કરી કે અચાનક તેની પીઠમાં અસહ્ય દુ:ખાવો થયો.

જ્યારે તે તેહરાનથી પાછા ફર્યા, ત્યારે તેણે તેની પત્નીને દર્દથી પીડાતા જોઈ. ડૉક્ટરે તેમને કહ્યું કે તેણીને કરોડરજ્જુમાં તકલીફ પહોંચી છે અને તેને એક આખા મહિનાના આરામની જરૂરત પડશે, જેમાંથી ૧૦ દિવસ તે પથારીમાંથી બિલકુલ ઊભી થઈ શકશે નહીં.

તે ઘરે પાછા ફર્યા અને તેણીના આરામ કરવા માટે એક પથારીની વ્યવસ્થા કરી. ફક્ત થોડીક હલનચલનની સાથે તેણીનો દુખાવો વધુ તીવ્ર થઈ જતો હતો.

તેણે મનમાં વિચાર કર્યો કે હવે તેણી તેની સાથે સફરમાં જઈ શકશે નહીં. તે કાફલાના મેનેજરને ફોન કરીને આ બાબત જણાવવા ચાહતા હતા, પરંતુ જ્યારે તેણે ઘડિયાળ તરફ જોયું તો રાત ઘણી થઈ ગઈ હતી. પછી તેણે તેને સવારે ફોન કરવાનું નક્કી કર્યું. એક બીજી ચિંતા પણ તેને સતાવી રહી હતી કે કદાચ તે પોતે પણ આ સફરમાં નહી જઈ શકે.ઉમરાહના આઅમાલ માટે આશરે ૧૫૦ લોકો તેના પર નિર્ભર હતા. ફક્ત બે જ દિવસ બાકી હતા, ત્યારે તેની જગ્યા પર બીજા કોઈને શોધવું પણ અશક્ય હતું.  છેવટે, સાઉદી અરેબિયાના વિઝાની પ્રક્રિયામાં એક અઠવાડીયા જેવો સમય લાગે.

તે સમય દરમિયાન તેણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કર્યું અને તેમની પાસે મદદ માટે વિનંતી કરી. તે ખૂબજ થાકી ગયા હતા.સવારના ૫:00 વાગ્યાથી તેણે આરામ કર્યો ન હતો. જમીન પર માથું રાખતા જ તેને ઊંઘ આવી ગઈ. તેમણે ખ્વાબમાં જોયું કે કાળી ચાદર પહેરેલા એક મોહતરમ ખાતુન તેની પત્ની પાસે ઊભા છે અને તેણી માટે હાથ બુલંદ કરીને દુઆ કરી રહ્યા છે.

પછી તેના કાનમાં એક અવાજ આવી. તે તેની પત્ની હતી, જે ફજ્રની નમાઝ માટે ઉભી થઈ હતી. તેણે નવાઈ પામીને જોયું કે તેણી રુકુઅ અને સુજુદ કરી રહી હતી. ગઈકાલે રાત્રે જ તેણીને બેસીને નમાઝ પઢવામાં તકલીફ પડી રહી હતી અને તે પથારીમાંથી ઊભી થઈ શકી ન હતી. આખરે એવું તો શું થયું હતું?

તે પણ ઊભા થયા પોતાની નમાઝ અદા કરી. પછી તેણી ચાનો કપ લઈને તેની પાસે આવી. આ બધું જોઈને તે સજદામાં ગયા, તેના ચહેરા પરથી આંસુ વહી રહ્યા હતા અને તેણે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)નો શુક્રિયા અદા કર્યો.

બે દિવસ પછી તે અને તેની પત્નીએ પયગંબર(સ.અ.વ.)ના લીલા ગુંબજની સામે ઊભા રહીને ઝિયારત કરી. પછી તે બંને ઉમરાહ કરવા માટે મક્કા એ મોકર્રમહ ગયા. તેણીએ સફા અને મરવાહ વચ્ચેની 'સઈ' કે જે ૪ કી.મી.ની છે, તે કોઈ પણ પ્રકારના દર્દ કે તકલીફ વગર પૂરી કરી. (સલવાત)

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૭, પેજ નં.૯૫)

હઝરત મુસ્લિમ ઈબ્ને અવ્સજાના મસાએબ પડે

## મજલીસ 28 જન્નતુલ બકીઅમાં ગિરફ્તારી અને જ.ઝહરા સ.અ.ના કરમથી આઝાદી મળી

એક શખ્સ કે જે એક લેખક હતા, હજ માટે રવાના થયા. જ્યારે તે મદીના પહોંચ્યા, ત્યારે તેની કિતાબ વાંચનારા, તેના કેટલાક દોસ્તો તેને મળ્યા. એમ નક્કી કરવામાં આવ્યું કે બીજા દિવસે સવારે તેઓ બધા સાથે મળીને જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં જશે.

બીજા દિવસે, 'બકીઅ'માં તેણે નરમ લહેજામાં વિનંતી કરી:"યા ફાતેમા(સ.અ.)! હું મારા દિલની ગાંઠ ખોલી શકતો નથી; મેં ઘણી શોધ કરી,

પણ મને તમારી કબ્ર મળી નહીં."  પછી તેણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ની ઝિયારત પઢી અને તેના દોસ્તોએ પણ તેમની સાથે શાંતિથી ઝિયારત પઢી.

અચાનક એક વહાબી ગાર્ડ તેની પાસે આવ્યો અને તેને તેની સાથે આવવા કહ્યું. જ્યારે તેના દોસ્તો આ જોયું, ત્યારે તેઓએ વિરોધ કર્યો. ગાર્ડે તેને એક જોરદાર મુક્કો માર્યો, તેમનો હાથ સખ્તાઈથી પકડી લીધો અને તેને ખેંચીને લઈ ગયો. તેણે તેના દોસ્તોને શાંત રહેવા અને તેઓને  કોઈ બહાનું ન આપવા કહ્યું.

એક કલાક વીતી ગઈ. તે અસ્થાયી ગિરફતારીમાં હતા. તેઓએ  તેમનો ફોન લઈ લીધો હતો અને તેને કોઈનો કોન્ટેક્ટ કરવા ન દીધો. તેમને પ્યાસ લાગી હતી, પણ તેમને પાણી આપવામાં ન આવ્યું. જ્યારે તેણે થોડીક વાર માટે બેસવાની કોશિશ કરી ત્યારે ગાર્ડે તેને બૂમ પાડીને કહ્યું: "ઊભા રહો! તમને બેસવાની મંજૂરી નથી! તમને દિવાલ સામે ટેકો આપવાની પણ મંજૂરી નથી!"

તે ગાર્ડે તેમને ખૂબ જ જોરથી માર્યા અને તેના કારણે તેની પીઠમાં દર્દ થવા લાગ્યો. સમયાંતરે  તે ગાર્ડ હાંસી ઉડાવતો હતો: "અમે તને કોર્ટમાં મોકલીશું. જેલ તારી રાહ જોઈ રહી છે."

હજી એક કલાક વીતી ગઈ અને હજી પણ તેને ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી. તેને ખૂબજ પ્યાસ લાગી હતી. એક ક્ષણ માટે, તેણે મોહતરમ અને ઉચ્ચ મકામ ખાતુન હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ કર્યું અને તેમની પાસેથી મદદ માંગી, છેવટે તો તે તેમની ખોવાયેલી કબ્રના ઝાએર હતા....

દરવાજો ખુલ્યો. લાલ સ્કાફ પહેરેલ એક યુવાન અંદર દાખલ થયો. ગાર્ડ તે યુવાનના એહતેરામમાં ઊભો થયો અને તે શખ્સના બારામાં જણાવ્યું.

યુવાન નજીક આવ્યો અને પૂછ્યું: "તમારી હોટેલનું નામ શું છે?"

તેને ખ્યાલ આવ્યો કે તેઓ તેમને કોર્ટમાં મોકલવાની યોજના બનાવી રહ્યા છે. તેની હોટલનું નામ પૂછવાનો અર્થ એ હતો કે તેઓ ત્યાંથી તેનો પાસપોર્ટ લઈ લેવા માંગતા હતા અને તેને મુકદ્દમા માટે લઈ જવા માંગતા હતા.

તેણે સાંભળ્યું હતું કે જો કોઈને કોર્ટમાં "વ્યવસ્થા ભંગ" કરવા માટે દોષિત ઠેરવવામાં આવતો તો તેને ઓછામાં ઓછી 3 મહિનાની જેલની સજા થતી હતી.

તેણે જવાબ આપ્યો: "અનવાર અલ-ઝહરા." આ તે હોટેલનું નામ હતું જ્યાં તે રોકાયા હતા. જ્યારે તે યુવાને આ સાંભળ્યું, ત્યારે તેણે કહ્યું: "રઝીયલ્લાહુ અન અલ ઝહરા" (અલ્લાહ અલ-ઝહરાથી ખુશ થાય).

અરબ લોકો સામાન્ય રીતે જ્યારે કોઈ મૃત્યુ પામેલ વ્યક્તિ પ્રત્યે ઈઝ્ઝત અને એહતેરામ દર્શાવવા માંગતા હોય, ત્યારે 'રઝીયલ્લાહ' કહે છે. જ્યારે તેઓ એ  આ સાંભળ્યું, ત્યારે તે સહજ રીતે આગળ ઝૂક્યા અને તે યુવાનની છાતી (બરાબર તેના દિલ) પર બોસો આપ્યો.

(જ્યારે યુવાને બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ના નામનો એહતેરામ કર્યો, ત્યારે તે શખ્સે તેને બોસો આપ્યો; તે આલીમે દીનને ખુદ પોતાને પણ ખબર નહોતી કે આ કેવી રીતે થયું અથવા તો તેના દિલમાં આ ખ્યાલ કોણે મૂક્યો.)

જ્યારે તે યુવાને તેણે જે કર્યું તે જોયું, ત્યારે તે દંગ રહી ગયો. તે યુવાનને આ કાર્યની અપેક્ષા નહોતી.  ત્રણ કલાક સુધી  તેઓએ તે આલીમને રોકી રાખ્યા, તેની પીઠ પર માર માર્યો અને તેમને પાણીથી વંચિત રાખ્યા. આ બધું હોવા છતાં, તેણે બોસો આપ્યો. આ જોઈને તે યુવાન નવાઈ પામ્યો.

(તે સ્પષ્ટ હતું કે હજારો વહાબીઓમાં આ એક જ યુવાન હતો જે અલગ હતો કે જેણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ના નામનો એહતેરામ કર્યો.) યુવાને ગાર્ડને તે રૂમમાંથી ચાલ્યા જવા કહ્યું. ગાર્ડ ચાલ્યો ગયો. થોડા સમય પછી, તે યુવાને દરવાજો ખોલ્યો અને તેમને એક સાંકડા રસ્તામાંથી લઈ ગયો. થોડાક દૂર ચાલીને તે મુખ્ય દરવાજા સુધી પહોંચી ગયા. તે યુવાને દરવાજો ખોલ્યો

અને તેણે પયગંબર(સ.અ.વ.)નો લીલો ગુંબજ જોયો. તે યુવાને અંદર જઈને દરવાજો બંધ કરી દીધો. તે શખ્સ હવે આઝાદ હતા. ફરી એકવાર તેઓ જન્નતુલ બકીઅ તરફ ગયા અને શાંતિથી ઝિયારત પઢી....(સલવાત)

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૮, પેજ નં.૯૮).

અહી ઈમામ હુસૈન અ.સ. ની રુખ્સતીના મસાએબ પડે

## મજલીસ 29 જ ઝહરા સ.અ. ની ઈનાયત અને પ્લેન દુર્ઘટનામાં બચાવ (મૌત ૫ સેકન્ડ દુર હતું..)

એક આલીમે દીન હતા તેણે હજી ફક્ત પાંચ કિતાબો લખી હતી. તે એક લેખક તરીકેની તેના સફરની શરૂઆતમાં જ હતા. એક રાત્રે, તેણે એક લીલુ કપડું લીધું અને તેના પર લખ્યું: "એહલેબૈત(અ.મુ.સ.)ને વકફ" અને પછી તેને તેના કપાળ પર બાંધી દીધું. આ રીતે તેણે ખુદ પોતાની જાતને એહલેબૈત(અ.મુ.સ.)ને વકફ કરી દીધી....

તે જ રાત્રે તે મક્કાના સફરથી પાછા ફરી રહ્યા હતા. તે જીદ્દાહ એરપોર્ટ પર હતા, અલ્લાહનો શુક્ર અદા કરતા હતા કે તે આ સફરમાં પોતાની જવાબદારી પૂર્ણ કરી શક્યા અને તેણે ઉમરાહના મનાસિક અદા કરનારાઓ માટે એક બહેતરીન રેહનુમા તરીકે ખિદમત અંજામ આપી.

સાંજના ૮:00 વાગ્યા હતા. તે તેના કાફલા સાથે પાસપોર્ટ કંટ્રોલ ગેટ પર ગયા. તેણે તેનો પાસપોર્ટ એરપોર્ટ ઓફિસરને આપ્યો, જેમણે સઉદી અરેબિયાથી તેના બહાર નીકળવાની મહોર લગાવી દીધી. અડધા કલાક પછી, તે પ્લેનમાં ચઢ્યા. ફ્લાઈટ એટેન્ડન્ટે ફારસીમાં ખુશ આમદીદ (વેલકમ) કહીને તેમનો ઈસ્તેકબાલ કર્યો. તેની ફ્લાઈટ ઈરાનની હતી.

જ્યારે બધા લોકો બેસી ગયા, તેણે પણ તેનો સીટબેલ્ટ બાંધી અને રાહ જોઈ. પ્લેન ટેકઓફ માટે તૈયાર હતું, એન્જિન ગર્જના કરી રહ્યું હતું. પ્લેને સ્પીડ પકડી. આ તે જ ક્ષણ હતી જ્યારે તેણે જમીન પરથી ઉડાણ પકડી અને

ત્યારે જ અચાનક એક ભયાનક અવાજ સંભળાયો. પ્લેન રનવે પરથી પલટી ગયું. ચારે બાજુ ચીસો સંભળાતી  હતી. ભય અને ગભરાહટે બધાને ઘેરી લીધા હતા.

પ્લેનની નીચેથી આગની જ્વાળાઓ બહાર નીકળવા લાગી કે જે ફ્યુલ ટેન્કથી ફક્ત ૪ મીટર દૂર હતી. પ્લેન જોરથી ધ્રુજી ઉઠ્યું. તે ક્ષણે, બીજો કોઈ રસ્તો બચ્યો ન હતો સિવાય કે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)થી તવસ્સુલ: "યા ફાતેમા અદરેકેની.."

થોડીક ક્ષણ વીતી ગઈ. આખરે પ્લેન રોકાઈ ગયું. ફાયર ટ્રકો સાયરન વગાડતા તેની તરફ દોડી પડ્યા. તેઓએ ઝડપથી આગ ઓલવવાનું કામ કર્યું. ધુમાડાની ગંધ હવામાં ફેલાઈ ગઈ. પ્લેનના દરવાજા ખુલ્લી ગયા, અને ફ્લાઈટ એટેન્ડન્ટ્સે મુસાફરોને ઉતાવળમાં બહાર કાઢ્યા.

તે વેઈટિંગ હોલમાં દાખલ થયા. કેટલાક લોકો બેન્ચ પર બેઠા, કેટલાક લોકોએ ફોન પર વાત કરીને પોતાના પરિવારને કહ્યું કે તેઓ હવે સુરક્ષિત છે. અવાજ ખૂબ જ ભારે હતો; કેટલાક લોકો હજુ પણ રડી રહ્યા હતા.

તે એક ફ્લાઈટ એટેન્ડન્ટ પાસે ગયા અને તેની સાથે વાત કરી. તેણે તેને કહ્યું કે "આજે રાત્રે તમે મૌતથી ફક્ત પાંચ સેકન્ડ દૂર હતા અને તમે એક મોટી દુર્ઘટનામાંથી બચી ગયા છો. જ્યારે પ્લેને ટેક ઑફ માટે કોશિશ કરી તો તેના વ્હીલમાં આગ લાગી ગઈ. અગર આ દુર્ઘટના થોડીક સેકન્ડ પછી થઈ હોત, તો પ્લેન બેકાબૂ થઈ ગયું હોત અને ખબર નહીં શું થાત!"

ફરી એકવાર  તેણે તેનો પાસપોર્ટ સઉદી અધિકારીને આપ્યો, જેણે તેના પર દેશમાં ફરીથી દાખલ થવાની મહોર લગાવી. પછી તે હોટેલ પાછી જવાવાળી  બસમાં ચઢી ગયા. બસમાં, તેનો એક સાથી કે જે એક સૈયદ અને આલીમ હતા, તેની બાજુમાં બેઠા હતા.

તેણે તે સાથીને ફ્લાઈટ એટેન્ડન્ટે જે પણ કંઈ કહ્યું હતું તે જણાવ્યું. તે એક ક્ષણ માટે વિચારમાં પડી ગયા અને પછી જવાબ આપ્યો: "આપણામાંથી કેટલાક એવા છે જેમના અધૂરા કાર્યો છે. તેમણે એવા કામ શરૂ કરવા જોઈએ

જે હજી પૂરા કરવાની જરૂર છે. આજે રાત્રે અલ્લાહે તેમને અને આપણા બધાને વધુ સમય આપ્યો છે."

તે હોટેલ પહોંચ્યા. રૂમની ચાવીઓ બધાને આપવામાં આવી. ચા અને રાતનું જમવાનું તૈયાર કરવામાં આવ્યું. રાતનું જમવાનું જમી લીધા પછી, તે તેના રૂમમાં ગયા અને તે ભયાનક ક્ષણમાં બીબી ફાતેમા ઝહરા(સ.અ.)થી કરેલ તવસ્સુલ વિશે વિચારતા હતા. પછી તેણે તેના ભવિષ્ય વિશે વિચાર કર્યો...

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.૨૯, પેજ નં. ૧૦૧)

અહી ઈમામ હુસૈન અ.સ.ની શહાદતના મસાએબ પડે .

## મજલીસ 30 એક લેખકની દુન્યવી લાલચનું ઈમ્તેહાન, તૌબા અને તૌફીકનું પરત મળવું

એક શખ્સ કે જે લેખક હતા, તેણે ખુદ પોતાને એહલેબૈત(અ.મુ.સ.)ને વકફ કરી દીધા હતા. તેણે એક અહદ અને કરાર કર્યો હતો કે તે ફક્ત એહલેબૈત(અ.મુ.સ.)ના માટે જ લખશે.

છતાં, માણસ ભૂલ કરવા માટે પ્રવૃત્ત છે. ક્યારેક, દુનિયાની રોનક, આંખોને ચકરાવી દે છે અને શંકામાં નાખી દે છે.

તેનો એક કલાસમેટ જે તેની સાથે સ્કુલમાં ભણતો હતો, એક દિવસ તેને મળવા આવ્યો હતો. તેઓ બન્ને મિડલ સ્કૂલના ત્રીજા વર્ષમાં સાથે હતા. તે હંમેશા કલાસમાં સૌથી પહેલા રેન્કમાં આવતા જ્યારે કે તેનો મિત્ર હંમેશા કલાસમાં સૌથી છેલ્લા રેન્કમાં આવતો. તે તેના મિત્ર ની મદદ કરતા હતા કે જેથી તે પરીક્ષામાં પાસ થઈ જાય. તેનો આ કલાસમેટ હંમેશા તેની અક્કલમંદીથી રશ્ક કરતો હતો.

30 વર્ષ વીતી ગયા. એક રાત્રે, તેનો મિત્ર તેના ઘરે એક કારમાં આવ્યો કે જેની કિંમત ૨૦૦ મિલિયન (તુમાન) કરતા વધું હતી. તે ઘણા વર્ષો પછી,

તેહરાનથી તેનો શુક્ર અદા કરવા માટે આવ્યો હતો અને સાથે એક તોહફો પણ લાવ્યો હતો.

તે બન્નેએ એક કલાક સુધી સાથે વાતો કરી. તેનો મિત્રએ તેની ખુદની સંપત્તિ વિશે વાતો કરી રહ્યો હતો કે તેહરાનના ઉત્તરમાં તેની પાસે ૨૦ આલિશાન એપાર્ટમેન્ટ હતા, તેની કંપનીને કેટલી બધી આવક હતી, વિગેરે.

તેના બધા શબ્દો દુન્યવી બાબતો વિશે હતા અને તેના આ શબ્દોએ તે શખ્સના દિલમાં દુનિયા પ્રત્યેની મોહબ્બત પૈદા કરી દીધી.

જ્યારે તેનો સ્કૂલનો સાથી મિત્ર ગયો ત્યારે તેના શબ્દોના અંધકારે તેને ઘેરી લીધા હતા. તેણે લખવાનો રસ્તો પસંદ કર્યો હતો, પરંતુ તેના દોસ્તે દુન્યવી જીંદગીનો રસ્તો પસંદ કર્યો હતો. બસ તેના મિત્રની ફક્ત એક કારની કિંમત, તેની આખી જીંદગીની સંપત્તિ કરતા વધું હતી.

બીજા દિવસે સવારે, જ્યારે તે તેની જૂની કાર (જે છેલ્લા ૧૦ વર્ષથી ઉપયોગમાં હતી) માં બહાર જવા માટે ગયા, ત્યારે તે ખુદ પોતાની જાતને તેના વર્ગના સાથી મિત્ર સાથે સરખાવ્યા વિના રોકી શક્યા નહીં. કાશ! તે તેના કલાસમેટના રસ્તા પર ચાલ્યા હોત, તો આજે તે તેની જેમ પૈસાદાર હોત,

થોડા દિવસો સુધી, તે એ જ હાલતમાં રહ્યા. પરંતુ છેવટે તે આ દુન્યવી લાલચનો સામનો કરવામાં સફળ થઈ ગયા. પરંતુ તે બુરો વિચાર  તેની એક ભૂલ હતી અને આની તેના પર અસર થઈ અને તેને લખવાની ઈલાહી તૌફીકથી મને વંચિત કરી નાખ્યો. ખરેખર દુનિયા પ્રત્યે મોહબ્બત રાખવાવાળું દિલ, એહલેબૈત(અ.મુ.સ.) માટે લખવાની સઆદત (ખુશનસીબી) હાંસિલ નથી કરી શકતું.

કેટલી અજીબ બાબત હતી કે ૧૦૦ કિતાબો લખ્યા પછી, તેની કલમ અચાનક બંધ થઈ ગઈ હતી, આ બધું દુનિયા પ્રત્યેની મોહબ્બતને કારણે હતું.

મહિનાઓ વીતી ગયા. તેણે તેની જીંદગીના સૌથી મુશ્કેલ દિવસો સહન કર્યા, એવા દિવસો જ્યારે તેને લાગ્યું કે તેણે ખુદ પોતાની ઓળખ ગુમાવી

દીધી છે. અંતે તેમણે કરબલા જવાનું અને ઈમામ હુસૈન(અ.સ.)ના પવિત્ર રોઝામાં દુઆ કરવાનું નક્કી કર્યું.

જ્યારે તે કરબલામાં પહોંચ્યા, ત્યારે તે ત્યાં ખૂબ રડ્યા અને ઈમામ હુસૈન(અ.સ.)ને દુઆ કરી કે તેની પાસેથી  તેમની ખિદમત કરવાની તૌફીક છીનવી ન લે. ત્યાં તેણે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)ના નૌહા પઢયા. જ્યારે તેના ચહેરા પરથી આંસુ વહેતા હતા, ત્યારે તેના દિલને શાંતિ અને ખાતરી થઈ. તેને ખ્યાલ આવ્યો કે તે જ રાત્રે તેની દુઆ કબૂલ થઈ ગઈ હતી.

તે તેની હોટેલમાં પાછા ફર્યા. સુબહની અઝાનના સમયે તેણે ખ્વાબમાં હઝરત  ફાતેમા ઝહરા(સ.અ.)ને જોયા. આપ(સ.અ.) તેના ઘરમાં આવ્યા, તેની તરફ રહેમતની નજરથી જોયું અને હસ્યા.

(લેખક સાદાત માંથી હતા..)

આપ(સ.અ.)એ તેમની કિતાબો તરફ ઈશારો કર્યો, પછી તેને ફરમાવ્યું તેના લખવાના બધા જ કાર્યોમાં એક કિતાબ હતી કે જે આપને સૌથી વધુ પસંદ હતી. તે ખ્વાબમાંથી જાગી ગયા અને તે કિતાબનું નામ અને કવર ડિઝાઈન પણ યાદ હતું, પણ તેણે અત્યાર સુધી લખેલ બધી કિતાબોમાં, તે નામની અથવા તે વિશિષ્ટતા ધરાવતી કોઈ કિતાબ ન હતી! આ ખ્વાબ પાછળનું રહસ્ય શું હતું?

ત્યાર પછી તેને સમજાયું કે બીબી ફાતેમા ઝહરા(સ.અ.)એ તેની તૌબાને કબૂલ કરી લીધી છે. તેણે સજદએ શુક્ર અદા કર્યો.

જ્યારે તે તેના શહેરમાં પાછા ફર્યા, ત્યારે થોડા સમય પછી, તેની કલમનું તાળું તૂટી ગયું (ફરીથી લખવાની તૌફીક હાંસિલ થઈ) અને તેણે ફરીથી લખવાનું શરૂ કર્યું. ૪૦ દિવસ પછી, તેણે પોતાના ખ્વાબમાં નામ અને ડિઝાઈન સાથે જે કિતાબ જોઈ હતી તે જ કિતાબ પ્રકાશિત કરી.

(કિતાબ: મેહરે મહતાબ કરામાતે ફાતેમા સ.અ: વાકેઆ નં.30, પેજ નં.૧૦૪).

**અહી શામે ગરીબાના મસાએબ પડે.**

હદીસની રોશનીમાં  અમલ અને સવાબ

1. હાજત પુરી થવા , સલામતીઅને મુશ્કેલીથી નજાત માટે
આ નમાઝે ઇસ્તેગાસા પડેરીત :આ કિતાબનાપેજ 21 પર આપેલ છે.
2. રાત્રે સુતા પેહલા સુરે તકાસુર પડે ( ફીશારે કબ્રથી બચશે)
3. રાત્રે સુતા પેહલા આયતલ કુર્સીપડે ( પેરાલીસીસ લકવાથી બચશે)
4. રાત્રે વુઝુઅ કરીને સુવે . (પુરી રાત ઈબાદતનો સવાબ )
5. હંમેશા બાવુઝુઅ રહે ( રીઝકમાં વધારો અને શયતાનથી
હિફાઝતમાં રહે.
6. રાત્રે સુતા પેહલા 4 વખત તસ્બીહાતે અરબાપડે
(હજ અને ઉમરાહનો સવાબ )
7. સીજદે શુક્રમાં આયતલ કુર્સી પડે (જહન્નમના અઝાબથી મહફૂઝ રેહશે)
8. સુતા પેહલા ૧૦ વખત સલવાત પડે
( ૧૦૦૦ દીનાર સદ્કો આપવાનો સવાબ )
9. હઝરત ફાતેમા ઝહરા સ.અ.ના દુશ્મનો જીબ્ત અને
તાગુત પર લઅનત કરે( 7 કરોડ નેકીનો સવાબ )
10. સવારે દુઆ એ અહદ પડે
( દરેક શબ્દના બદલે 1000 નેકી,1000 ગુનાહ માફ )
11. રાત્રે સુતા પેહલા ત્રણ વખત સુરે અહદ પડે (પુરા કુરઆનનો સવાબ )
12. નમાઝ બાદ 10 વખત તસ્બીહાતે અરબાપડે
(1000 બલા દુર થાય, આખેરતમાં 1000 દરજ્જાત મળે).

---

**યુસુફે ઝહરા (અ.સ.) ભાગ – ૧ થી ૨૧**
**PDF Download માટે**
**www.yusufezehra.com ની મુલાકાત લ્યો.**